કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ



ચતુષ્ફલક લઘુગ્રહ · કલાકાર: એમ. સી. એશર (જુઓ કલાવાર્તા)

વર્ષ ૪૯મું · અંક ૬ઠ્ઠો · માહે જુન ઈ. સ. ૧૯૭૨
સળંગ અંક
૫૮૨
તંત્રી · બચુભાઈ રાવત

કુમાર

જૂન ૧૯૭૨ • અંક ૫૮૨

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૭૫

વાચકો લખે છે

નવેમ્બર'૭૧ના 'છેલ્લું પાનું'માં છે કે 'મીઠા વગર માણસ એક મહિનાથી વધુ સમય જીવી ન શકે.' આ વિષે શંકા રહે છે. બ્લડ પ્રેશરના દરદીઓ મીઠું બંધ કરે છે છતાં એ જીવે છે. મીઠું આજીવન ન ખાનારા ઘણા લોકો હોય છે અને સામાન્ય જન પણ અલૂણુંવ્રત લઈને મહિનાઓ મીઠા વગર રહે છે.

આથી 'મીઠું બંધ કરીને રીબાવી રીબાવીને મારવા' શક્ય છે કે નહિ એ વિષે શંકા રહે છે. અલબત્ત, ક્ષારતત્ત્વ આવશ્યક છે. પણ તે મીઠા સિવાય આપણે અનેક શાકભાજી, ફળો ને અનાજમાંથી પણ મેળવીએ છીએ. નિસર્ગોપચારશાસ્ત્રમાં મીઠું આવશ્યક ગણાતું નથી.

બીજી એક વાત: તોતાપુરી બાવાએ શ્રી રામકૃષ્ણ પરમહંસને રોજ પ્રાર્થનાની આવશ્યકતાના ઉદાહરણ માટે ચકચકિત કમંડળ બતાવીને કહેલું કે, 'અંતઃકરણ ધાતુપાત્ર જેવું છે. એને ધ્યાન-પ્રાર્થનાથી માંજવાથી કાટ ચડતો નથી.' આ પૂર્વાર્ધ છે. ઉત્તરાર્ધ નીચે પ્રમાણે છે: શ્રી રામકૃષ્ણ પરમહંસે કહેલું કે, 'અંતઃકરણ જો સોના જેવું શુદ્ધ કરી લઇએ તો પછી કાટ ન ચડે. એને તો ધ્યાન-પ્રાર્થનાથી માંજવાની જરૂર ન રહે.'

(દેવલાલી) —જયન્તીલાલ ઓઝા

∞

જાન્યુ. 'કુમાર'માં દમવેલનાં પાન અંગે: આ વાત મારા સ્વાનુભવે સાચી છે. તે મેળવવા માટે મારો ઉલ્લેખ થયો છે, પરંતુ મારું સરનામું અધૂરું છે તે નીચે મુજબ આપવા વિનતિ છે: ગીતા સૂર્યકાંત પરીખ, એ/૨ મનીલા ઍપાર્ટમેન્ટ્સ, અપંગ માનવમંડળ પાછળ, અટીરા પાસે, અમદાવાદ-૧૫.

આ નોંધ આપી એ દમના દર્દીઓ માટે ખૂબ ઉપયોગી છે. મેં મારા દમ પર અનેક ઉપાયો કરેલા તેમાં આ સર્વોત્તમ લાગ્યો છે.

(અમદાવાદ) —ગીતા પરીખ

∞

વિદ્યાર્થીજીવનમાં 'કુમાર' થોડીક જ કિંમતમાં મળતું ને વાંચતો. આજે તેની છૂટક નકલ ૧–૭૫ ઉપર આવી ગઈ છે. માસિક હજુ ચાલુ જ છે એ આનંદ અનુભવવા જેવી વાત છે, કારણ કે તેમાં મટીરીઅલ ઘણું ઊંચા પ્રકારનું અને જવલ્લે જોવા મળે તેવું આવે છે. તે માટે હજુ પણ મને માન છે. મને થાય છે કે તેનો ફેલાવો ગુજરાતી સમાજમાં વધુમાં વધુ કેમ કરવો? જેમ 'અખંડ આનંદ' સારા પ્રમાણમાં વેચાણમાં જણાય છે, પૂરતી જાહેરખબર મારફતે પણ લાભ ઉઠાવે છે, અને છૂટક નકલ પણ વાજબી ભાવે મળે છે, તેમ 'કુમાર' માટે પણ કોઈ એવી યોજના ખોળી કાઢો કે જેથી તે ફક્ત રૂ. ૧માં જ વેચાય. દરેક 'કુમાર'માં વર્ષને અંતે ગિફ્ટ–કૂપન જેવું બીડવું જેથી નવા આવનાર મિત્રોને કન્સેશનમાં લાભ મળે. આમ કરવાથી ફેલાવો વધે અને ગુજરાતી જનતાને લાભ મળે.

(મુંબાઇ) —દશરથલાલ શાહ

[* જાહેરખબરો પત્રના ફેલાવાના આંક ઉપર જ મળે છે. ગ્રાહકો વધુ થાય તો જાહેરખબરો વધુ મળે, જેનો લાભ લવાજમમાં અગર પૃષ્ઠ-સંખ્યા વધારીને ગ્રાહકોને આપી શકાય.]

∞

નીચેના અંકો મારે યોગ્ય કિંમતે કાઢી નાખવા છે: સને ૧૯૫૩–સપ્ટેમ્બર, ઑક્ટોબર નવેમ્બર, ડિસેમ્બર; ૧૯૫૪–બધા જ અંકો. ૧૯૫૫–જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ, મે અને જૂન. બધા જ અંકો સાથે આપવાના છે.

અશ્વિન કે. દેસાઈ, C/o ડૉ. કે. સી. દેસાઈ, દેસાઈ ટેકરા. મહુધા (જિ. ખેડા.)

માર્ચ અંકમાં 'વીર સાવરકર' પરના લેખમાં બહાદુરશાહે ૧૮૫૭માં રચેલી પંક્તિનો ઉલ્લેખ છે તે ખોટી જણાય છે. ખરેખર તો મારા માનવા મુજબ મૂળ પંક્તિ નીચે મુજબ છે:

ગાઝીઓમેં બૂ રહેગી જબ તલક ઈમાનકી,
તખ્તે લંડન તક ચલેગી તેગ હિંદુસ્તાનકી.

ઉપર્યુક્ત પંક્તિ અંગ્રેજોના વહીવટની સામેના બળવાનો નિર્દેશ કરે છે.

(વડોદરા) —યોગેન્દ્ર જાની

'કુમાર'ના જૂના અંકો વાંચતાં અંક ૪૫૮ પૃ. ૩૯ ઉપર શ્રી મોતીભાઈ નરસિંહભાઈ અમીન સંચાલિત 'પગરખાંની પરબ' સંબંધી વાંચતાં એવી બે અસામાન્ય પરબ યાદ આવી:

વેસ્ટર્ન રેલવેના દહીંસરા-માળિયા લાઈનના ભાવપર નામના સ્ટેશન ઉપર શિયાળામાં એક હરિજનભાઈ શ્રી અમીન-જેવી ભાવનાથી પ્રેરાઈ ઉતારુઓ માટે તાપણાનું પરબ ચલાવતા. આબુરોડ સ્ટેશન ઉપર એક સિંધી ભાઈ, જે રિટાયર્ડ ગાર્ડ હતા તે, સવારની ટ્રેનોના ઉતારુઓ માટે દાતણ ને ગરમ પાણીની પરબ ચલાવતા.

નિઃસ્વાર્થ ભાવે, જાતમહેનતે આવી સેવા આપી જનારા અને આવી અસામાન્ય પરબો ચલાવવાવાળા બીજા મહાનુભાવો કોઈ વાચકની જાણમાં હોય તો જણાવવા કૃપા કરે.

(મોરબી) —ભૂરુભા જાડેજા

એપ્રિલ માસના અંકમાં મેં લોકમિલાપટ્રસ્ટનાં પુસ્તકોની જાહેરાત વાંચી. તે માટે અમે ફક્ત ૪ મિત્રો તૈયાર થઈ શક્યા છીએ. જો આપના વાચકોમાંથી બીજા ૬ સભ્યો તૈયાર થતા હોય યા ક્યાંક ચાર ખૂટતા હોય તો સત્વરે નીચેને સરનામે જણાવશો: નૂતન સોસાએટી.

(અમદાવાદ-૭) —હેમાંગ દેસાઈ


કુમાર અંક ૫૮૧ પાના ૧૭૬ ઉપર 'અમ્લપિત્ત'નો ઉપચાર આપ્યો છે. એના અનુસંધાનમાં: મને પોતાને આ દર્દ પાંચ સાત વર્ષ પૂર્વે ખૂબ જ સખત થએલું. ડૉક્ટરોએ દૂધનાં ઇન્જેક્શન, કેળાં વગેરે ખૂબ અજમાવેલાં પણ અસર ન થઈ. મારાં માતુશ્રીએ નુસખો બતાવ્યો કે રોજ રાતે સૂતી વખતે નાની ચમચી એરંડિયું પાણી સાથે લેવું—એનું પ્રમાણ શરીરના બંધારણ મુજબ રાખવું જેથી હેરાન ન થવાય. મેં બહુ નાની ચમચી લેવાનું શરૂ કર્યું. ફક્ત પાંચેક દિવસમાં જ દર્દમુક્ત થયો, જે આજ પર્યંત છું.

(મુંબઈ) —ચંદ્રકાન્ત યાજ્ઞિક



આકાશદર્શન (૬) જૂન-જુલાઈ

વાદળોને કારણે હવે આકાશદર્શન જરા મુશ્કેલ તો બનશે, પણ વચ્ચે વચ્ચે તક મળે ત્યારે આકાશની કાળાશ પણ જોતા રહેજો. વૃશ્ચિકને તો આપણે હવે ઓળખીએ છીએ. હવે એનું દર્શન વધુ પ્રભાવક બની રહ્યું છે. એની પૂછડી (મૂળ નક્ષત્રના તારાઓ) પછી પૂર્વમાં મુખ્યત્વે બે જૂથમાં વહેંચાએલા સાધારણ પ્રકાશવાળા છૂટાછવાયા ધનુ રાશિના તારાઓ છે. એમાંના વૃશ્ચિક તરફના ભાગના ચાર તારા 'પૂર્વાષાઢા' નક્ષત્રના અને પછીના ભાગના ચાર 'ઉત્તરાષાઢા' નક્ષત્રના છે. સૂર્યનો આકાશીમાર્ગ—ક્રાન્તિવૃત્ત વધુમાં વધુ દક્ષિણે આ રાશિમાં પહોંચે છે. સૂર્ય જ્યારે (ડિસેમ્બર-જાન્યુ-આરીમાં) આ તરફ હોય ત્યારે દક્ષિણમાં દિવસ લાંબા અને ઉત્તરમાં ટૂંકા હોય છે. આ વિસ્તારમાં આકાશગંગાનો સૌથી તેજસ્વી ભાગ જોવા મળે છે. નિષ્ણાતો માને છે કે આકાશગંગાનું કેન્દ્ર આ તરફ આવેલું છે. અહીં અનેક તારકગુચ્છો તથા કેટલીક શ્યામ નિહારિકાઓ છે. ગુરુ પણ હમણાં અહીં જોવા મળે છે. બરાબર નીરખીને જોશો તો એ રોજબરોજ પશ્ચિમ તરફ ખસતો જતો જણાશે, એટલે કે હાલમાં એ 'વક્રી' છે. ¶ જરા ઉત્તરમાં નજર કરીએ. 'શૌરી'ની પાછળ એક નાનું તારામંડળ આવી રહ્યું છે. તેમાંનો એક નીલશ્વેત તેજસ્વી તારો તુરત ધ્યાન ખેંચશે. એ છે 'અભિજિત' (Vega) અને આ મંડળનું નામ છે 'વીણા'. અંગ્રેજીમાં એ The Lyre (એક વાદ્ય)ના નામે ઓળખાય છે. 'અભિજિત' આ ઋતુનો સૌથી સુંદર અને તેજસ્વી તારો છે. આપણાથી એ ૨૬ પ્રકાશવર્ષ દૂર છે અને સૂર્ય કરતાં ૬૩ ગણો તેજસ્વી છે. તેને અઠ્ઠાવીસમું નક્ષત્ર પણ ગણે છે. દર સેકંડે બાર માઈલના વેગે આપણો સૂર્ય અભિજિત પ્રતિ દોડી રહ્યો છે. ¶ 'વીણા'માં આપણાથી ૫૪૦૦ પ્રકાશવર્ષ દૂર એક વિખ્યાત વલયાકાર નિહારિકા છે. 'વીણા'ના બે વધુ ઝાંખા તારામાંનો એક જોડિયો તારો છે. દર તેર દિવસે એ બંને તારા એકબીજાને ઢાંકી દે છે એટલે એ તારાનો પ્રકાશ આપણને વધતોઓછો થતો દેખાય છે.



ફૂજી યામા


જાપાનના સાંસ્કૃતિક હૃદયનો દેવતા · જાપાની જાતિના પુરુષાર્થી ભાગ્યનું પ્રતીક · કુદરતે સર્જેલો સ્તૂપ

'ફૂજી યામા જાપાનનો એક અદ્ભુત પહાડ છે. એના જેવો બધી બાજુથી સરખો દેખાતો, રૂપાળો, સર્વતોભદ્ર પહાડ બીજે નથી. એક વખત ભાવનિમગ્ન થઈ તેની સપ્રમાણ આકૃતિનું ચિંતન કરતાં મન લાગ્યું કે એ પહાડ નથી પણ કુદરતે બુદ્ધ ભગવાનના સર્વકલ્યાણકારી ધર્મની વિજયપતાકા તરીકે જાણે આ સ્તૂપ ઊભો કર્યો છે.' આ અંકમાં અન્યત્ર આપેલા કાકાસાહેબ કાલેલકરના લેખમાંનાં ઉપર્યુક્ત વચનની પૂર્તિ કરતા આ ચિત્રમાં, ઉપર નિસર્ગ-સર્જિત અને નીચે માનવ-સર્જિત એમ બંને સ્તૂપનાં દર્શન થાય છે.



બાઉલ ભજનિકો · ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં શ્રી રવિશંકર રાવળ પાસે તાલીમ પામી આગળ આવેલા કેટલાક ગુજરાતી કલાકારોમાં વ્રજલાલ ત્રિવેદી પણ એક છે. એમના કલાશિક્ષણને વધુ ઓપ આપવા શાંતિનિકેતનમાં શ્રી નંદબાબુ પાસે પણ તેઓને થોડો સમય મોકલવામાં આવેલા. ગોળ ફરતા નાચતા ગાતા બાઉલ ભજનિકોના ત્યારના એમના આ ચિત્રમાં પાત્રસંયોજન અને ગોળાકાર ફલક વડે એમણે ચિત્રવિષય પર દૃષ્ટિને કેન્દ્રિત રાખવાની સુંદર રચના કરી છે, તો પાત્રોના અંગભંગ અને એમનાં ઊડતાં વસ્ત્રો વડે એમણે પ્રસંગના આવેગને સિદ્ધ કર્યો છે.

કન્યા વિદાય · આ અંકની 'કલાવાર્તા'માં જેમનો પરિચય આપ્યો છે એ ચિત્રકાર કનુ નાયકની એક કૃતિ. ઘેરા રંગો વડે પ્રસંગના ગાંભીર્યનું અને લાલ રંગ વડે આ પ્રસંગ સાથે નવજીવનના રસમય પ્રસ્થાનનું સૂચન તો નહિ કર્યું હોય?



ખેતરેથી ઘર મહીં / ધીરુ પરીખ

· દોઢાતો હરિગીત ·

ગાડું ભરીને થાક આવ્યો ખેતરેથી ઘર મહીં
ત્યાં કંકણે રણકી કહીં
સત્કારની ડેલી રહી શી ઊંબીઓ આંહીંતહીં.

ટીમણસમે વાતો બધી જે છાશમાં ચોળી હતી
ને છાંયડે કૉળી હતી
તે યાદ પાછી સ્વાદમાં વાળુ બની કૉળી રહી.

ચૂંગી ભરી ઘૂંટાય મીઠી ભાવિની ઝાંખી કશી
તે ધૂમ્રમાં પાંખી વસી
પા પા પગીમાં ઓસરીએ વિસ્તરે, છૂપે કયહીં.

ઢાળ્યો હવે જ્યાં ઢોલિયો ત્યાં દી બધો પોઢી ગયો
ને મૌનને ઓઢી રહ્યો
ચાડે મુકાયા કોડિયે જાગી રહી રાતો ત્યહીં.

હું શું જાણું? / નિરંજન યાજ્ઞિક

· ગાન ·

તમને લાગે ભલે બોલતા નેવે નેવે કાગ રે
હું શું જાણું?
જગર પરબનો તમને મારી આંખે લાગે ફાગ રે
હું શું જાણું?
ભલે અમારી આંગળિયુંમાં ઝબકે કે પીપળિયા
ઓલ્યા પાદરના,
ભલે ઊડવા અથરા થઇને ફરતા રે મોરલિયા
દાદાના ઘરના,
નરહ્યો શુકન ભલે આળખે ભીંત્યું ઉપર લાભ રે
હું શું જાણું?
સૈ, આલુંલીલું બોલે રે, મારા કાંડાના બે
મોર, ભલે?
સૈ, હવે તો દિયા આડા બે–કે ચાર–દિવસના
થોર, ભલે!
જઈ માંડવડાને પૂછો રે એ નામ તમે
હું શું જાણું?

મોતિયો (ઇન્દ્રગોપ) / રઘુવીર ચૌધરી

· ગાન ·

ઊતર્યો આખા આભથી અષાઢ અમને ભીડી બાથ,
કાલ લગીની કુંવારકાને આજ અજાણ્યો સાથ.
આંગણે નેવાં રણકી ઊઠયાં શેરીએ રેલો છેક.
દેવળની તલાવડી જાગી, ગામ ને પાદર એક!
ઝાડવાં ઝલ્યાં, વગડો ખીલ્યો, રાતમાં નવી વાત,
હળ જોડાયાં ખેતર સૈયર આલવા ચાલ્યાં ભાત.
ભોમકા મારી ગોરમટી, શો ચાસમાં ફોરે ભેજ!
હાલતાં આંબો વચલી ડાળથી ટપકે તાજું તેજ.
બેસતી શેઢે, ચાસમાં જોતી, મોતિયો ધીમે જાય,
અડકું કે? ના, કેસરના ફોરા શી એની કાય.
એ જ મૂઓ ગઈ સાલનો પાછો આજ ફૂટીને મા'લે
એક દા'ડાના આયખામાં યે રૂપ બધું લઈ ચાલે.
ભાઈ જોડીને ચાવર મને પેરવા આલે બીજ,
વાવતાં ભેગા મોતિયા, મારે કાળજે પડે વીજ.

દુનિયા / સ્વ. ગાફિલ

· ગઝલ ·

કહે કોણ એવું, છે ખ્વાબોની દુનિયા?
હકીકત જુઓ, છે ગુલાબોની દુનિયા!
પીઓ, પી લીઓ પેય આ પૃથ્વી કેરું,
વીંટી વળશે તમને શરાબોની દુનિયા.
સવાલો ઊઠે કોઇ એ શકયતા કયાં
મળી ગઇ છે જ્યારે જવાબોની દુનિયા?
મને તો નથી કયાં ય ઝાંખી ય થાતી;
કહો છો એ કયાં છે ખરાબોની દુનિયા?
નકાબોની પાછળ જો હસ્તી છે એની,
ભલેને રહે તો નકાબોની દુનિયા?
હશે કયાંક કંટક, એ માની લીધું મેં;
બગીચો છે આ ફૂલછાબોની દુનિયા.
તમે ગૂઢ લિપિ ઉકેલી છે 'ગાફિલ',
કે દુનિયા છે ખુલ્લી કિતાબોની દુનિયા.

કવિલોક

શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને રસાસ્વાદ અને અભ્યાસની સઘન ભૂમિકા આપતું કવિતાનું હેતુ-લક્ષી દ્વૈમાસિક, જેમાં દર માસે પીઢ તથા પાંગરતા બંને પ્રકારના કવિઓની ચૂંટેલી રચનાઓ ઉપરાંત ઋતુ અનુસારનું બેરંગી પૂઠું, એવું જ સૂચક પૂર્ણરંગી ચિત્ર, નામી ગુજરાતી કવિના હસ્તાક્ષરમાં તેના કાવ્ય સાથે તેના જીવનનો પરિચય અને કવિતાની તત્ત્વચર્ચા કરતા ગદ્યલેખ આવે છે.

◐ ખેતરેથી ઘર મહીં: કોઈ કૃષિ દંપતીના નિર્દોષ આનંદોલ્લાસની વાત કરતી આ કૃતિમાં કૃષિજીવનનાં જુદાંજુદાં પ્રતીકો દ્વારા એ ભાવોને વ્યક્ત કર્યા છે. કંકણના રણકારમાં ખેડુ સ્ત્રીનો સત્કાર થાકેલ ખેડૂને હરીભરી ઊંબીઓના દર્શન જેટલો આનંદ આપી રહે છે. ટીમણ વેળાએ છાશરોટલા સાથે કરેલી વાતો વાળુ વેળાએ વધુ મધુરતાથી કૉળી રહે છે. અને રાત્રે ચૂંગીના ધુમાડામાં ભાવિનાં સ્વપ્નાં જોતો ખેડુ ભાવિ બાળકના દર્શનમાં આનંદવિભોર થઈ ઊઠે છે ત્યાં જ ઢોલિયો ઢળાય છે અને ચાડા પર કોડિયું મુકાય છે તેના અજવાળે પતિપત્નીની ગુફતેગો ને મીઠો ઉજાગરો આરંભાય છે. આમ વ્યંજનાપૂર્ણ આ ભાવનિરૂપણો એ દશ્યો જેટલાં જ મધુર અને સ-રસ બની રહે છે,—દોઢાતા આનંદ ને દોઢાતા હરિગીતના છંદોવિધાનથી અસરકારક બની રહે છે. ◐ મોતિયો: આષાઢી સૃષ્ટિના ગ્રામસૌંદર્યનું આ ગાન એક પછી એક મધુર ભાવચિત્રો રજૂ કરતું આનંદના આર્ણવને હેલે ચડાવતું જાય છે ત્યાં જ મોતિયા–ઇન્દ્રગોપ–ની કેસરકાયા ચાસમાં વવાઈ જાય છે અને સૌન્દર્યલુબ્ધ દૃષ્ટિને એક વીજ પડયા જેવી વેદના થાય છે. ◐ હું શું જાણું?: કોઈ લગ્નોત્સુક કન્યાનો રસોત્સાહ વ્યક્ત કરતું ગીત. ભાવિ ભરથારના નામથી પણ અજાણ હોવાનો ડોળ કરવા સુધીની ઊક્તિઓ પાછળનાં રોમાંચિત સ્પંદનો પ્રત્યેક પંક્તિમાં વિવિધ રીતે વ્યક્ત કરતી કૃતિ. ◐ દુનિયા: 'ગાફિલ'ના તખલ્લુસથી ગઝલો લખતા સ્વ. 'સરોદ'–મનુભાઈ ત્રિવેદી–ની છેલ્લી ગઝલ.

બાળપણની કપરી સ્થિતિમાંથી પુરુષાર્થ અને પ્રતિભાના બળે પાર આવી, ગુજરાતની



ગુજરાતના બુદ્ધિશાળીઓમાં જેમનું નામ મૂકયા વિના ન જ ચાલે એવા, ભારે વિનમ્ર, અધ્યાપકીય વાચનભૂખ ધરાવનાર, કલામર્મજ્ઞ, ઔદ્યોગિક ક્ષેત્રે આગવી સૂઝ દાખવનાર અને લોકોમાં 'બી. કે.'ના હુલામણા નામથી ઓળખાનાર સૌજન્યમૂર્તિ શ્રી બલ્લુભાઈ કૃષ્ણલાલ મજમુદારનો જન્મ ઈ. ૧૯૦૨માં બારડોલી પાસે મહુવા ગામે થએલો. 'મજમા' એટલે જમા કરાવવું. આથી જેઓ મહેસૂલ ઉઘરાવી જમા કરાવે તે 'મજમુદાર'. બલ્લુભાઈના પિતાશ્રી કૃષ્ણલાલ ગાયકવાડી નોંધણીખાતામાં જમીનનો રેકૉર્ડ રાખતા ને આછી પાતળી ખેતી કરી જીવનવ્યવહાર ચલાવતા.

બલ્લુભાઈ માંડ ત્રણેક વર્ષના થયા હશે ત્યાં જ એમણે માતા અને પિતા બંનેની છત્રછાયા ગુમાવી. એક તો ઉમર નાની ને વધુમાં કુટુંબની આર્થિક સ્થિતિ વિકટ. એમની છ બહેનોમાંથી ચારનાં લગ્ન તો માતા-પિતાની હયાતીમાં જ થઈ ગએલાં. આથી બાકી રહેલી બે બહેનો અને બાળક બલ્લુને લઈ, વાલોડના દેસાઈ કુટુંબનાં તેમનાં એક વિધવા ફોઈએ મહુવા છોડી સૂરતમાં કાયમી નિવાસ કરવાનું વિચાર્યું; કારણ કે એમનું એક ઘર સુરતમાં પણ હતું. એ વખતે કુટુંબની અન્ય કશી આવક નહોતી, પરંતુ વિધવા ફોઈને પતિની દેસાઈગીરી નિમિત્તે વાર્ષિક રૂપિયા ત્રણસો મળતા હતા. આટલી રકમ પર જ એ ચાર જણનો આધાર હતો. આવી કપરી પરિસ્થિતિમાં સૂરત જ બલ્લુભાઈનું વિકાસકેન્દ્ર બની રહ્યું.

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી માધ્યમિક શાળામાં જોડાયા પછી એમણે એવી તેજસ્વિતા દાખવી કે એમને (ત્યારના) અંગ્રેજી છઠ્ઠા ધોરણમાંથી સીધા જ મૅટ્રિકમાં બેસવાની પરવાનગી મળી! મૅટ્રિકમાં પણ એ ઊંચે નંબરે પાસ થયા. પણ હવે કૉલેજમાં કઈ રીતે દાખલ થવું એ પ્રશ્ન કુટુંબને મૂંઝવવા લાગ્યો. આર્થિક ભીંસ કે' મારું કામ, અને ફોઈને આ કૉલેજની ભાંજગડમાં કંઈ ગતાગમ પડે નહિ! હવે કરવું શું?

ત્યાં જ, જેમ નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારાઈ ગએલી તેમ, અમદાવાદના નાગર કુટુંબના એક સ્નેહીએ કિશોર બલ્લુભાઈના કૉલેજશિક્ષણની જવાબદારી ઉપાડી લીધી. એમણે કહ્યું કે જો ભાઈ બલ્લુ મારે ત્યાં રહીને અભ્યાસ કરે તો હોસ્ટેલમાં રહેવા-જમવાનો પ્રશ્ન ઊભો થશે નહિ. અચાનક મળી આવેલી આ હૂંફે બલ્લુભાઈ માટે ભાવિ જીવનનાં પ્રગતિ-દ્વાર ખોલી દીધાં. ઈશ્વરની પણ કેવી અકળ કરુણા!

આ વ્યવસ્થા પ્રમાણે ઈ. ૧૯૨૦માં એ અમદાવાદ પહોંચ્યા અને ત્યાંની ગુજરાત કૉલેજમાંથી ઈ. ૧૯૨૧માં પ્રીવિયસમાં ઊંચા દરજ્જે પાસ થઈ કૉલેજના સ્કૉલર બન્યા. ઈ. ૧૯૨૨માં ઈન્ટર આર્ટ્સની પરીક્ષા પસાર કરી. પણ એ ગાળામાં અમદાવાદ તો બની ગયું હતું ગાંધી-પ્રવૃત્તિનું મોટું કેન્દ્ર; અને એ જ અરસામાં ગુજરાત વિદ્યાપીઠની પણ સ્થાપના થઈ ગએલી, એટલે ભાવનાશાળી યુવાનોમાં રાષ્ટ્રીય શિક્ષણની તીવ્ર ભાવના જાગેલી. કોઈ પણ સરકારી કૉલેજમાં અભ્યાસ ન કરવાનો નિરધાર કરનાર યુવકસમુદાયમાંના બલ્લુભાઈ પણ એક હતા.

આથી આગળ અભ્યાસ કરવા એમણે સરકારી ગુજરાત કૉલેજ છોડી ને ઘણા વિચારને અંતે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જોડાયા. આ સદીની શરૂમાં શ્રીમતી ઍની બેસન્ટે બનારસમાં રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક અસ્મિતાવાળી 'સેન્ટ્રલ હિન્દુ કૉલેજ'ની સ્થાપના કરેલી. એ જ ઉચ્ચ ભાવનાથી જ્યારે માલવીયજીએ બનારસ હિંદુ યુનિવર્સિટી સ્થાપી ત્યારે આ સેન્ટ્રલ હિંદુ કૉલેજ તેની સાથે જોડાઈ ગઈ. શ્રીમતી બેસંટને લીધે બનારસ એ કાળે થીઑસૉફિસ્ટોનું ધ્યાનપાત્ર કેન્દ્ર હતું. બનારસ હિંદુ યુનિવર્સિટી રેસિડેન્શ્યલ હતી. એ ઢબની એક પણ યુનિવર્સિટી તે સમયે ભારતમાં નહોતી ત્યારે આચાર્ય આનંદશંકર ધ્રુવ તેના પ્રો-વાઈસ ચાન્સેલર હતા. આથી બલ્લુભાઈ એમના નિકટના પરિચયમાં આવ્યા અને એમની પ્રેરણા તળે તેમણે ખૂબ ખંતપૂર્વક અભ્યાસ આરંભી દીધો.

હવે યુવાન બલ્લુભાઈના ભાવિ જીવનને ઘડનારું કેન્દ્ર બનારસ થઈ રહ્યું. એઓ પોતાની જ્ઞાનતૃષા ત્યાંના અનેક વિદ્વાન પ્રાધ્યાપકોના સતત સંપર્કસલિલથી છીપવવા લાગ્યા. ખ્યાતનામ પ્રાધ્યાપક તેલંગ તો ત્યાં કેવળ સેવા અર્થે જ કામ કરતા હતા. ઇતિહાસવિદ પ્રો. જદુનાથ સરકાર, મોહેં-જો-દડોના શોધક પુરાતત્ત્વવિદ પ્રો. રાખાલદાસ બૅનરજી, ડૉ. જ્ઞાનચંદ તથા પ્રો. ગુરુમુખનિહારસિંહ જેવા વિદ્વાન, બહુશ્રુત અને રાષ્ટ્રીય રંગે રંગાએલા પ્રાધ્યાપકોનો ત્યાં મેળો જામ્યો હતો. એમનાં પડખાં સેવી બલ્લુભાઈએ પ્રેરણાનાં વારિ પીધાં. પરિણામે એ તરુણછોડ પૂરબહારે પ્રફુલ્લી ઊઠયો. એ વિદ્વાનોના પ્રગાઢ સંપર્કે બલ્લુભાઈનું આંતરકલેવર ઘડયું. વળી, બનારસ થીઑસૉફીનું કેન્દ્ર હોઈ એની સત્ત્વશીલ અને સાંસ્કારિક છાપ પણ તેમના પર ઊપસવા લાગી.

બરાબર આ જ અરસામાં એઓ શ્રી અચ્યુત પટવર્ધનના પરિચયમાં આવ્યા. એમનો આ પરિચય એવા ગાઢ સંબંધમાં પરિણમ્યો કે અચ્યુતના ભાઈ પુરુષોત્તમ હરિ પટવર્ધન (જેઓ રાવ સાહેબ પટવર્ધનને નામે જાણીતા હતા)ની સાથે પણ બલ્લુભાઈની મૈત્રી મ્હોરી. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ગાળેલાં આઠ વર્ષ દરમિયાન તેઓ આચાર્ય આનંદશંકરભાઈના તો સતત સંપર્કમાં રહેતા જ. એમાં એકવાર આચાર્ય ધ્રુવે એમને સ્વાભાવિક જ પૂછ્યું કે 'આજકાલ તમે શું વાંચો છો?' બલ્લુભાઈએ જવાબ આપ્યો: 'અર્થશાસ્ત્ર'. આચાર્ય ધ્રુવે આ સાંભળીને કહ્યું: 'તમે તેના વિદ્યાર્થી છો, તેથી અર્થશાસ્ત્ર તો વાંચવું જ પડે; પરંતુ એ ઉપરાંત કશુંક નક્કર, બાહ્ય વાચન પણ કરતા રહો.' આચાર્ય ધ્રુવની આ ટકોર સોંસરી ઊતરી ગઈ અને એમણે યુરોપી સાહિત્ય વાંચવા

બબ્બે તરુણ પેઢીઓના પ્રેરણાસ્રોત બની રહેલા સાહસમૂર્તિ સ્વપ્નદ્રષ્ટા ને શિલ્પી

બી.કે. મજમુદાર

એમની કુનેહભરી દીર્ઘ દૃષ્ટિ, અવિરત કર્મશીલતા અને અજોડ આયોજનશક્તિ એમની બહુમુખી પ્રતિભાનાં ઓજસવંતાં પાસાં છે.

લેખક • નરેશ ભટ્ટ

માંડ્યું. ત્યારનો લાગેલો એ ચસકો આજ પર્યંત ચાલુ છે. સમકાલીન યુરોપી સાહિત્યના એમના જેવા અભ્યાસી વિરલ હશે.

અને અભ્યાસમાં તો બી.એ. તથા એમ.એ. બંનેમાં એમણે સ્કૉલરશિપ મેળવી. તે વખતે એ યુનિવર્સિટીમાં ફર્સ્ટ ક્લાસ ઑનર્સ જ હતો. બલ્લુભાઈએ સાહિત્ય અને અર્થશાસ્ત્ર એ બન્ને વિષયોમાં ઑનર્સ લેવાનો પુરુષાર્થ કર્યો અને તેમાં સફળ થયા. સાહિત્યમાં ઑનર્સની એ તૈયારીને લઈને પૂર્વ-પશ્ચિમના સાહિત્યમાં એમણે સારી સજ્જતા પ્રાપ્ત કરી.

એ જ્યારે એમ.એ. થઈને બહાર પડ્યા, બરાબર એ જ ગાળામાં એ યુનિવર્સિટી કૉમર્સ કૉલેજ શરૂ કરવા વિચારતી હતી. બલ્લુભાઈ જેવા તેજસ્વી પ્રાધ્યાપક તૈયાર મળે તે ઇરાદાએ યુનિવર્સિટીએ જ એમને 'લંડન સ્કૂલ ઑવ ઇકોનૉમિક્સ'માં અભ્યાસ કરવા મોકલ્યા. ઈ. ૧૯૨૮થી '૩૦ એમણે લંડન રહી અર્થશાસ્ત્રની ઉચ્ચ ઉપાધિ તો મેળવી જ, પરંતુ સાથેસાથે ઈંગ્લંડના જીવન ને સાહિત્યનો પણ પાકો અભ્યાસ કરી લીધો.

ઈ. ૧૯૩૦માં એઓ ભારત પાછા ફર્યા ત્યારે આઝાદીની લડત એના મધ્યાહ્ને હતી. બરાબર એ જ વર્ષે બનારસ હિન્દુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ચળવળમાં આગળપડતો ભાગ લીધો. આથી અંગ્રેજ સરકારે યુનિવર્સિટીને કૉમર્સ કૉલેજ શરૂ કરવા ગ્રાન્ટ ન આપી. પરિણામે એ કૉલેજ ખૂલી ન શકી અને યુનિવર્સિટી બલ્લુભાઈને સમાવી ન શકી. આમ હવે બનારસ રોકાવાનો કશો અર્થ ન હોવાથી તેઓ અમદાવાદ આવ્યા અને ત્યાંના રત્નપારખુ શેઠ કસ્તૂરભાઈએ એમનું ઝવેરાત પારખી લઈ ઈ. ૧૯૩૧માં અરવિંદ મિલમાં સેક્રેટરી તરીકે એમની નિમણૂક કરી. ઈ. ૧૯૩૧થી '૪૨ સુધી એમણે આ સ્થાને રહી પોતાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા અને અજોડ આયોજનશક્તિનો પરિચય કરાવી આપ્યો. આ રીતે શિક્ષણના ક્ષેત્રમાં જેમની મેધા ચમકવાની હતી તેણે ઉદ્યોગના ક્ષેત્રમાં પોતાનું તેજ પાથરી દીધું. માણસની મૌલિક પ્રતિભાને ગમે તે ક્ષેત્રમાં મૂકો તો ત્યાં પણ એ પોતાનું દૈવત દર્શાવ્યા વિના નહિ રહેવાની એનો સચોટ પુરાવો બલ્લુભાઈની કારકિર્દી આપી રહે છે.

એ અગિયાર વર્ષના ગાળામાં અમદાવાદના ભદ્ર ને સંસ્કારી વર્ગને બલ્લુભાઈની શિક્ષણપ્રીતિ, વ્યવહારરીતિ અને વહીવટનીતિની સમ્યક્ પ્રતીતિ થઈ ચૂકી હતી. એ અરસામાં ખાનગી ક્ષેત્ર તરફથી ઉચ્ચ શિક્ષણના એક ઉજ્જ્વલ અખતરા રૂપે ચાલતી 'અમદાવાદ એડ્યુકેશન સોસાએટી'ની એચ. એલ. કૉમર્સ અને એલ. ડી. આર્ટ્સ એમ બે કૉલેજોનું સંચાલન વિપદમાં આવી પડ્યું. એ સમયે સમર્થ શિક્ષણશાસ્ત્રી જીવણલાલ દીવાન એ સોસાએટીના સેક્રેટરી હતા અને શેઠ કસ્તૂરભાઈ તથા સ્વ. ગણેશ વાસુદેવ માવળંકર તેના સ્તંભરૂપ સભ્યો હતા. અચાનક ઈ. ૧૯૪૦માં જીવણલાલ દીવાન માંદા પડ્યા. આવી પળે સ્વાભાવિકરીતે જ સૌનું ધ્યાન બલ્લુભાઈ ઉપર પડ્યું અને સોસાએટીનું મંત્રીપદ વહીવટદક્ષ બલ્લુભાઈને સોંપાયું. એમણે પોતાની પ્રતિભાનો સ્પર્શ આ સોસાએટીના વહીવટને પણ કરાવ્યો અને એનો ગૌરવાંકિત વિકાસ કર્યો.

અચ્યુત પટવર્ધન સાથેની ગાઢ મૈત્રીને લીધે બલ્લુભાઈ તે પછી સર્વશ્રી જયપ્રકાશ નારાયણ તથા અશોક મહેતાના પણ નિકટ પરિચયમાં આવ્યા. સ્વ. રામમનોહર લોહિયા તો બલ્લુભાઈના હાથ નીચે ઈન્ટરના વિદ્યાર્થી હતા. આ બધાના સંપર્કથી બલ્લુભાઈ સ્વાભાવિકરીતે જ સમાજવાદી વિચારસરણી તરફ ઢળ્યા, ને ઈ. ૧૯૪૨ની 'કરેંગે યા મરેંગે'-ની સ્વાતંત્ર્ય લડતમાં આ જૂથને કારણે જ એ સક્રિય બન્યા. પ્રો. દાંતવાલા, સ્વ. જયંતી દલાલ, શ્રી નીરુ દેસાઈ વગેરે તે સમયે અમદાવાદમાં 'કૉંગ્રેસ સોશ્યાલિસ્ટો'નું જૂથ ચલાવતા હતા અને સ્વ. દલાલ સાપ્તાહિક 'ગતિ' તથા માસિક 'રેખા'નું સંપાદન-સંચાલન કરતા હતા. ત્યારે એ સહુ 'રેખા ગ્રૂપ' તરીકે ઓળખાતા. ઈ. ૧૯૪૨માં નીરુ દેસાઈ તથા જયંતી દલાલ વગેરે પકડાઈ ગયા પછી લડતના સંચાલનની સઘળી જવાબદારી બી. કે. પર આવી. બૉંબપ્રવૃત્તિઓ અને એવી બીજી નાની-મોટી ભૂગર્ભ પ્રવૃત્તિઓ તો ચાલુ જ હતી. એમાં બી. કે. પણ સરકારની નજરે તો ચડી જ ચૂક્યા હતા.

આ લડત દરમિયાન જ તે સ્વ. છોટુભાઈ પુરાણી તથા સ્વ. ઠાકોરભાઈ દેસાઈના સંપર્કમાં આવ્યા. છોટુભાઈ ત્યારે ભરૂચમાં અને ઠાકોરભાઈ સૂરત વિસ્તારમાં કામ કરતા હતા. આ સૌને પણ બલ્લુભાઈએ સારો સાથ આપેલો. લડત પૂર જોશમાં હતી ત્યાં જયપ્રકાશ બિહાર જેલમાંથી ભાગી મુંબાઈ આવ્યા. તે જ ગાળામાં લોહિયા, અરુણા અસફઅલી, સુચેતા કૃપાલાની વગેરે પણ મુંબાઈમાં એકઠાં થએલાં એટલે બી. કે. પણ હવે એ બધાંની સાથે કામ કરવા મુંબાઈ ગયા અને ત્યાં ભૂગર્ભ પ્રવૃત્તિનું નમૂનેદાર કામ કર્યું. રાત-દિવસ ખતરાભરી સ્થિતિમાં જોખમો ખેલવાના એ કાળમાં બી. કે.ની કુનેહભરી કામગીરીનો એક પ્રસંગ અહીં નોંધવા જેવો છે. જયપ્રકાશને કલકત્તા જવાનું હતું, પરંતુ તેમના માથા માટે તો અંગ્રેજ સરકારે મોટું ઇનામ જાહેર કર્યું હતું. એટલે એમને માટે કલકત્તામાં સહીસલામત પ્રવેશ મુશ્કેલ હતો. હાવરા સ્ટેશને પહોંચ્યા પછી ત્યાંથી કલકત્તા શહેરમાં લઈ જવાની એ કપરી જવાબદારી મજમુદારને સોંપાઈ. સમય વિકટ હતો. પકડાઈ ગયા તો ખલાસ! પરંતુ મજમુદારે અજોડ હિમ્મત ને કુનેહથી એ કામ પાર પાડ્યું.

ચળવળમાં પાછી જ્યારે મંદ ગતિ આવી તે વખતે અમદાવાદમાં તેર વ્યક્તિઓ પર સરકારની કડક નજર હતી. આ ગાળામાં એક વાર એક પોલીસ અધિકારીએ બી. કે.ને સૂચવ્યું કે તમે સૌ જો હમણાં વહેલી તકે શરણે આવી જશો તો એ હિતકર્તા બનશે. બી. કે.એ ખાતરી માગી કે તેરે જણનો વાળ વાંકો ન થવો જોઇએ. ખાતરી મળી એટલે બલ્લુભાઈ વડોદરાના એક મંદિરમાં જ્યાં રહેતા હતા ત્યાં એ તેર જણ મળ્યા અને ચર્ચાને અંતે જાહેર થવાનો નિર્ણય કર્યો. પરિણામે સૌને માત્ર જેલ મળી.

આ ઈ.સ. ૧૯૪૨થી '૪૪નો એમનો આખો ગાળો ચળવળ અંગે રખડપટ્ટીમાં જ ગયો. ઈ. ૧૯૪૪માં સાબરમતી જેલમાં શ્રી મોરારજીભાઈ દેસાઈ સાથે એઓ પરિચયમાં આવ્યા અને એમની પાસે રૂ કાંતવું શીખ્યા.

ઈ. ૧૯૪૫માં જેલમાંથી છૂટીને પોતાના જીવનની ભાવિ દિશા એઓ વિચારતા હતા. અમદાવાદ એડ્યુકેશન સોસાએટીના મંત્રી તરીકેની એમની કામગીરીને લક્ષમાં લઈ અમદાવાદ જિલ્લા સ્કૂલ બોર્ડના તેમને ચેરમૅન નીમવામાં આવેલા, પરંતુ આ સ્થાન કેવળ ચેકો પર સહી કરવાનું



જવાહરલાલજી સાથે મજમુદાર

જ હોવાથી બી. કે.ની ધસમસતી સર્જક પ્રતિભા ત્યાં ગૂંગળામણ અનુભવવા લાગી એટલે એ પદ એમણે છોડી દીધું. આ જ ટાંકણે એક વિરલ તક ઊભી થઈ. એ વખતે ગુજરાતમાં નિજી યુનિવર્સિટી સ્થાપવાના હેતુથી સ્વ. માવળંકરના પ્રમુખપણા હેઠળ 'યુનિવર્સિટી કમિશન' નીમાયું અને તરત જ બી. કે.ની તેના મંત્રી તરીકે નિયુક્તિ થઈ. પોતે બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં વીતાવેલાં આઠ વર્ષનો અને અમદાવાદ એડ્યુકેશન સોસાએટીના મંત્રીપદનો બહોળો અનુભવ એમણે આ સ્થાનેથી ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનામાં કામે લગાડયો. અને તેને સાકાર કરી. એમની આ સેવાઓની કદરમાં, યુનિવર્સિટી સ્થપાતાં જ તેની સિન્ડીકેટના સભ્ય નીમાયા, જે સ્થાને વર્ષો સુધી એઓ રહ્યા. આમ એ દાયકામાં સ્વરાજ્યની ચળવળની સાથેસાથે એમણે કેળવણીના ક્ષેત્રને પણ પોતાની મૌલિકતા અને વ્યવહારકુશળતાનો કીમતી લાભ આપ્યો.

આ જ અરસામાં શેઠશ્રી કસ્તૂરભાઈ એક કેમિકલ પ્લાન્ટ નાખવાનો વિચાર કરતા હતા. સ્વાભાવિકરીતે જ એમની આંખ બી. કે. પર ઠરી અને એ આયોગ માટેની તમામ જવાબદારી એમણે બી. કે.ને સોંપી તરત જ મજમુદારે પોતાની સર્વતોમુખી શક્તિ આ નવા સ્થપાનારા ક્ષેત્રમાં કામે લગાડી દીધી. સૌ પ્રથમ તો આવા મહત્ત્વાકાંક્ષી આયોગ માટે યોગ્ય સ્થળ પસંદ કરવાનું હતું. આ માટે બી. કે. ગુજરાતમાં તેમજ અન્ય ઠેકાણે ઝીણી નજર દોડાવતા હતા. કેમિકલ પ્લાન્ટમાં વિપુલ પ્રમાણમાં સારું પાણી મેળવવાનો અને ગંદા પાણીના નિકાલનો પ્રશ્ન મૂંઝવે તેવો હોય છે, તપાસ કરતાં કરતાં એમનું ધ્યાન વલસાડ પાસેના પારનેરાના ડુંગરની ગોદમાં આવેલી વિશાળ જમીન પર કેન્દ્રિત થયું. એક તરફ પાર નદીનો કિનારો અને બીજી તરફ પારનેરાનો ડુંગર. એમણે તરત જ એ સ્થળ પર મહોર મારી અને રેલવે તથા હાઇ વે વચ્ચેની એવી જમીન સંપાદન કરી કે જ્યાં ભવિષ્યમાં ઉદ્યોગોનો વિકાસ થાય ત્યારે એ બંને પરિવહન માર્ગનો લાભ લઈ શકાય. આજથી પચીસેક વર્ષ પર એમણે પસંદ કરેલું એ સ્થાન આજે તો 'અતુલ' નામક રંગ અને રસાયણના ધમધમતા ઉદ્યોગના રૂપમાં ફેરવાઈ ગયું છે. એક વખતની રુક્ષ પડતર જમીન આજે જંગલમાં મંગલ બન્યું હોય તેમ ચૈતન્યથી ધબકી રહી છે. ઈ. ૧૯૫૦થી ત્યાં અતુલનું પાયાનું કામકાજ શરૂ થયું અને શ્રી મજમુદારે ૧૯૫૨થી તો એ સ્થળે જ વસવાટ શરૂ કર્યો. એકાદ કરોડની મૂડીથી આરંભાએલો એ ઉદ્યોગ આજે પાંત્રીસ કરોડની મૂડી ધરાવે છે અને ખાનગી ક્ષેત્રે ગુજરાતભરમાં સૌથી મોટો કેમિકલ પ્લાન્ટ હોવાનું ગૌરવ અનુભવે છે. આજે ભારતની રંગોની અરધોઅરધ જરૂરિયાત પૂરી પાડતા એ અતુલના પાયાનો પહેલો પથ્થર મુકાયો ત્યારથી આજના એના સર્વતોમુખી વિકાસ સુધીની એની ઝીણામાં ઝીણી ખીલીથી જંગી મશીનરી અને વહીવટ તથા વિતરણના વિશાળ ક્ષેત્ર સુધીની એક એક બાબતમાં શ્રી. બી. કે. મજમુદારની કુશાગ્ર બુદ્ધિએ અનુપમ ફાળો આપ્યો છે. કહો કે તેઓ જ અતુલના સાચા સ્વપ્નદ્રષ્ટા ને શિલ્પી છે. બીજી રીતે કહીએ તો અતુલ એમની કુનેહભરી દીર્ઘદૃષ્ટિ, અપાર હિમ્મત, સમુચિત સાહસશક્તિ અને અજોડ વહીવટી દક્ષતાનું સ્મારકચિહ્ન જ છે. આજે તો અતુલ-વિસ્તારમાં 'અતુલ', 'અતીક', 'સાઈનેમીડ' અને 'સીબાતુલ' એમ ચાર કંપનીઓ કામ કરે છે. આ બધી જ કંપનીઓમાં વત્તેઓછે અંશે અતુલનો હિસ્સો છે જ.

પણ મૂળ શિક્ષણક્ષેત્રનો આ જીવ કેમિકલના શુષ્ક ક્ષેત્રે જ બંધાઈ નથી રહ્યો. કલા, સાહિત્ય, અર્થશાસ્ત્ર, રાજકારણ, સમાજશાસ્ત્ર વગેરે પરનું તેમનું વાચન સતત એકધારું ચાલુ જ રહ્યું છે. ક્યાંક કલા, સાહિત્ય, અર્થશાસ્ત્ર કે રાજ્યશાસ્ત્ર પર તેઓ બોલે તો તેઓ કોઇ આરૂઢ વિદ્વાનને છાજે તેવી સજ્જતા દાખવે છે. આવો રસિક જીવ જ અતુલ વિસ્તારમાં એક લાખથી પણ વધુ વૃક્ષો યે ઉગાડી જાણે!

આજે તો ઉદ્યોગથી ધમધમવા માંડેલા દક્ષિણ ગુજરાતમાં આવાં કારખાનાં સફળ રીતે નાખી ને ચલાવી શકાય છે, પણ એ દિશા તરફ સર્વપ્રથમ ધ્યાન અતુલ દ્વારા શ્રી મજમુદારે જ ખેંચ્યું. વાપીમાં ઊભી થઈ રહેલી જંગી ઔદ્યોગિક વસાહતની જમીન સાધ્ય કરવામાં એમનો ફાળો કંઈ ઓછો નથી. એશિયાભરમાં ધ્યાનાર્હ ઠરનારી વાપીની ઔદ્યોગિક વસાહત અને અતુલ વિસ્તાર એ બધું તો દક્ષિણ ગુજરાત પર એમણે કરેલું ઋણ છે. ઉદ્યોગમાં આમ ગળાબૂડ રહેવા છતાં ય રાજ્યશાસ્ત્રમાંથી પણ તેમનો રસ ઘટ્યો નથી. ઈ. ૧૯૫૨માં તો સમાજવાદી પક્ષ તરફથી તેઓ અમદાવાદ ખાતે વિધાનસભાની ચૂંટણી પણ લડેલા. જો કે એમાં એઓ વિજયી ન થયા એ જુદી વાત.

આજકાલ તો અતુલને જ પોતાની સમગ્ર કર્મભૂમિ બનાવી બેઠેલા બી. કે. અવારનવાર તંદુરસ્તીની ફરિયાદ કરવા છતાં ય નિયમિત રીતે અને એટલા જ ઉત્સાહથી ઑફિસનું કામ કર્યે જ જાય છે. તેમનું વાચન પણ અવિરતપણે તેમના જ્ઞાનનિધિને સમૃદ્ધ કરતું જ રહે છે. તેમનું અંગત પુસ્તકાલય વિશ્વસાહિત્યના આગેવાન ગ્રંથોથી સભર છે. અનેક વાર યુરોપ-અમેરિકાની ધરતીને એમના પગ ચૂમી આવ્યા છતાં ય એમના હૈયાની મહોબ્બત તો બંધાએલી છે અતુલ સાથે જ.

જીવનની પ્રારંભિક વિકટ પરિસ્થિતિને અવિરત પુરુષાર્થ અને તેજસ્વી મેધાથી મહાત કરનાર શ્રી. બી. કે. તરુણ પેઢીની પ્રેરણામૂર્તિ બની રહે એ તદ્દન સ્વાભાવિક છે. બાળપણની પરિસ્થિતિમાંથી આજે સફળતા અને સિદ્ધિના શિખર પર વિરાજનાર શ્રી મજમુદારની કુનેહભરી દીર્ઘદૃષ્ટિ, સમ્યક્ સાહસવૃત્તિ, અવિરત કર્મશીલતા અને અજોડ આયોજનશક્તિ એમની બહુમુખી પ્રતિભાનાં ઓજસવંતાં પાસાં છે. ગુજરાત જેમને માટે સહેજે ગૌરવ લઈ શકે તેવા બુદ્ધિધન બલ્લુભાઈ અનેકોને હજુ પ્રેરણા પાતા જ રહો. □

'કુમાર'નું કનકપર્વ અને ૬૦૦મો અંક

આવતું—૧૯૭૩નું વર્ષ એ 'કુમાર'નું ૫૦મું વર્ષ હશે અને તેનો ડિસેમ્બર અંક એ તેનો ૬૦૦મો અંક હોઈ, 'કુમારે' સ્થાપેલી પ્રણાલી અનુસાર, એ સુવર્ણ-અંક તરીકે બેવડા મહત્ત્વનો બની રહેશે. ચાલુ વર્ષના જાન્યુઆરીથી સળંગ ગ્રાહક રહેનારને જ એ ખાસ અંક ભેટ મેળવવાનો હક રહેશે. **લવાજમ વધારો:** મુદ્રણસામગ્રીના વળી પાછા વધી ગએલા ભાવોને કારણે ઘણાં સામયિકોને લવાજમ-વધારો કરવો પડ્યો છે, એમ કદાચ 'કુમાર'ને પણ કરવો પડશે. એ થાય તે પહેલાં ગ્રાહક થઈ જવું પણ લાભકર્તા છે.

ઘોડે ચડીને આવજો ગુણવંતરાય

—અશ્વિન દેસાઈ

ગુણવંત નાનો હતો ત્યારે ગોપાળજીકાકા સાથે આઠમના મેળામાં સૂરત જવા માટે જિદ્દ કરતો. એની મા આંખો કાઢતી ને કહેતી: 'મરી ગ્યા! જનમ લેવો હતો'ને, કોઈ રાજાના મહેલમાં!' ગુણવંત પછી મોટેમોટેથી રડતો એટલે ગોપાળજીકાકા એની માને એની લેંઘી બદલાવી લાવવાનું કહેતા.

મેળામાં ગુણવંત હોંશેહોંશે ફરતો. ચચ્ચાર આને બતાવાતી ફિલમ જોતો, ચકડોળમાં બેસતો અને કુલ્ફી ખાતો. પછી ગોપાળજીકાકા પાછા ફરતી વખતે રસ્તામાં કોઈ હાથ જોવાવાળા મહારાજ મળી જતા તો તેની સામે રસ્તા ઉપર બેસી પડતા. ગુણવંત ઊભોઊભો મોઢામાં આંગળી નાખીને જોયા કરતો. મહારાજ પાઘડી કાઢીને બાજુ પર મૂકતા, અને ઘરાકના ચહેરા સામું એક વાર જોઈ લીધા પછી, હાથનાં આંગળાં મજબૂત રીતે પકડી, હથેળીને પહોળી કરીને ધ્યાનથી જોતા. પછી થોડી વારે મહારાજ ધીમે ધીમે માથું હલાવતા એટલે કાકા રસપૂર્વક એમને સાંભળવા માટે ઊંચા થતા. ગુણવંત જોઈ જ રહેતો.

'કાકા, માનો ન માનો—આવતે મહિને તમારા ગ્રહ બદલાય છે! અત્યારે તો હીન દશાનો માલિક ગુરુ છે, તે તમારા દરેક કામમાં વિઘ્ન ઊભું કરે છે. તમે ધારો છો કંઈક ને થાય છે કંઈક!' મહારાજની આંખો પહોળી થતી. કાકા સંમતિરૂપે ધીમેધીમે હકારમાં માથું હલાવતા.

'પણ ફિકર કરશો નહિ, કાકા! દુશ્મન તમારું ગમે તેટલું બૂરું કરવા માગે, પણ તેના પાસા સીધા પડવાના જ નથી! પણ એક કામ કરજો, કાકા! ગુરુવાર કરજો!' કાકા માથું હલાવીને હા પાડતા અને બંડીના ખિસ્સામાંથી સવા રૂપિયો કાઢીને મહારાજને આપતા ત્યારે મહારાજ નમ્રતાથી સહેજ હસતા. કાકા બીજો એક રૂપિયો ઉમેરીને ગુણવંત સામે આંગળી ચીંધતા ત્યારે મહારાજ આંખો ઝીણી કરીને ગુણવંતના મસ્તકની રેખા ધ્યાનથી જોતા: 'કાકા! દીકરો ઘણો ભાગ્યશાળી છે. જીવનમાં એને કોઈ વાતની કમી રહેશે નહિ!'

મળસકે ઘણી વાર બાજુવાળા મહેતાની રૂમમાં દૂધવાળો ભૈયો જોરજોરથી બારણાં ઠોકે ત્યારે ગુણવંતને મહારાજના પેલા શબ્દો એકાએક યાદ આવી જાય: 'જીવનમાં એને કોઈ વાતની કમી...' ગુણવંત થોડી વાર પડખાં ફેરવીને પછી ઊઠી પડે. કાનમાં જનોઈ ભેરવીને ડબલું શોધે.

સંડાસની લાઈનમાં હરિભાઈની પાછળ ઊભા રહેવાનું આવે તો હરિભાઈ 'કેમ, ગુણા! આજે બહુ જલદી ઊઠયો ને કાંઇ!' કહીને હસે.

'છ-નો તો આપણો ટાઈમ જ!' કહીને ગુણવંત ડબલું નીચે મૂકે. હરિભાઈ બીજી કોઈ વાત કાઢે.

સંડાસથી આવીને ગુણવંત દાતણ શોધે. દાતણ ચાવતાં ચાવતાં તારીખનું પાનું ફાડે. ૨૭મી માર્ચ કે ૧૪મી જૂન કે ૨૨મી મે-ને થોડી વાર જોઈ રહે. પછી દાતણ મોંમાંથી કાઢીને બારીમાંથી બહાર થૂંકે.

સ્ટવ ખખડાવીને ચાનું પાણી મૂકે, અને હાથમાં ડોલ લઈને બહારના પબ્લિક નળ ઉપર જાય. પાણી ભરી લાવીને ચા પીએ અને પછી કોઈ જૂની ફિલમની પંક્તિ ગાતાંગાતાં ચોકડીમાં નાહી લે.

'કેમ ગુણવંતભાઈ, કેમ ચાલે?' ઉઘાડી બારીમાંથી ડોકિયું કરીને મહેતા રૂમમાં જુએ. 'ફક્કડ!' ગુણવંત કપડાં પહેરતાં પહેરતાં જવાબ આપે.

'બાસમતી ચોખા આવ્યા છે, રાશનમાં!' મહેતા આશ્ચર્યથી આંખો ફાડીને કહે. 'એમ કે?' ગુણવંત મહેતા સામું જુએ.

'હા! તમે ન લેવાના હો તો કાર્ડ આપી જજો. જશુ જવાની છે.' મહેતા નરમાશથી કહે, એટલે ગુણવંત હકારમાં માથું હલાવે.

'પછી ગામ જવાના કે?' મહેતા વાત બદલવા પૂછે.

'કંઈ નક્કી નથી; જોઈએ.' ગુણવંત વાળ ઓળવા માંડે.

'રજા-વાંધું કેમનું છે?' મહેતા ગુણવંતની પરિસ્થિતિ જાણતો હોય એટલે બધું હસે. 'હજી વાત મૂકી નથી.' ગુણવંત ગંભીરતાથી કહે એટલે મહેતા પણ થોડો ગંભીર બની જાય.

'બાપાને કેમ છે?' 'સારું છે, હવે તો.'

'કંઈ કાગળ આવ્યો કે?' 'હા, કાલે જ આવ્યો.'

'બા ગામ જ છે કે પછી વઢવાણ?' 'ના, ગામ જ છે.'

'નીતિનના પેપર કેવા ગયા?'

'સારા ગયા છે એમ લખતો હતો. કોને ખબર...'

'મૅટ્રિકને?' 'હં.'

'મૅટ્રિકનો ખાડો તો ભાઈ......' કહેતા મહેતા પોતાની રૂમમાં જાય. ગુણવંત તૈયાર થઈને રૂમને તાળું દે. દાદર ઊતરતાં સામે જો મકાનમાલિક ભેટી જાય તો તેમને ફૉર્માલિટી ખાતર 'કેમ છો' કહે મકાનમાલિક 'અરે, ગુણવંતભાઈ!' કહીને ઊભો રહી જાય તો ગુણવંત તેમની પાસે જાય.

'કેમ છે? આ વખતે તો મળશે ને?' મકાનમાલિક ધીમે અવાજે પૂછે.

'હા, હા; તમે ધીરજ રાખો! આ વખતે જરૂર કરી આપીશ.' કહીને ગુણવંત ચાલવા માંડે.

'અરે પણ વાત તો સાંભળો ગુણવંતભાઈ!'

'હા. બોલો.' ગુણવંત ઊભો રહી જાય.

'તો પછી ક્યારે આવું?' મકાનમાલિક નજીક સરકી આવે.

'હું તમને મળી જઈશ, પગાર થશે એટલે. હજી ત્રણ મહિનાનો પગાર થયો નથી—તમે માનશો?' ગુણવંત કહે એટલે મકાનમાલિક દાદરા ચડી જાય.

ભારત હિંદુ લૉજમાં ગિરદી હોય તો ગુણવંત બાંકડે નંબર લગાવવા બેસે અને ત્યાં પડેલું છાપાનું એકાદ છૂટું પાનું જોવા માટે લે. જેમજેમ અંદર જગ્યા થતી જાય તેમતેમ બાંકડા પરના આગળના નંબરો ખસતા જાય. ગુણવંતનો વારો આવે એવો જ તે છાપું મૂકીને ચપળતાથી ઊઠે.

ઉનાળાની મોસમ હોય તો લૉજના મૅનેજરના ટેબલ ઉપર પાકી કેરીઓ દેખાય. કોઈને જમવા સાથે કેરી લેવી હોય તો તેના જુદા પૈસા ગણાય. કોઈ વાર ગુણવંત જમતાં જમતાં જ મૅનેજરને કેરીનો ભાવ પૂછી જુએ. શરૂઆતના દિવસો હોય તો મૅનેજર રૂપિયાની આસપાસનો ભાવ કહે એટલે ગુણવંત ફરીથી જમવા માંડે. સીઝન ચાલતી હોય ને કેરી સસ્તી હોય તો ગુણવંત એકાદ કેરીનો રસ મંગાવી જુએ.

જમીને ગુણવંત વરિયાળીની ફાકી મારે. કોઈ વાર વળી મૅનેજરને વરિયાળી બાબત 'શેકતા નથી?' પૂછી જુએ, અને મૅનેજર હસીને માથું ધુણાવે તો લૉજના દાદરા ઝડપથી ઊતરીને પોતાને રસ્તે પડે.

દસ ને દસની ફાસ્ટ મળે એમ હોય તો નિરાંતે, નહિ તો ઉતાવળે પગલે ગુણવંત સ્ટેશને પહોંચે. પ્લૅટફૉર્મ ઉપર ગિરદી જેવું જણાય અને ગાડી આવવાને વાર હોય તો ગુણવંત છેલ્લા ડબ્બા તરફ જાય. ગાડી આવે એટલે ધસે. સારા માણસો મળી જાય તો તો ગુણવંત આરામથી રસ્તો કરીને પૅસેજમાં જઈને ઊભો રહી શકે; પણ ઘણી વાર એને અંદર જવાનો મોકો જ ન મળે ત્યારે ઠેઠ સુધી ચઢતા-ઊતરતા માણ-

સોના સ્ટેશને સ્ટેશને ધક્કા ખાયા કરવા પડે. ઑફિસે પહોંચે ત્યારે, શેઠ જો આવી ગયા હોય તો, ગુણવંત સીધો પોતાના ટેબલ ઉપર જાય. નહિ તો વળી હાથ-મોં ધોઈને નિરાંતે ટેબલ ઉપર જાય.

મિસ દલાલને 'કેમ છો?' પૂછી ગુણવંત કામ શરૂ કરે. ઍકાઉન્ટન્ટની નજર એના ટેબલ ઉપર જાય એટલે તરત જ એના નામની બૂમ આવે. ગુણવંત અચકાતાં અચકાતાં અંદર જાય.

'પછી પેલાં સ્ટેટમેન્ટ તૈયાર થયાં કે નહિ?'

'હા, બનાવી જ રહ્યો છું.'

'બનાવી તો તમે છેલ્લા આઠ દિવસથી રહ્યા છો!'

'હવે આજ-કાલમાં...'

'આજ-કાલ આજ-કાલ કરતાં તો તમારી નોકરી પૂરી થશે!'

ગુણવંત થોડીક સૂચનાઓ સાંભળીને પોતાના ટેબલ તરફ પાછો વળે. કામમાં મશગૂલ થાય.

મિસ દલાલ લંચ-ટાઈમમાં યાદ દેવડાવે: 'એઈ મિસ્ટર! કંઈ ઘડિયાળ સામે જુઓ છો કે?' એટલે ગુણવંત ખળભળી ઊઠે. ટેબલ બંધ કરીને ઑફિસની બહાર નીકળે. પાણી ભરવા માટેનું એક પીપ લેવાનું યાદ આવે તો લુહાર ચાલમાં જાય. ભાવ-તાલ કરી જુએ. પરવડે એવું ન હોય તો આટલો ઉનાળો ગબડાવી કાઢવાનું નક્કી કરીને માંડી વાળે.

રસ્તામાં કોઈ વાર શાહ ઍન્ડ કંપનીવાળા રમણલાલ મળી જાય તો ખબર-અંતર પૂછે: 'કેમ ગુણવંત, કેમ ચાલે આજ-કાલ?'

'ઠીક છે, બસ!' ગુણવંત માંદલું હસીને જવાબ આપે.

'કેમ આવતો નથી આજ-કાલ ઑફિસે?'

'કામ જ એટલું રહે છે ને...' 'તો, ઘરે તો આવ કોઈ વાર...'

'હા. આવવાનો જ વિચાર કરતો હતો! તમારું કામ હતું જરા...'

'તો બોલને ભાઈ...' રમણલાલ સ્નેહથી ખભે હાથ મૂકે.

'પાર્ટ-ટાઈમ નોકરી બાબતમાં તમને જરા પૂછવું હતું!' ગુણવંત ઓશિયાળું હસીને કહે. રમણલાલ કાકા નીચું જોઈને થોડી વાર વિચાર કરે. પછી: 'હું જોતાને પૂછીને કહીશ.' કહીને ગુણવંતના શેઠ વાળડ. [illegible]

'ભલે.' કહીને ગુણવંત હાથ ઊંચા કરીને છૂટા પડે.

ઑફિસમાં દાખલ થતાં જ, મિસ દલાલ બેઠી હોય તો મજાક કરે: 'તમે તો 'હૅવમોર'માં ગએલા કે, કેમ? બહુ વાર લાગીને લંચ લેતાં!'

ગુણવંત જવાબમાં હસે અને પોતાના ખાનાને ચાવી લગાડે.

સાંજની ટપાલમાં કોઈ વાર ગુણવંતનો કાગળ આવે. ઍકાઉન્ટન્ટની બૂમાબૂમ ન હોય અને શેઠ કૅબિનમાં ન હોય, તો ગુણવંત કામના કાગળો પર પેપરવેઈટ મૂકે. કાગળ ફોડીને વાંચતો હોય ત્યારે મિસ દલાલ આતુરતાથી ગુણવંતના ચહેરાના ભાવનું નિરીક્ષણ કરે. ગુણવંત કાગળ બંધ કરીને સહેજ મલકાય અને પછી ફરીથી પોતાનું કામ શરૂ કરે.

સાંજના છૂટતી વખતે ગુણવંત મિસ દલાલને ટોકે: 'હવે જરા ઘડિયાળ સામે પણ જુઓ! છ વાગી ગયા!'

'ઓહ! આઈ સી!' કહીને મિસ દલાલ સફાળી ઝબકી જાય અને ગુણવંતના ચહેરા ઉપરના ખુશાલીના ભાવને જુએ. ગુણવંત પોતાનું ખાનું હસતાંહસતાં બંધ કરે. 'આજે કંઈ બહુ ખુશમાં જણાઓ છો ને, ગુણવંતભાઈ!' મિસ દલાલ હસીને નોંધ લે.

'નાઆઆઆ રે...' ગુણવંત હસતાંહસતાં જ કહે.

'હા, હા. તમે ના કહો તેથી શું? કાગળ વાંચતા હતા ત્યારથી જ હું તો જાણી ગઈ હતી!' મિસ દલાલ હોઠના ખૂણામાં હસે.

'કાગળમાં તો ખુશ થવા જેવું ખાસ કંઈ નથી!' ગુણવંત ખુલાસો કરે.

'તો પણ કંઈક તો છે જ ને!' મિસ દલાલ ટેબલનું ખાનું બંધ કરે.

'કંઈક છે ખરું, પણ હસવું આવે એવું નથી!'

'કેમ?' મિસ દલાલ આશ્ચર્યથી આંખો પહોળી કરે.

લઘુકથા

નાપાસ

રાવજીભાઈ કઢિયા

પરીક્ષાના પરિણામનું કાર્ડ લઈને શિયાંવિયાં થતો નીલેશ ઘેર આવીને મમ્મી પાસે બેસીને ખૂબ રડ્યો. મમ્મી પપ્પાને ન કહે તો સારું એવું એને થતું હતું. એટલે તો એ ઘરના એક ખૂણામાં ભરાઈ રહ્યો અને પપ્પા જમીને ઑફિસે ગયા પછી જ એ બહાર નીકળ્યો. જનક એને રમવા બોલાવવા આવ્યો, પણ આજ એને રમતમાં જરા ય રસ ન હતો. આખો દહાડો એ ઘરમાં ગોંધાઈ રહ્યો.

સાંજે જેવા પપ્પા ઘેર આવ્યા એવો જ એ એક બાજુ સરી ગયો. પપ્પાએ એના તરફ તદ્દન લુખ્ખી નજરે જોયું. એને થયું કે પપ્પા હમણાં મારી ખબર લઈ નાખશે; પણ પપ્પા તો એને લેખવ્યા વિના સીધા પોતાની રૂમમાં જઈને બેસી ગયા. ગુનેગારની જેમ નીલેશ દૂરથી એમની સામે જોઈ રહ્યો. એની આંખ રડુંરડું થઈ રહી. 'પપ્પા મારી સાથે બોલતા કેમ નથી? મને કશું પૂછતા યે નથી!' ધીમેધીમે એ બીજા ઓરડામાં જઈ દફતર લઈને બેઠો.

'હું નાપાસ થયો એમાં પપ્પા આજ કેવા થઈ ગયા છે! મારાથી એ કહી રીસાતા નથી; અને આજ...' આ વિચારે એની આંખમાંથી આંસુની ધારા ચાલીને ચોપડી પર ટપકવા લાગી અને તેણે એક ડૂસકું ખાધું. થોડી વારે એણે ધીમે ધીમે આંખો લૂછી અને ચોપડીમાં આંખો પરોવી શૂન્ય મનથી થોડાં પાનાં ફેરવ્યાં.

પણ એને ચેન ન પડ્યું. ફરી એણે પપ્પાના ઓરડા તરફ નજર કરી. હજી એ શૂનમૂન બેઠા હતા. પપ્પાના આ વલણથી એ તદ્દન લેવાઈ ગયો. એને દોડીને કહેવાનું મન થયું: 'પપ્પા, મને માફ કરો. એવું હોય તો મને બે તમાચા મારો. પણ તમે બોલો...' પછી એ ધીમેથી ઊભો થઈને મમ્મી પાસે ગયો: 'મમ્મી, હું હવે બરાબર વાંચીશ. હું હવે કદી રમવા નહિ જાઉં. તું જઈને પપ્પાને કહેને...' એટલું કહેતાં કહેતાં તો [illegible] એની આંખો ઊભરાઈ ગઈ ને ધીરે રહીને પાછો ચોપડી લઈને બેસી ગયો.

થોડી વારે મમ્મી રસોડામાંથી બહાર આવીને નીલેશના પપ્પા પાસે જઈને ઊભી રહી: 'નીલુ નાપાસ થયો એમાં આટલા ઉદાસ શું થઈ ગયા છો? છોકરાં તો રમતિયાળ હોય જ, જુઓ તો ખરા, એ કેવો રડે છે! ને રોયો, પાછો ભણવા બેસી ગયો છે!'

ધીમેથી ડોક ફેરવીને નીલેશના પપ્પાએ એ તરફ જોયું...પત્નીના શબ્દો ફરી વાગોળ્યા...અને બોલ્યા: 'મને એનું દુઃખ નથી. પણ મેં પેલી પરીક્ષા આપી હતીને?—ખાતાની?—એમાં હું નાપાસ થયો છું.'

'કારણ આજે મારી લગ્નની પ્રથમ વર્ષગાંઠનો દિવસ છે!'

'એએએએએ......મ?' મિસ દલાલ થંભી જાય.

'હા; મારી વાઈફ લખે છે કે આજનો દિવસ તો જરા તારીખના પાના સામે ધ્યાનથી જોજો! આજે સાંજના છ વાગ્યે આપણા હસ્તમેળાપનું શુભ મુહૂર્ત છે! અને તે પ્રમાણે તમારે તો આજે ઘોડે ચડીને આવવાનું છે! તો મંડપ સજાવીને બધાં તમારી વાટ જોતાં હશે ત્યારે, રોજ પ્રાઈમસની પિન લાવવાનું ભૂલી જાઓ છો એમ, ઘોડે ચડીને આવવાનું તો ભૂલી નહિ જાઓ ને!'

મિસ દલાલ અને ગુણવંત એકસાથે જોરથી હસી પડે.

'તમારાં વાઈફ હમણાં દેશમાં છે?'

'હા. લાંબી રજા ઉપર ગયાં છે ને!' ગુણવંત મૂછમાં હસે અને સવારના વાસી છાપાને ઘડી વાળીને પોતાની બગલમાં મૂકે.

ઑફિસની બહાર નીકળ્યા પછી ગુણવંતની ઝડપ એકાએક જ વધી જાય. છ સત્તરનો 'ડબલ ફાસ્ટ' ચૂકી જવાય તો પછી......... □

નૃત્ત, નૃત્ય અને નાટ્ય

—લેખક
સુનીલ કોઠારી

૧ ભરતનાટ્યમ્ પ્રાણપ્રતિષ્ઠા

આ વિષયની ભૂમિકા તરીકે આ સદીનાં શરૂનાં વર્ષોમાં જે કેટલીક મહત્ત્વની ઘટનાઓ બની તેની ઊડતી નોંધ શરૂમાં લેવી જરૂરી છે. આપણે જે સ્વરૂપે આજે ભરતનાટ્યમ્ નૃત્યની રજૂઆત જોઈએ છીએ તે શૈલીનાં નૃત્યોની આરંભનાં વર્ષોમાં માઠી દશા હતી. એક તો ત્યારના જે દેવદાસી વર્ગમાં આ કલા સીમિત હતી તેની સામાજિક અપ્રતિષ્ઠાને કારણે; અને બીજું, પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવ હેઠળ આવેલા આપણા સામાજિક નેતાઓએ વિક્ટોરિયન મૂલ્યોની અસર નીચે જે સુધારા કરવા ધારેલા તેના પરિણામે કળાઓને જે વેઠવું પડ્યું તે. વાસ્તવમાં એ ધગશને કારણે કદાચ નૃત્યકળાને આપણા સામાજિક જીવનમાંથી હદપારી જ મળી હોત. પરંતુ સારે નસીબે વિખ્યાત નર્તકી પાવલોવાએ પોતાના ભારતીય કથાનકવાળા 'બૅલે' માટે કોઈ મદદનીશની શોધ કરતાં ઉદયશંકરને લંડનમાં શોધી કાઢ્યા, અને થવા કાળ, તે એ પરદેશી નર્તકીએ જ આપણા નૃત્યવારસાને ઉગાર્યો.

એ ઈ. ૧૯૨૯ના વર્ષમાં ભારતમાં નૃત્યપ્રવાસે આવી. તેણે અનેક આગેવાનો, શિક્ષણશાસ્ત્રીઓ, સમાજના ચારિત્ર્યની રખેવાળી કરનાર બડેખાંઓ વગેરેને ભારતીય શાસ્ત્રીય નૃત્યો વિષે પૂછ્યું. જો મંદિરમાં નર્તકીઓ નૃત્ય કરતી હોય તો તે જોવાની ઉલટ બતાવી. પણ આવી અધમ કળાની તેને ઝાંખી પણ કેમ કરાવાય! એ ઉપરાંત, તેણે જેનેજેને પૂછ્યું તે તે લોકોને નૃત્ય વિષે કશી માહિતી નહોતી. પરિણામે તેને રામજણીઓ, બાઈજીઓ અને વારાંગના વર્ગમાં જળવાએલાં 'નાચ' તરીકે ઓળખાતાં નૃત્ય જોઇને જ સંતોષ માનવો પડેલો. પાવલોવાને મંદિરોમાં થતાં નૃત્યોની અને તે નૃત્યો કરનાર સ્ત્રીઓ 'બાયાદેર' (Bayadere) કહેવાતી તેની ખબર ખરી; પણ તેમનાં નૃત્યો તે જોવા પામી નહિ. પછી જ્યારે ઉદયશંકરે બૅલે વગેરે શીખવા નિર્ધાર કર્યો ત્યારે એ ભલી બાઈએ તેમને ભારત પાછા ફરવાનું કહી ભારતીય નૃત્યોની ભાળ કાઢવા ખાસ ભલામણ કરી; અને ઉદયશંકરે તે સૂચન અનુસાર ભારત પાછા ફરી જે યુગવર્તી કાર્ય કર્યું તેનો પ્રતિહાસ તો જાણીતો છે.

એ અગાઉ, ઠેઠ ૧૯૧૭માં, ગુરુદેવ ટાગોરે મણિપુરી નૃત્યો જોએલાં અને પોતાની સંસ્થા 'શાંતિનિકેતન'માં તેના વ્યવસ્થિત શિક્ષણની જોગવાઈ કરેલી. કેરળમાં એવા જ અન્ય વિચક્ષણ આર્ષ દ્રષ્ટા કવિ વલ્લત્તોળે કથકલીનું સૌંદર્ય પારખી તેના સમુદ્ધાર માટે ૧૯૩૦માં 'કેરળ કલામણ્ડલ'ની સ્થાપના કરી. તે પછી ઈ. ૧૯૩૬માં મૅડમ મેનકા બર્લિનના આંતરરાષ્ટ્રીય નૃત્ય સમારોહમાં જઈ કથક નૃત્ય રજૂ કરી અનેક ઈનામો ને માનપત્રો લઈ આવેલાં. આમ, આ સદીની વીસી ને ત્રીસીમાં રાષ્ટ્રીય આત્મભાન સાથે આ કળાને પુનર્જીવન પ્રાપ્ત થયું.

આ અરસામાં જ ભરતનાટ્યમના પુનઃ પ્રતિષ્ઠાન માટે મદ્રાસમાં ઐતિહાસિક ચળવળ શરૂ થઈ. દક્ષિણ ભારતનાં મંદિરોમાં વર્ષોથી દેવદાસીઓ ભરતનાટ્યમ્ પરંપરાનાં નૃત્યો રજૂ કરતી હતી; પરંતુ તેમની પડતી દશા થતાં ભરણપોષણ માટે જ્યારે તેમણે વારાંગના તરીકે વ્યવસાય અપનાવ્યો અને ભદ્ર સમાજમાં તેઓ હડધૂત થઈ ત્યારથી ભરતનાટ્યમ્ નૃત્યપ્રકાર નિંદ્ય ગણાવા લાગ્યો. બ્રિટિશ શાસન હેઠળ તો એ કળાના ઉત્તેજન માટે કોઈ પ્રયત્ન નહોતા; ઊલટાનું તેને નાબૂદ કરવા માટે મોટા પાયા પર 'ઍન્ટી નાચ મૂવમેન્ટ' (Anti Nautch Movement)ની ચળવળ શરૂ થઈ; અને લંડનથી એક મિસ ટેનન્ટ નામે બાઈએ આવી સમાજના ધુરંધરો, આગેવાનો, પ્રતિષ્ઠિત સભ્યો, શિક્ષણશાસ્ત્રીઓ વગેરે પાસેથી એક પરિપત્ર પર સહીઓ ઉઘરાવી આ કળાની જડ કાઢવાના પ્રયત્નો જ્યારે શરૂ કર્યા ત્યારે મદ્રાસના અગ્રણી ધારા-



તીરૂવલપુત્તુરની કલ્યાણી ભગિનીઓ. સ્વ. ઈ. કૃષ્ણ આયરની પ્રેરણાથી ઈ.૧૯૩૧માં તેમણે જાહેરમાં ભરતનાટ્યમ્ રજૂ કરેલું. આ રીતે રજૂ થનાર એ પ્રથમ સ્ત્રી-કલાકારો હતી અને એની સામે ત્યારે મોટોવિતંડાવાદજાગેલો (સ્કેચ : કે. ઍમ્બ્રોઝ)

શાસ્ત્રીઓ, પંડિતો વગેરે પણ તેને મદદ કરવા ઉદ્યુક્ત થયા! એ વર્ષોમાં સ્ત્રી-ડૉક્ટરોમાં પ્રથમ પહેલ કરનાર એક વિદૂષી ડૉક્ટર શ્રીમતી મુથુલક્ષ્મી રેડ્ડીએ પણ એ નૃત્યવિરોધી ચળવળનું સુકાન સંભાળેલું, તે શ્રીમતી-તેમણે લેજિસ્લેટિવ ઍસેમ્બલીમાં દેવદાસી બિલ રજૂ કરેલું અને એ પ્રથાને દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવેલી.

'કુમાર'માં અગાઉ (અંક ૪૨૧માં) આપણે જોઈ ગયા છીએ કે એક જાણીતા ધારાશાસ્ત્રી ઈ. કૃષ્ણ આયરે એ ચળવળનો પ્રતિકાર કરેલો અને ભરતનાટ્યમનું પુનઃ પ્રતિષ્ઠાન કરવામાં તેમણે આજીવન સેવાઓ આપેલી. ઈ. ૧૯૨૬થી તે મેલટ્ટૂરના સંમાન્ય ગુરુ નટેશ આયર પાસે ભરતનાટ્યમ્ શીખતા હતા. તેમણે લાગટ સાત વર્ષ લગી, એ કળાના આંતરિક સૌંદર્યની સમાજને જાણ થાય એટલા માટે, કશીય શરમ વિના સ્ત્રી-પોશાક ધારણ કરી તેની વારંવાર રજૂઆત જાહેર મંચ પર કરી હતી અને તેના વિષે વૃત્તપત્રોમાં લેખો લખી જનમત કેળવ્યો હતો. ઈ. ૧૯૨૮માં એમણે મ્યૂઝિક ઍકેડેમીની સ્થાપના કરી. અને એ સંસ્થાના આશ્રયે સંગીત તથા નૃત્યક્ષેત્રે મોટી સેવાઓ કરી. તેમણે ૧૯૩૨ના ડિસેમ્બરમાં તેના રંગમંચ પર તીરૂવલપુત્તુરની કલ્યાણી સિસ્ટર્સનો ભરતનાટ્યમ્ નૃત્યોનો પહેલ પ્રથમ પ્રયોગ ગોઠવ્યો અને સમાજમાં હાહાકાર મચી ગયો! આવી માતબર સંસ્થા આવા નિંદ્ય નૃત્યપ્રયોગને આમ સર્વમુખી સ્વીકૃતિ આપે તે હકીકત નૃત્યવિરોધી ચળવળના આગેવાનોથી સાંખી શકાઈ નહિ. એવામાં થયું એવું, કે મદ્રાસ ઈલાકાના ત્યારના નવા મુખ્ય પ્રધાન બોબ્બીલીના રાજાના માનમાં દેવદાસીના નૃત્યનો એક કાર્યક્રમ યોજાયો. તે વિષે જાણીને ડૉ. મુથુલક્ષ્મી રેડ્ડી ઘણાં નારાજ થયાં અને તે વિષે તેમણે છાપાંઓમાં પત્રો લખી આવા પ્રસંગની ઝાટકણી કાઢી. ઈ. ૧૯૩૨ના 'હિંદુ' અને 'મેઈલ' દૈનિકોના ૨ અને ૩ ડિસેમ્બરના અંકોમાં તેમના વિરોધથી મોટો ચર્ચાવંટોળ ઊઠ્યો, જેને પરિણામે નૃત્યના પુરસ્કર્તાઓની જીત થઈ અને નૃત્યને લોકોએ સ્વીકાર્યું.

ડૉ. મુથુલક્ષ્મી રેડ્ડીએ મદ્રાસની જનતાને હાકલ કરી: 'આજથી અરધી શતાબ્દી પૂર્વે સમાજના આગેવાનોએ શરૂ કરેલી નૃત્યવિરોધી ચળવળની હું લોકોને યાદ અપાવું છું. તેની સફળતા વિષે બે મત છે જ



ભારતીય નૃત્યોની કલાસમૃદ્ધિને પરખનાર રશિયન નર્તકી આના પાવલોવા



દક્ષિણ ભારતનાં મંદિરોમાં દેવપૂજાના એક વિધિ તરીકે દેવદાસી વર્ગમાં સચવાએલી ભરતનાટ્યમને એક હીન કળા ગણી તેની સામે 'દેવદાસી લેજિસ્લેશન' પસાર થતાં જ્યારે એ નૃત્યકળા સદંતર નાબૂદ થવાનો ભય ઊભો થયો ત્યારે ગુરુદેવ ટાગોરના એક સૂચનને શિરોધાર્ય ગણી પોતાની ધીકતી વકીલત છોડી, લાગટ છ વર્ષ ભરતનાટ્યમનો અભ્યાસ કરી, જાતે સ્ત્રીવેષ ધારીને એ કળાના અંતર્ગત સૌન્દર્યને સમજાવતાં સપ્રયોગ વ્યાખ્યાનો અને લેખો દ્વારા સ્વ. ઈ. કૃષ્ણ આયરે એના પરત્વેની ભદ્રસમાજની સૂગ દૂર કરવા ભગીરથ પ્રયાસ કરેલો.

નહિ. હું ધારું છું કે પ્રજા આવા નિંદ્ય કળાપ્રકારને દફનાવશે. મુખ્ય પ્રધાનના દરજ્જો ધરાવનાર સમજદાર અને જવાબદાર વ્યક્તિઓ આવા દૂષણને પોષે નહિ અને ઉત્તેજન આપે નહિ તે જરૂરનું છે.' આનો શ્રી કૃષ્ણ આયરે સણસણતો જવાબ આપ્યો: 'કોઈ પણ સાંસ્કૃતિક વારસાને આમ કલમના એક લસરકે નષ્ટ કરવો એ તો ઘણું સહેલું છે, પણ તેને જાળવવો કે તેની યોગ્ય પ્રતિષ્ઠા કરવી એ ઘણું વિકટ કાર્ય છે. એ દુર્ઘટ કાર્ય, કળાના હેતુ વિષે વિભ્રમ સેવનાર, સામાજિક સુધારાનાં વધુ પડતાં ઉત્સાહી કાર્યકરો દ્વારા સિદ્ધ નહિ થાય. ભારતીય જીવન વિષે યોગ્ય દૃષ્ટિબિંદુ ન કેળવવાને કારણે આવા ઉત્સાહી કાર્યકરો જ આપણી કળાઓનું સત્યાનાશ કાઢશે.'

'મેઈલ' દૈનિકે ૧૭મી ડિસેમ્બરના અંકમાં સામાજિક આગેવાનોના અભિપ્રાયો ટાંક્યા, અને ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. એ બધા દસ્તાવેજો જોતાં તત્કાલીન સામાજિક વલણ, લોકોની મનોવૃત્તિ અને પ્રવર્તમાન પરિસ્થિતિ વગેરેનો ખ્યાલ આવે છે. પંડિતો, વિદ્વાનો, હાઈકોર્ટના જજ સાહેબો વગેરેએ પણ નૃત્ય વિરુદ્ધ પોતાના મત જાહેર કર્યા. સદ્‌ગત વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી, સદ્‌ગત શ્રી ટી. એલ. વેંકટરામ શાસ્ત્રી ઈત્યાદિ સુજ્ઞ પુરુષોએ પણ નૃત્યને નિંદ્ય ગણ્યાની નોંધ આજે મોજૂદ છે! પરંતુ કૃષ્ણ આયરે આ બધાનો એકલે હાથે સામનો કરી ફરીથી ઈ. ૧૯૩૩ના જાન્યુઆરીની પહેલી તારીખે તે જ દેવદાસી કળાકારો તીરૂવલપુત્તુર કલ્યાણી સિસ્ટર્સને મ્યૂઝિક ઍકૅડેમીના રંગમંચ પર જ રજૂ કરી જનતાને ભરતનાટ્યમ્ એ કેવી ઉચ્ચ કળા છે તે બતાવી આપ્યું. પેલા ઐતિહાસિક ચર્ચાવંટોળ પછી તે દિવસે લોકો પણ એ નૃત્ય જોવા એટલી હદે એકઠા થએલા કે સભાગૃહમાં પ્રવેશ કરવા લોકોએ પડાપડી કરી અને નૃત્યપ્રકારનો સ્વીકાર કરી તેની પ્રતિષ્ઠા કરી. આમ ઈ. ૧૯૩૩ની ૧લી જાન્યુઆરીનો દિવસ ભરતનાટ્યમના પુનરુત્થાનમાં મહત્ત્વનું સીમાચિહ્ન બની ગયો. તે દિવસથી ભરતનાટ્યમના ઐતિહાસિક યુગનો આરંભ થયો.

આ પ્રસંગે નૃત્ય જોવા ઉપસ્થિત આગેવાનોમાં શ્રીમતી રુક્મિણી દેવી પણ હાજર હતાં. તેમણે આ પૂર્વે ભરતનાટ્યમ્ નૃત્યો જોયાં નહોતાં. કાર્યક્રમ પૂરો થયા બાદ તેમણે શ્રી કૃષ્ણ આયરને બોલાવ્યા અને પોતે નૃત્ય શીખવાની ઇચ્છાની જાહેરાત કરી અને તે માટે યોગ્ય ગુરુઓની વ્યવસ્થા કરવાનો ભાર તેમને સોંપ્યો. એક ઉચ્ચ બ્રાહ્મણ કુળની કુલીન કન્યાની આ ધૃષ્ટતાથી સમાજ ચોંકી ઊઠ્યો. રુક્મિણીદેવીએ મયલાપુરના કાપાલીશ્વર મંદિરની વિખ્યાત દેવદાસી સદ્‌ગત મયલાપુર ગૌરી અમ્મા પાસે ભરતનાટ્યમ્ શીખવું શરૂ કર્યું. અને ઈ. ૧૯૩૬માં ભરાએલા થીઓસોફિકલ સોસાઍટીના ક્ન્વેન્શન પ્રસંગે તેમણે જાહેર રંગમંચ પર ભરતનાટ્યમ્ રજૂ કર્યું! તેમના આ પગલાથી ભરતનાટ્યમને ભદ્રવર્ગમાં પ્રવેશ મળ્યો અને અન્ય કળાકારો તથા બ્રાહ્મણ કુળની કન્યાઓ એ શીખવા કટિબદ્ધ થઈ. પછી તો એમણે એ કળા શીખવવા માટેની નૃત્ય-સંસ્થા 'કલાક્ષેત્ર'ની સ્થાપના કરી અને ભરતનાટ્યમના સર્વમાન્ય શ્રેષ્ઠ ગુરુ પંડનલ્લુર ગામના વિદ્વાન મીનાક્ષીસુંદરમ્ પિલ્લે તથા તેમના જમાઈ ચોકલિંગમ્ પિલ્લેએ ત્યાં નૃત્ય શીખવવું શરૂ કર્યું. આમ ભરતનાટ્યમ્ નૃત્ય સમાજમાં સ્થિર થયું.

(ચાલુ)

નવી લેખમાળા: 'કુમાર'ના બે લોકપ્રિય લેખકો ચન્દ્રવદન મહેતા અને સુનીલ કોઠારીની

જુગલબંધી

એટલે

ફરી ડેન્માર્ક, ઇંગ્લૅન્ડ, યુનાઇટેડ સ્ટેટ્સ ને યુરોપનો પ્રવાસ

૧ ફરી 'બન ગઈ!'

પ્રવાસ તો ઘણા ખેડે છે: કેટલાક અકેલા, કેટલાક સંઘમાં. દર છાશવારે છાપું ખોલો તો મદુરા, કાશ્મીર, ખટમંડુ, બદરીનાથ યા યુરોપનાં પાંચસાત મોટાં શહેરોની; કાં તો કોઈ ખાસ ટ્રેઈન યા ચાર્ટર્ડ-પ્લેઈન જવાની તારીખોની જાહેરાત વાંચવા મળશે. કોઈ એકલદોકલ, સાઈકલ ઉપર યા પગપાળા પ્રવાસે ઊપડશે. પણ ઉમરમાં નાનામોટા બે દોસ્તદારો કોઈ અણધાર્યા પ્રવાસમાં ઊપડયા હોય, અને પહેલાં સિતારનો આલાપ, પછી તબલાંની સંગત, પછી બંનેની સાથે રમઝટ; ક્યાંક તબલાં પોતીકી અલાયદી-અનોખી થાપ થપ્પીઓ આપ્યે રાખે, તો ક્યાંક સિતાર ઉપર અકેલી ઝાલર જમાવાય; ફરી સાથે, ફરી અકેલા, ફેર સાથે, એમ જે સંગીતની જુગલબંધી ચાલે છે એવી એક ૧૯૭૧ના ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં પ્રવાસની જુગલબંધી યોજાઈ તે આ.

એમાં ફરી આપણે આપણા પ્રખ્યાત ખાંસાહેબ ફૈયાઝખાંને યાદ કરવા પડે—આલાપ માટે નહિ, પણ ગાતાં કદીક તાનપલટામાં અજીબ સૂર લાગી જાય, અને શ્રોતાઓ 'વાહ વાહ! કયા બાત!' બોલી નાખે, ત્યારે ખાંસાહેબ જેમ સલામ ભરી કહેતા: 'બન ગઈ! કભી સૂર નિકલ જાતા હૈ'—એમ આ જુગલબંધી પણ બન ગઈ! 'બન ગઈ' એટલે? કાગળ-પેન્સિલ લઈ આ તારીખ, આ સ્થાન, આ ફ્લાઈટ, આ મથક, એમ આગોતરી નોંધ કરી, એની બે નકલ ગજવામાં રાખી પ્રવાસે નીકળ્યા હોત તો જે રીતે આ ઘટના બની એ રીતે, એટલા આશ્ચર્ય સાથે, આવી જુંગલબંધીમાં ન બનત. માટે જ 'બન ગઈ'!

બે વ્યક્તિઓ આ પ્રવાસમાં સંડોવાઈ છે: એક ચન્દ્રવદન મહેતા, ને બીજા સુનીલ કોઠારી. બંનેને ભણતરમાં-ભણાવવામાં, સ્વભાવની તેજીમદીમાં, પહેરવેશના ઘાટઘૂટમાં, કોઈ પ્રકારની નિસ્બત નહિ; કોઈ લાંબા કાળની મૈત્રી પણ નથી. એકને નાટકમાં રસ, બીજાને નૃત્યમાં. બંનેને એ બંનેનાં શાસ્ત્રમાં રસ. એ ઉપરાંત કોઈ માડીજાયો હૈયાફૂટયો એવું કહેતો નીકળ્યો કે એ બંને શાસ્ત્રોમાં એવું કશું કૈંક છે જ નહિ, તો આ બે ભડવીરોને તરત જ, ત્યાં જ, કુસ્તીનું મેદાન ખડું કરી, ભલભલા સામે ટક્કર ઝીલી, મેદાન સર કરવામાં રસ—એટલું સરખાપણું ખરું.

યુરોપમાં આઈ. ટી. આઈ. (ઈન્ટરનૅશનલ થીએટર ઇન્સ્ટિટયૂટ) સંસ્થા, પારી(સ)માં એનું વડું દફતર, અને દર બબ્બે વર્ષે એનાં સંમેલનો યોજાય-એ વિષે તો ગઠરિયાંનાં લખાણોમાં ઘણી વાર વર્ણનો તથા ઈશારા આવી ગયા છે. એની જુદેજુદે મથકે ભરાએલી કૉન્ફરન્સો વિયેના, વૉર્સો, હેલસિન્કી, ન્યૂ યૉર્ક, બુદાપેસ્ત—જી, મુંબાઈ પણ ખરું—એની હકીકત પ્રગટ થઈ ચૂકી છે. એમ જ દર બબ્બે વર્ષે થીએટર્સ રીસર્ચ કૉન્ફરન્સ પણ જુદેજુદે સ્થળે ભરાતી રહે, અને એમાં એક પ્રતિનિધિ તરીકે મોટે ભાગે મારી હાજરી રહે. એનું એક સંમેલન ઈ. ૧૯૬૯માં ન્યૂ યૉર્કમાં ભરાએલું. ત્યાં થએલી એકાદ બે ચર્ચાના પરિણામે ઈ ૧૯૭૧માં ડેનમાર્કમાં એના મુખ્ય શહેર કોપનહેગનમાં ભરાનાર સંમેલનમાં મને ખાસ નિમંત્રણ મળ્યું. એમાં હાજર રહેવાનું મેં બીડુ તો ઝડપ્યું, પણ ત્યાં હાજરી આપવામાં કસોટી આકરી હતી. એમાં જવાનો જે મોકો મળી ગયો એ જુગલબંધની આ વાત છે.

આ 'થીએટર રીસર્ચ'ની સંસ્થા તે 'ઈન્ટરનૅશનલ થીએટર ઇન્સ્ટિટ્યૂટ' થકી જુદી સંસ્થા. પહેલીમાં નાટક, નાટકકાર, રજૂઆત, અભિનયની શૈલી. બાળનાટક, નવાં નાટકો, એવાએવા વિષયોની ચર્ચા થાય; આ બીજી સંસ્થામાં મહારથીઓ અદ્યતન નહિ પણ પ્રાચીન રૂપબંધોની—જૂની નાટકશાળાઓની બાંધણીની, એના સેટિંગ્સનું આયોજન કરનારાઓની ચર્ચા કરે, મુખ્યત્વે સંશોધન કરે. ઈ. ૧૮૨૫માં 'ફાઉસ્ટ'નું નાટક ક્રિસ્ટૉફર મરેએ શી રીતે કર્યું? અઢારમી સદીમાં ઑસ્ટ્રિયામાં પહેલાં થીએટરો કેવા પ્રકારનાં ને કોણે બાંધ્યાં? સ્ટાઈન્ડબર્ગની નાટયકલામાં એણે પ્રયોજેલા 'થીએટર ઑવ ધ ટ્રાન્સ'નો મર્મ શો? દેશપરદેશમાં થીએટરની કલા-કારીગરીનાં સંગ્રહસ્થાનો કેટલાં, ક્યાં અને એને સાચવવાં કેમ? સત્તરમી સદીમાં અંગ્રેજોની નટમંડળી ઈટાલી ફરવા ગઈ, તો ત્યાંથી શું શું લઈ આવી? યુરોપની યુનિવર્સિટીઓમાં કેવા પ્રકારનું નાટયશિક્ષણ અપાય છે, અને તે ક્યાં ક્યાં અને ક્યારથી?—એવાએવા એના વિષયો. બંને સંસ્થાઓ એક બીજીની પૂરક, પણ બંનેનાં કાર્યક્ષેત્રો જુદાં અને બંનેના કારભારીઓ પણ જુદા.

મારા જેવા થોડા નસીબદાર બંને સંસ્થાઓમાં પ્રતિનિધિ. બાકી બંનેનાં સંમેલનોમાં જુદી જ ઘાટીની ને અનોખા દિમાગની વ્યક્તિઓ જોવા મળે. મારું સ્થાન આ બંનેમાં હોવાનું એક બીજું યે મહત્ત્વનું કારણ છે. આવી સંસ્થામાં આપણે ત્યાંથી જાય કોણ? જાય જેને સરકાર મોકલે તે. તેમને એમાં જરા યે રસ ન હોય એટલે એકાદવાર આંટો મારી આવે ને પછી છૂ! પહેલી સંસ્થામાં તો નવાનવા નાટકકારોને મળવા-જોવા શરૂમાં પાંચદસ વ્યક્તિઓ જઈ આવી; પણ તે બધી વખતે કા તો કોઈ ખુરશીએ બેસવા ને મફતનું ગાડીભ ડું લેવા. પણ બીજી સંસ્થામાં તો ભાગ્યે જ કોઈ તુરકી-ઈરાન કે હિન્દ-જાપાનના પ્રતિનિધિઓ મળે! કહેવડાવે આંતરરાષ્ટ્રીય, પણ બધો મેળોભેળો યુરોપનો. પૈસા મળતા હોય તો યુનાઇટેડ સ્ટેટ્સનો થોડો જમેલો; પણ યુનાઇટેડ સ્ટેટ્સમાં બસો વર્ષ પહેલાંની સાધનસામગ્રીમાં મળે શું? ક્યાંક થોડાં હાડકાં, અને વહેતી નદીઓ. એમાં નાટક-નાટકશાળાનાં સંશોધનો શું કરે?

ઈ. ૧૯૬૯માં ન્યૂ યૉર્કની કૉન્ફરન્સમાં મને ખાસ હાજર રહેવા નિમંત્રણ મળેલું. અમે ત્રણ જણ હતા: એક કોરિયાના, બીજા જાપાનના અને ત્રીજા હસ્તે પોતે. કોકની મીઠી ઓળખાણનાં પુણ્ય ઊગી નીકળ્યાં હશે, તે આવનજાવનની ટિકિટ અને હોટેલમાં રહેવાનું બધું એમને ખર્ચે ગોઠવાયું. ઉપરાંત ખિસ્સાખર્ચના સો ડૉલર રોકડા હાથમાં મૂકવામાં આવ્યા તે જુદા. અને આવો લાભ મળે તો એને સાર્થક તો કરવો જોઇએ. કંઈક ચર્ચાસભામાં ભાગ લેવો જોઇએ, ક્યાંક આપણી આબરૂ બઢે એવું કરવું જોઇએ. એને પરિણામે ૧૯૭૧ની આખરમાં કોપનહેગનમાં ભરાનારા સંમેલનમાં બંદાને 'અઢારમી સદીના ભારતના નૃત્યબંધો' ઉપર બોલવાનું નોતરું! સમય એક આખી સવાર—નવ વાગ્યાથી એક વાગ્યા સુધીનો મળ્યો. એ સંમેલનમાં યુરોપની અઢારમી સદીમાં બંધાએલી નૃત્યશૈલીઓ ઉપર સાત દિવસ ચર્ચા ચાલવાની હતી. એમાં આંતરરાષ્ટ્રીય છાંટ યા ઓપ આપવા એક દિવસ ભારત, અને બીજે દિવસે જાપાનના પ્રતિનિધિઓને નિમંત્રણ.

મેં એમને લખ્યું કે અમારા ભારતમાં દર સદીએ નવી નૃત્યશૈલીઓ નથી પેદા થતી. એ તો બે હજાર વર્ષો પહેલાંથી ઉદ્‌ભવ પામતી આવી છે. આજે એવી ચાર છે. તેમાંની ચોથી કથકલી પણ સોળમી સદીમાં ઉદ્‌ભવેલી. પણ એનાં મૂળિયાં કથાને હિસાબે તો ઓર જૂનાં. માટે તમારા યુરોપના માપદંડ થકી અમને એમાં હંકારી સંડોવો નહિ. કહો

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૮

દાદર

દાદર, ધાધર, કે રિંગવર્મ એ લોહીબગાડનો ચામડીનો રોગ છે. સાથળના મૂળમાં, કેડે, ડોકે તથા જ્યાં પરસેવો વળ્યા કરતો હોય અને બરાબર સફાઈ ન થતી હોય ત્યાં આ રોગ થાય છે. આયુર્વેદમાં આને દદ્રુ અથવા ચક્ર કહે છે. નાનીનાની, રતાશ-પડતી ફોડકીઓનું આ ચક્ર જ હોય છે. ક્રમશઃ તેનો વિસ્તાર વધતો જાય છે અને તેમાં ખુજલી આવ્યા કરે છે. રોગ વધી જતાં દુખાવો પણ થાય છે.

ચિકિત્સા : ૧) ચોમાસામાં 'ચક્રમર્દ' નામે વનસ્પતિ ઊગે છે જેને આપણે 'કુવાડિયા'ના નામે ઓળખીએ છીએ. દાદરનું એ રામબાણ ઔષધ છે. તેનાં બીજ મેથીના દાણા જેવાં ને જેવડાં હોય છે. એને શેકીને વાટી નાખીને ગોમૂત્રમાં ખૂબ લઢીને દાદર ઉપર ભાર દઈ ઘસવું તથા શેકેલા બીજના ભૂકાને ચાની જેમ ઉકાળી રોજ ચાની પેઠે પીવો. આનાથી જરૂર લાભ થશે જ. ૨) લસણને વાટીને દાદર ઉપર તેનો લેપ કરવો. આથી બળશે ખરું, પણ દાદર જતી રહેશે. ૩) મહામરિચ્યાદી તેલનું દાદર ઉપર માલિશ કરવાથી પણ ફાયદો થશે. ૪) ગંધક, ટંકણખાર, રાળ અને સાકર મેળવીને એ બધાંને લીંબુના રસમાં ઘૂંટીને દાદર ઉપર લગાવવું. ૫) ગરમ પાણીથી દાદરને સાફ કરી સ્વચ્છતા જાળવવી. ૬) મહામંજિષ્ઠાદિ ઉકાળો, કૈશોર ગુગળ, ગંધક રસાયન, ત્રિફલા ચૂર્ણ વગેરે પણ લોહીની શુદ્ધિ માટે લેવાં.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

તો અમે મૂળથી તે આજ સુધીની વાતો કરીએ; અને ગોઠવણ કરો તો કલાકારો મારફત એ તાદૃશ રજૂ પણ કરાવી શકીએ. અમારી ચારે પાંચે શૈલીઓનો પ્રવાહ સળંગ છે. નવા સંશોધનમાં વળી ઉડીસી અને છાઉ નૃત્યો પણ હવે લોકપ્રિય થવા માંડયાં છે. એમ ભરતનાટયમ્, કથકલી, મણિપુરી, કથ્થક અને ઉડીસી તથા છાઉ; ઉપરાંત લોકનૃત્યો તો જુદાં. બોલો શો વિચાર છે? અમે આવીએ?

મને ખબર નહિ કે મારી રચેલી આ જાળમાં હું જ ફસાઈ જઈશ. એમની જાણે બલારાત! ન્યૂ યૉર્ક જેટલો પૈસો તો ત્યાં નહિ; અરે, એક કોનર ડેનમાર્કમાંથી બહાર લઈ જાઓ તો એમના શરીર અંદરની નસો તરડાઈ જાય! પણ બે હજાર વર્ષ જૂનો ભારતમાં નૃત્યબંધ છે, અને એ આજે પણ ત્યારનાં પુસ્તકો પ્રમાણે સજીવન છે એ ખયાલ થકી જ એમની એક્ઝીક્યુટિવ કમિટી ચડસે ચડી, ક્યાંક યુરોપમાં ભારત-નૃત્યોના પ્રયોગો જોયા છે, પણ તે બે હજાર વર્ષ જૂના એ કેમ બને એવી શંકામાં પડી. માવો-મસાલો તો ત્યાં રજૂ થાય, પરંતુ એનો જૂનો ઇતિહાસ ત્યાં કોણ રજૂ કરે, એમ પણ એને થયું. એટલે દોઢ કલાકની બેઠક બાદ શાસ્ત્રીઓએ બીડું ઝડપ્યું અને ઠરાવ્યું કે થઈ જાય! ખર્ચનું દેખા જાયગા!

પછી તો તાર, લખાણ, જવાબ, અડસટ્ટા, ચકરડાં ચાલ્યાં. પરિણામે ટૂંકમાં કોપનહેગનમાં બે જાહેર શો કરવા ભારતથી નૃત્યમંડળી લઈ જવી; પ્રતિનિધિઓને એ દેખાડી, પછી બીજે દિવસે ચર્ચા-સંમેલન યોજવાં; પ્રો. સી. સી. મહેતાનો ત્રણ કલાકનો કાર્યક્રમ; વચ્ચે કલાકારો નૃત્યશૈલીઓ રજૂ કરતા રહે;—આવો કંઈક ઘાટ ગોઠવાયો. સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં એ જલસો. આઠ દિવસ ડેન્માર્કમાં રહેવાનું. મારા વહાલા ટિકિટનો ખર્ચ ન આપે; માત્ર હોટેલ આપે, યા કોઇને ત્યાં રહેવાનું ગોઠવે. ખાવાપીવાનાં તો નોતરાં ને તે ઉતારાની નજીક જ, સામાં, એટલે વાહનવ્યવહારનો ખર્ચ નહિ, પણ મોટે ભાગે ગાંઠનાં ગોપીચંદન.

એમ તો એમ. આપણે કમ્મર કસી. પણ હું નાટકનો અભ્યાસી; મને નૃત્યશૈલી સાથે શી નિસ્બત?—આવી શંકા કરનારા ભૂલી જાય છે કે સંગીત ને નૃત્ય નાટકથી અળગાં નથી, નહોતાં જ. અસલ ભારતમાં કથાવસ્તુ નૃત્યમાં જ આલેખવામાં આવતું. વળી નાટયશાસ્ત્ર પ્રયોજક ભરતાચાર્યે જ નૃત્યનું શાસ્ત્ર પણ યોજ્યું છે. અભિનય, મુદ્રા, એનો ઇતિહાસ-વિકાસ ફરી વાંચી નાખ્યાં. સાથે કથ્થક, મણિપુરી અને કથકલીનો ઇતિહાસ પણ વાંચી નાખ્યો. મણિપુરી તો વળી પ્રમાણમાં ઠીકઠીક જૂનું નીકળ્યું. અને ઈ. ૧૯૩૨માં મુંબાઈમાં ભક્ત નરસૈંયાની નૃત્યનાટિકા ભજવાએલી એમાં નરસિંહનું પાત્ર મણિપુરી નૃત્યમાં બન્દાએ જ ભજવ્યું હતું. નવકુમાર સિંહા પાસે પંદર દિવસની તાલીમ...હસવું આવે એવી વાત છે, પણ અમે નાચ્યા હતા. સાથે સાથીદારમાં નટરાજ વશી અને પરમ મોટી ટોળી. પણ એનો અર્થ એવો તો કોઈ નહિ કરે કે અમે અમારી જાતને નિષ્ણાત નૃત્યકાર માનીએ છીએ. આ તો પરણ્યા ભલે ન હોય પણ જાનમાં ગયા હોવાની વાત છે. એ યે ઘણું છે.

ભરતનાટયમ રજૂ કરવા, સાથે કથકલી રજૂ કરવા બે-પાંચ યોજનાઓ ઘડી. બેત્રણ જણને પૂછયું, પણ આખરે મૃણાલિની વિક્રમ સારાભાઇએ મને સારો સાથ આપ્યો. એમની બાર જણની ટોળીને સાથે લેવા વિચાર્યું, એટલે બજેટ, એટલે રકમ, એટલે વ્યવસ્થા, એટલે આયોજન, એટલે વિગતો, એટલે આખો કાર્યક્રમ! ત્યાં કાર્યક્રમ રજૂ કરવો એટલે ત્યાંની રંગભૂમિ, સગવડ, ટિકિટ વેચાણ-એવાએવા કંઈક કોયડા ઊભા થયા, ને તે ઉકેલ્યા. આ એક બાજુની વિચારણાનો દોર શ્રી મૃણાલિનીએ માથે લઈ લીધો. મેં મારો વિસ્તૃત લેખ લખવા માંડયો. વચ્ચે પ્રયોગો કરનારાઓમાં એમની ટોળીમાંથી શ્રી રૂપાન્દે શાહ ને શ્રી મીનળ મહાદેવિયા અને શ્રી દર્શિનીને નક્કી કર્યાં. ટેઈપને બદલે વાજિંત્રો વગાડનારા જ સાથે આવવાના હતા, એટલે રેકોર્ડ કે ટેઇપનો કારભાર દૂર જ રાખ્યો.

કમ્મર તો કસી, પણ કમ્મર ને છાતીને એક વેંતનું અળગું છે. છાતીમાં હામ ભરાય તો વધારે સારું, એટલે ભારતભરમાં ચારેકોર નજર દોડાવી. કોઈ સરસ ગોઠિયો મળી જાય તો ભયોભયો, એમ વિચારતાં તરત નિકટની જ એક હોંશીલી વ્યક્તિ યાદ આવી. મારા થકી ઘણા નાના, તરુણ, નૃત્યના જાણકાર, અભ્યાસી, હોંશીલા, ક્યાંક અટકી પડાય તો હાથ સાહી કામ આગળ ધપાવવામાં એક્કા, સ્હેલાણી, શોખીન, આનંદી, રસ્તો કોતરનાર, કોઈ પૂર્વગ્રહોના ગ્રંથોડા વગરના—એવા શ્રી સુનીલકુમાર કોઠારીને તરત વિગતવાર લખી પુછાવ્યું. પછી મુંબાઈ જઈ રૂબરૂ ચર્ચા કરી. સરકાર તો અમને નાણાં આપે જ શાની? અને નાણાં વિના આ દિશામાં આગળ ધપાય શી રીતે? એટલે એ ગૂંચો પણ ઉકેલવા ઠરાવ્યું. આધ્યાત્મિક ક્ષેત્રે ઝંપલાવવાનું હોય તો તરત પલાંઠી વાળી બેસી જઇએ: પણ અહીં તો પરદેશમાં, કલાના ક્ષેત્રમાં, જેમણે કલા જોઈ છે, પણ એના શાસ્ત્રનું જ્ઞાન નથી એમની વચ્ચે જ્ઞાનની લ્હાણી કરવાનું કામ કરવાનું હતું. એના પણ રસ્તા વિચારી લીધા.

ભલભલી બાઇઓ યુરોપ-અમેરિકાથી ભારત આવી ગઈ: રોશનઆરા, પાવલોવા, રૂથ સેંટ ડેનિસ, લા મેરી... અહીં આવીને નૃત્યો જોઈ પણ ગઈ. ભલભલી બાઈઓ હિન્દથી—છેલ્લી વીશીમાં તો વધારે—યુરોપ-અમેરિકા જઈ ભારતનાં નૃત્યો રજૂ કરી આવી. મૃણાલિનીનો જ દાખલો લો: જપાન, સ્ટેટ્સ, મેક્સિકો, ઇંગ્લૅન્ડ અને લગભગ આખા યુરોપમાં તો એક કરતાં વધારે વાર, ઉપરાંત તુર્કી, એમ ઠેકઠેકાણેનાં કેન્દ્રોમાં ભારત-નૃત્યના પ્રયોગો એણે કર્યા છે, છતાં ડેનમાર્કના કરતાકારવતા અધિકારીનો પત્ર આવે છે—સંશોધનસંમેલનના મંત્રીશ્રીનો—કે મને નૃત્યોની જાણકારી છે, ને ભારતની કાટાકલ્લી શૈલીનો પણ અભ્યાસ છે, ત્યારે મને એમનામાં કેટલું પાણી છે એ માપી જોવાનું મન થયું. અને ભાઈ સુનીલને કહ્યું: "બચ્ચા! આ પ્રદેશોમાં તો એક વાર નહિ, બે વાર નહિ,

પણ બહુ વાર એકનું એક સમજાવવું પડશે ત્યારે એમને કંઈક આછી ઝાંખી થશે. એ લોકો તો 'કાટાકલી'ને 'કાલીકટી' કહી કલકત્તાના કેન્દ્રમાંથી ઉદ્‌ભવેલી પણ મનાવે! માટે આપણે પાકી અને સવિસ્તર તૈયારી જ કરવી." આમ અમારા બેનો સહયોગ થયો.

'ગઠરિયાં'માં ઘણે ઠેકાણે ફર્યા છીએ, એટલે યુરોપનો એ બધો ભાગ જતો કરી આપણે સીધા ડેનમાર્ક જ પહોંચીશું. 'ગઠરિયાં'માં ડેનમાર્ક પણ જઈ તો આવ્યા છીએ. યાદ છે ઇન્ગ્રિડ બર્ગમાનની વાત? અને પેલી સાગરકાંઠે બેઠેલી મરમેઈડની વાત? અને ઉત્તરમાં આવેલા એલ્સિ કિલ્લાની વાત? અને બીજા ટાપુ ઉપરના હાન્સ આન્ડરૃસનના નિવાસસ્થાનની વાત? લગભગ એક દાયકા પહેલાંની એ વાત. પણ આજના જમાનામાં તો દર દિવસે માણસ, શહેર, રસ્તા, હવામાન, રાજકારણ ધર્માચરણ, તંદુરસ્તી. વ્યાપારવિચાર, વ્યવહાર બધાંમાં કંઈ ને કંઈ ફેરફાર થયા જ કરે છે. કાલનો દુશ્મન આજનો મિત્ર, અને આજનો મિત્ર કાલે દુશ્મન થઈ બેસે છે એવી સિતારાઓની ચાલ છે. એટલે એ બધું વિચારી હું જરા વહેલો નીકળ્યો, સુનીલ જરા મોડો નીકળ્યો. મારું થાણું બર્લિન, તો એની છાવણી પારી(સ). શું થાય? પરદેશમાં લગભગ વગર પૈસે નીકળવાનું, એટલે હોટેલના ખર્ચા કાઢવા ક્યાંથી?

આમ બે મહારથીઓએ અલગ અલગ છાવણીઓ નાખી અને વચગાળે એક જ દિવસે હૅમ્બુર્ગ થઇ કોપનહેગન સાથે પહોંચવાનું નિરધાર્યું. મેં વળી સુનીલને ત્યાંના એરપોર્ટનો નકશો દોરીને ખયાલ આપ્યો હતો કે જાપાનીઝ પંખા જેવું નાનકડું પણ સુંદર એરપોર્ટ છે પણ આમ્સ્ટર્ડામનું જેમ નવું બંધાયું, તેમ અહીં પણ જૂનું તો કાટમાલમાં કાઢી તદ્દન નવેસરથી વિશાળ એરપોર્ટ બંધાએલું. ત્યાં એક દિશામાંથી મૃણાલિનીનો કાફલો, બીજી દિશામાંથી અમે બે એક જ દિવસે સાથે પહોંચવાના, અને પહોંચ્યા. સ્વભાવ પ્રમાણે ડેનમાર્કના નકશા, એની રહેણાક, એના રસ્તા, એની મળે એટલી માહિતી સાથે રાખેલી, એટલે ઊતર્યા ત્યારે જોયું તો મૂળ દ્વીપ થકી બાજુમાંના લોલક જેવા, અલાયદા, રેલવેથી સંકળાએલા નાનકડા અમાગર ટાપુ ઉપર કાસ્ટ્રપ એરપોર્ટ પર ઊતર્યા.

અહીં ભારતની આબરૂ સારી છે. એને આપણે ત્યાંના રખડેલ સ્વાર્થીઓ ક્યારે બગાડશે તે ભગવાન જાણે! કૅનેડામાં ઊતરો તો ચાર આંખે કસ્ટમવાળા ભારતીય વીરોની પાકી તલાશી કરે. પરદેશમાં યેનકેન પ્રકારેણ દાખલ થવા કિશોરો બીજા કિશોરનાં દાઢી મૂછ બોડી કરી એને સાડી, ચોળી ને માથે ચોટલો પહેરાવી, પોતાની પરણેતર છે એવું ગણાવી, એવો પાસપોર્ટ પણ તૈયાર કરાવી, દાખલ થઈ ગયા છે—થોડા પકડાયા પણ છે—પરંતુ એ થકી આપણી આબરૂમાં એવા તો ભારે ગોબા પડ્યા છે કે એ હવે આ પેઢીમાં સુધરે કે કેમ એની શંકા છે. અહીં ડેનમાર્કમાં હિન્દીઓને 'વિસા'ની જરૂર નથી. એટલે દરજ્જે આપણો મોભો અહીં સારો છે. પણ આવતી કાલની કોને ખબર? પ્રામાણિક રહીએ તો આબરૂ જળવાય, પણ અહીં યે કોંટા-કબાલા કરીશું તો અહીંથી પણ જાકારો સાંભળવો પડશે.

મારે એક પ્રોફેસરને ત્યાં રહેવાનું હતું: એમની સાથે, એમના ઘરમાં. સુનીલને હોટેલમાં રહેવાનું હતું, પણ હોટેલ દૂર નહોતું. મને પ્રો. ક્રોગ એરપોર્ટ ઉપર લેવાં આવ્યા હતા. એર ઇન્ડિયામાં આવનારાં મૃણાલિની અને એમના સાથીદારો, એમનું ઊડાણ ફક્ત છ જ(!) કલાક મોડું હોવાથી, ધારેલા દિવસે ચાર વાગ્યે પહોંચી શક્યાં નહોતાં. તે જ દિવસે રાતે આઠ વાગ્યે કોપનહેગનથી થોડે દૂરના એક શહેરમાં રાતે આઠ વાગ્યે પ્રોગ્રામ રાખ્યો હતો; ટિકિટો વેચાઈ ગઇ હતી; એ શહેર જવા સ્ટીમલૉંચમાં જવાનું હતું; અને છ કલાક ઊડાણ મોડું, એટલે રાતે આઠે તો અહીંના એરપોર્ટ ઉપર એ બધાં ઊતરે! અમારા સૌની—ત્યાં હાજર હતા એમની—મનોદશા શી હશે એનો ખયાલ કરી શકો તો કરો.

વારતા
૨૩

વૈતાળ પચ્ચાસી

સંબંધોના બંધ

વિનોદ ભટ્ટ

—અને હમેશ મુજબ મડાને ખાંધે નાખીને ઉજ્જેણી તરફ જતા રાજા વિક્રમને મડાએ એક નવી વારતા કહેવા માંડી:

'કોઈ એક નગરમાં સુધારાસિંહ નામે એક યુવક રહેતો હતો. સુધારા ખાતર વિધવા સ્ત્રી સાથે જ પરણવાની તેને ધૂન હોઈ કોઇ યોગ્ય સ્ત્રી વિધવા બને તેની લાંબા સમય રાહ જોયા પછી અંતે એને એ તક મળી અને એ એક વિધવાને પરણ્યો. સ્ત્રી પોતાના સ્વર્ગસ્થ પતિથી થએલી એક પુત્રીને પણ આંગળીએ લેતી આવી હતી.

એ આંગળિયાત પુત્રી પરણવાને યોગ્ય ઉંમરે પહોંચતાં એક કૌતુક થયું. સુધારાસિંહના વિધુર પિતાશ્રી સવાઈ સુધારો દાખવીને સુધારાસિંહની એ પુત્રી સાથે પરણી બેઠા! આમ થવાથી સુધારાસિંહની પુત્રી તેની સાવકી મા બની ને બીજી રીતે એના પિતા એના જ જમાઈ બન્યા.

સમય જતાં સુધારાસિંહને ત્યાં એક પુત્રરત્નનો જન્મ થયો. સગપણની દૃષ્ટિએ સુધારાસિંહનો આ પુત્ર તેના પિતાનો પૌત્ર તેમજ સાળો બંને ગણાય. આમ, સુધારાસિંહનો પોતાનો જ પુત્ર એનો મામો બન્યો.

પરંતુ હે રાજા વિક્રમ, વાત આટલેથી અટકતી હોત તો સારું થાત, પણ થોડા અરસામાં તો સુધારાસિંહના પિતાને ત્યાં એક પુત્રીનો જન્મ થયો. પિતાની પુત્રી હોવાને લીધે તે બહેન થઈ ને સાવકી પુત્રીની પુત્રી હોવાને કારણે તે દૌહિત્રી પણ થઈ. આને કારણે સુધારાસિંહનું, પોતાની પત્ની સાથેનું સગપણ વધી ગયું! પોતાની પત્ની જ પોતાની નાની થઈ: પત્નીનો પોતે પતિ ય ખરો ને દૌહિત્ર પણ. એ રીતે સુધારાસિંહ પોતે જ પોતાનો નાનો બન્યો. સંબંધોની આ પરંપરાથી એ ખૂબ જ અટવાઈ ગયો.'

વારતાને આટલેથી જ અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછ્યું: 'તો હે વિક્રમ, સંબંધોની આ પરંપરામાં મૂંઝાએલા સુધારાસિંહની મૂંઝવણ કેવી રીતે ઓછી કરી શકાય?'

'સુધારાસિંહે પોતાનાં પુત્રનાં લગ્ન, પિતાની દીકરી સાથે કરી નાખવાં જોઈએ. એથી પેદા થતા નવા સંબંધોને કારણે જે નવી મૂંઝવણો ઊભી થશે એની સરખામણીમાં એની વર્તમાન મૂંઝવણો એને ઓછી જણાશે.' વિક્રમે જવાબ આપ્યો.

-અને, 'તું તો નર્યો બુધ્ધુ છે' એમ કહી મડું ફરી વાર વિક્રમને બેવકૂફ બનાવી ઝાડ પર લટકી ગયું. □

પ્રો. મિસિસ કેરન ક્રોગ એક તાજેતરમાં સ્વર્ગસ્થ થએલા પ્રો. ક્રોગનાં ધર્મપત્ની. એમનું આલીશાં ઘર એટલે ત્રણ માળનો, પુસ્તકોથી ખીચોખીચ ભરેલો નાનકડો રાજમહેલ! એમના પતિ ભારે વિદ્વાન હશે એની પહેલે જ દિવસે જાણ થઈ ગઈ. એમની ભાષામાં એમણે શૂદ્રકના 'મૃચ્છકટિક'નો અનુવાદ કરી પ્રગટ કર્યો હતો. હિન્દ ઉપર તઆજ્જુબ કરી દે અને અહીં ભારતમાં ન સાંપડે એવા કંઈક ગ્રન્થો હાજર. બહુ ચીવટાઈ અને સફાઈપૂર્વક ગોઠવેલા. તરત આંખે ચડે, અને ગમે તે ઉપાડી શકાય એમ. થાકેલા હોઈ પહેલે દિવસે ઊંઘવાનો વિચાર કર્યો.

ના રે; કોઈ મોટી કૉન્ફરસોમાં જાઓ તો શહેર જોવાતાં નથી. સવાર-સાંજ સભાચર્ચામાં જ અને પછી ખાણીપીણીની પાર્ટીઓમાં તથા ભોજન-સમારંભોમાં સમય ચાલ્યો જાય છે. પણ અમે બે પાકા પ્રવાસી, અને સુનીલભાઈ પાસે તો ફોટોગ્રાફીનું જોર; વળી જરૂર પડ્યે કંઈ ખુલાસો કે સાબિતી જોઈતી હોય તો કલમ ટાંકી બતાવવા ચોપડી-ચોપડાંઓનું જોસ્તાન, વીર વૈતાળ હાજર કરી દે એમ તૈયાર; એટલે તે રાતે નિરાંતે ઊંઘ આવવામાં કશી અડચણ નડી નહિ. (ચાલુ)



ફૂજી યામાની આસપાસ અત્યંત રૂપાળાં અને આતિથ્યશીલ પાંચ સરોવરો છે.

કુદરતે સર્જેલો સ્તૂપ

કાકાસાહેબ કાલેલકર

ફૂજી યામા અથવા ફૂજી સાન એ જાપાનનો એક અદ્‌ભુત પહાડ છે. આખો જાપાન દેશ પહાડી મુલક છે, છતાં ત્યાં પણ આના જેવો, બધી બાજુથી સરખો દેખાતો, રૂપાળો, સર્વતોભદ્ર પહાડ બીજો નથી. જાણકાર લોકો કહે છે કે સુંદરતામાં આને તોલે આવે એવો આખી દુનિયામાં બીજો એક જ પહાડ છે. એ બીજો પહાડ તે કૉટોપૅક્સી. એ દક્ષિણ અમેરિકાના એક્વાડોર દેશમાં છે. ફૂજી પહાડની ઊંચાઈ ૧૨,૪૦૦ ફૂટ છે, જ્યારે કૉટોપૅક્સી ૧૯,૩૪૭ ફૂટ ઊંચો છે.

ફૂજી સાન તો શાંત થઈ ગએલો જ્વાળામુખી છે, પણ કૉટોપૅક્સી હજી સજીવ છે અને દુનિયામાં ભભૂકતા જ્વાળામુખીમાં શ્રેષ્ઠ ગણાય છે. પ્રશાંત મહાસાગરના ઉત્તર-પશ્ચિમ છેડે ફૂજી છે. તો પૂર્વ-મધ્યમાં કૉટોપૅક્સી છે. સૌંદર્યમાં બંને સરખા. ફૂજી સાનની ટોચે એક જૂના જ્વાળામુખીનો દ્રોણ-crater છે.

હું પહેલી વાર (ઈ. ૧૯૫૪માં) જાપાન ગયો ત્યારે બધી રીતે પ્રયત્ન કર્યા છતાં ફૂજી યામાનાં દર્શન થયાં ન હતાં. હવા ખરાબ. જ્યાં-ત્યાં વાદળાં ફેલાએલાં, જાપાનના અનેકાનેક ભવ્ય પહાડો તે વખતે જોઈ શક્યો હતો, પણ ફૂજી યામાનાં દર્શન વગર જાપાનયાત્રા સફળ કેમ થાય? પણ મારી તપશ્ચર્યા પૂરી નહિ થઈ હોય, એટલે તે વખતે દર્શન ન થયાં.

ત્યાર પછી ત્રણ ચાર વાર જાપાન ગયો, અને દર વખતે એ પહાડ-રાજે દર્શન આપવાની કૃપા કરી. ઈ. ૧૯૫૮માં તો હવાઈ જહાજમાં બેસી ફૂજી યામા કરતાં પણ વધારે ઊંચાઈ સુધી ઊડી ફૂજી યામાના દ્રોણનાં અને એ દ્રોણની કરવત જેવી કિનારીનાં દર્શન પણ કર્યાં. એ દૃશ્ય તો કોઈ કાળે હું ભૂલી નહિ શકું.

જાપાનની રાજધાની તોકયોથી ફૂજી યામા બહુ દૂર નથી. એની આસ-પાસ અત્યંત રૂપાળાં અને આતિથ્યશીલ પાંચ સરોવરો છે. ચોમેરની ભૂમિએ આજના જમાનામાં પણ પોતાની કાવ્યમય શોભા ખોઈ નથી.

જાપાન જતાં પહેલાં ફૂજી યામાનાં વર્ણનો વાંચ્યાં હતાં, એટલે ત્યાં શું દેખાશે એની કલ્પના તો મનમાં હતી જ. કેવળ દર્શનાનંદ મળશે એની અપેક્ષા રાખીને જ ત્યાં ગએલો. પણ પ્રત્યક્ષ દર્શન થતાં એ આ-નંદનું પરિવર્તન સમાધિદર્શનની દીક્ષામાં થયું!

કોક કોક વખતે આસપાસનું આકાશ સ્વચ્છ હોય છે અને થોડાંક સફેદ વાદળાં ફૂજી યામાના શિખર સુધી ઊંચે ન પહોંચતાં અત્યંત આદરથી અર્ધે રસ્તે જઈ શિખરને ઘેરી લે છે. એવે વખતે વાદળાંમાંથી ઊપસી આવેલું શિખર જાણે આપણી સૃષ્ટિનું નથી પણ સ્વર્ગથી ઊતરી આવ્યું છે એવો ભાસ થાય છે.

એક વખતે—ફક્ત એ એક જ વખતે એક ઠેકાણેથી જ્યારે મેં ફૂજી સાનનાં દર્શન કર્યાં ને ભાવમગ્ન થઈ તેની આકૃતિનું ચિંતન કરવા લાગ્યો, ત્યારે મને થયું કે આ પહાડ નથી પણ કુદરતે બુદ્ધ ભગવાનના સર્વ-કલ્યાણકારી ધર્મની વિજયપતાકા તરીકે આ સ્તૂપ અહીં ઊભો કર્યો છે!

મારું હૃદય જેટલું સનાતની હિંદુ છે એટલું જ બૌદ્ધ પણ છે. ગૌતમ બુદ્ધનો મેં પરશુરામ, રામ અને શ્રીકૃષ્ણ પછીના આજના યુગના તાજા, ચાલુ અવતાર તરીકે સ્વીકાર કર્યો છે. મારું હૃદય કોક વખતે વેદાન્તશિરોમણિ ભગવાન યાજ્ઞવલ્કયનો ઉપદેશ સાંભળે છે; કોક વખતે હું છેક નાનપણનો શિવઉપાસક બનું છું અને પાર્વતીની નજરે પહાડોમાં શિવજીનાં દર્શન કરું છું; કોક વખતે સીતાપતિ રામની જીવન-સાધનાનું ચિંતન કરું છું; તો કોક વખતે શ્રીકૃષ્ણનો ગીતાધ્વનિ દુનિયાના દરેક દેશના વાતાવરણમાં સાંભળું છું. આજે એક શાંત સરોવરને કિનારે બેસી ફૂજી યામા રૂપી સ્તૂપનો સંદેશો સાંભળી હું ગણગણવા લાગ્યો:

सब्ब पापस्स अकरणम् कुसलस्स उपसपदा।
सचित्त-परियोदपनम् एतं बुद्धान सासनम ॥

ખરેખર, આ ફૂજી પર્વત ભગવાન બુદ્ધનું શાસન છે, અને પોતાના ચિત્તને દબાવીને કાબૂમાં આણવાનો ઉપદેશ કરે છે.

પણ બધી રીતે વિચાર કરતાં આ પહાડ નિપ્પોન (જાપાન)ના સાંસ્કૃતિક હૃદયના અભિમાની દેવતા છે, અને એ જાપાની જાતિના પુરુષાર્થી ભાગ્યનું પ્રતીક છે. □

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો : મનોમંથન (૨૫)

આત્માનંદનો અનુભવ

કૉલેજનાં બીજાં સ્મરણોથી સાવ જુદું પડે એવું એક સંસ્મરણ મગજમાં મજબૂત રીતે ઘર કરી બેઠું છે. એનું મહત્ત્વ છે અને નથી. છતાં એને શબ્દબદ્ધ તો કરવું જ જોઈએ.

કૉલેજમાં મારું ગણિત સારું. કદી ૮૦ ટકા કરતાં ઓછા માર્ક ન જ મળે. કેટલાક પેચીલા દાખલા લઈ પ્રિન્સિપલ પરાંજપે પાસે જતો અને તેઓ ખૂબ રસપૂર્વક મને તે સમજાવતા. એક જ દાખલાનો જવાબ બે રીતે કેમ આપી શકાય એ પણ તેઓ કોકકોક વાર સમજાવતા.

જ્યારે હું ઇંટરની પરીક્ષામાં પાસ થયો અને બી. એ.માં દાખલ થયો ત્યારે બધા એમ જ માનતા કે બી. એ. માટે હું ગણિત જ પસંદ કરવાનો. એ વિષયમાં ઢગલાબંધ માર્ક મેળવવા એ મારે માટે રમતવાત હતી. ઇંટરની પરીક્ષામાં હું સેકન્ડ ક્લાસમાં આવ્યો ને મને સ્કૉલરશિપ મળી, એટલે ગણિત વિષય લેવો એ મારે માટે અપરિહાર્ય હતું. આથી જ્યારે હું પ્રિન્સિપલ પરાંજપેને મળવા ગયો ત્યારે ઉત્સુકતાથી તેમણે પૂછ્યું : 'બી. એ. માટે ઐચ્છિક વિષય કયો લેવાના છો?' એમની ખાત્રી હતી કે હું ઉચ્ચ ગણિત જ લઈશ. પરંતુ એમના મોં પરની અપેક્ષા ને ઉત્સુક્તા જોયા છતાં મેં ઠંડે પેટે કહ્યું : 'હું તો તત્ત્વજ્ઞાનનો વિષય લેવાનો છું!' એ દિવસોમાં એ વિષયનું નામ હતું લૉજિક ઍન્ડ મૉરલ ફિલૉસોફી—તર્ક અને નૈતિક દર્શન, પ્રિન્સિપલને આશ્ચર્ય થયું. છતાં બોલ્યા નહિ. ઠંડે પેટે બીજી વાતો જાણે પૂરી કરી અને મને જવા દીધો.

આ વિષય મેં કેમ લીધો? તે વખતના શબ્દોમાં જ જવાબ લખી કાઢું : 'આપણે ખૂબ વિચાર કરીએ છીએ. જેને અનેક વિષયોમાં રસ છે તેનું તો પૂછવું જ શું? આવી સ્થિતિમાં વિચાર ઢંગધડા વગર ચાલે એ આપણને પોસાય નહિ. આપણે મનોવિજ્ઞાન બરાબર સમજી લઈએ, જ્ઞાનનો વિસ્તાર કેટલો છે એની ભૂગોળ જાણી લઈએ, તો ચિંતનમાં વ્યવસ્થા આવે અને જીવનનું રહસ્ય શોધી કાઢતાં આપણને ફાવે. એટલા માટે આ વિષય હું લઉં છું.'

આ જ વિષય તમે કેમ પસંદ કર્યો? એમ કોઈ પૂછતું ત્યારે ઉપરનું કારણ સમજાવવાનો હું પ્રયત્ન કરતો. કેટલાકને એ ગળે ઊતરતું નહિ. કેટલાકને તો લાગતું હશે કે મારું ભેજું જ ઠેકાણે નથી! પણ મેં જે મનમાં હતું તે જ લોકોને સમજાવવાનો પ્રયત્ન કરેલો.

અમારા ઘરમાં પિતાશ્રીની ધર્મભાવના મોટે ભાગે પૂજા-અર્ચા, ઉત્સવ-યાત્રા અને દાન-ધર્મ એટલામાં જ સમાપ્ત થતી હતી. મારા મોટા ભાઈ ગીતા અને જ્ઞાનેશ્વરી વાંચે. પરિણામે એની ચર્ચા સાંભળવા મળે. પણ મારે તો એ બધી વસ્તુનાં મૂળમાં પહોંચવું હતું. હવે હું પાઠ્યપુસ્તકો વાંચવા લાગ્યો. પણ એ હતાં અંગ્રેજીમાં, એટલે એ વિષયની ભાષા, પરિભાષા અને દાર્શનિક શૈલી બધા સાથે નવો પરિચય કરવાનો આવ્યો. એમાં પણ મને ખૂબ રસ પડતો. મારે મારા વિષયમાં પંડિત થવું ન હતું, પણ રસતૃપ્તિ મેળવવી હતી.

અમારે જર્મન ફિલસૂફ ઈમૅન્યુઅલ કૅન્ટનું તત્ત્વજ્ઞાન સમજવાનું હતું. મારા સ્વભાવ પ્રમાણે મારા ક્લાસના વિદ્યાર્થીઓમાંથી જે કોઈ મને પૂછવા આવે તેને પાઠ્યપુસ્તકમાંથી અઘરા ફકરાઓ રસપૂર્વક સમજાવતો. એક દિવસે કૅન્ટની ચોપડી લઈ ઓરડીમાં ટેબલ ઉપર પલાંઠીવાળીને વાંચવા બેઠો હતો. એમાં કૅન્ટે એક વિચાર સમજાવ્યો હતો : 'કોઈ વસ્તુ હાથમાં લ્યો. એનો આકાર, એનું વજન, એની સુંવાળપ... અથવા એથી ઊલટું, અને એના ગુણો—એ બધું અલગ અલગ કરો. વસ્તુ ને એના ગુણો અલગ અલગ કરવાં જોઈએ. ગુણોમાં



કૉલેજકાળના કાકાસાહેબ

સંખ્યા આદિ બધાં જ તત્ત્વો આવી જાય છે. એ બધા ગુણો વસ્તુથી નોખા પાડો, તો બાકી શું રહે છે? કૅન્ટ એને thing in itself કહે છે. મેં એને માટે શબ્દ ઘડી કાઢ્યો : વસ્તુની 'તત્તા'.

એ બધું વર્ણન વાંચતાં વાંચતાં અને એનું ચિંતન ચલાવતાં ચલાવતાં મને એટલો તો આનંદ થયો કે જાણે એક ભારે વસ્તુ સુધી હું પહોંચી ગયો છું. શું આત્માનું જ એ સ્વરૂપ નથી? એકાગ્રતાથી ચિંતન કરતાં કરતાં વસ્તુની 'તત્તા' એ જ આત્મા છે એ જાતનો વિચાર મનમાં ઊગ્યો અને જાણે એ વસ્તુનો, તત્તાનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો હોય એટલો આનંદ મારામાં વ્યાપી ગયો. મારાથી રહેવાયું નહિ. કશા કારણ વગર પલાંઠી છોડી હું ટેબલ ઉપરથી કૂદી પડ્યો. વસ્તુની 'તત્તા'-ની એ શોધ હતી. જાણે આત્માનો જ સાક્ષાત્કાર હતો. એ સાક્ષાત્કાર એટલો આનંદદાયક હશે એની કલ્પના ન હોવાથી હું એકાએક વગર-વિચારે ટેબલ ઉપરથી કૂદી પડ્યો એનું જ મને આશ્ચર્ય થયું! તે વખતની એ ભાવના એટલી ઉત્કટ હતી અને એ આનંદ એટલો વિશિષ્ટ પ્રકારનો હતો કે આજે પણ એનો અનુભવ મનમાં દૃઢ રૂપે ઠસી ગયો છે.

આગળ જતાં જ્યારે ઉપનિષદનું વાક્ય વાંચ્યું—आनंदं ब्रह्मणो विद्वान न बिभेति कुतश्चन। ત્યારે મને એ ટેબલ પરથી કૂદ્યાનો પ્રસંગ યાદ આવ્યો. મેં બી. એ. માટે ફિલસૂફીનો ઐચ્છિક વિષય પસંદ કર્યો. એની જાણે તે દિવસે મેં કૃતાર્થતા અનુભવી. □

કલાવાર્તા

એમ. સી. એસ્ચર


એક વિલક્ષણ કલાકાર

ચિત્રાલેખનમાં પરિમાણદર્શન (પર્સ્પેક્ટિવ) માટેના સ્થાપિત સિદ્ધાંતોનો ચાતુરીભર્યો ઉપયોગ કરી, શબ્દોથી નહિ પણ માત્ર જોવાથી સમજી શકાય એવી અજબ અટપટી ભ્રમજાળવાળી કૃતિઓનાં સર્જન દ્વારા વિખ્યાત બનેલા ડચ કલાકાર મૉરિટ્સ કૉર્નેલિસ (એમ. સી.) એસ્ચરનું હમણાં થોડા સમય પર નેધર્લૅન્ડ્ઝમાં હિલ્વર્સમ મુકામે અવસાન થયું.

આજની મૉડર્ન કહેવાતી કળા પ્રત્યે અરુચિ ધરાવનાર તરીકે એને રૂઢિચુસ્ત ચિત્રકાર ગણી ઘણા વિવેચકોએ એની અવગણના કર્યા છતાં, પોતાની આગવી એવી ચાતુરીયુક્ત કલ્પનાઓનાં આલેખનો વડે જ એણે ધીરેધીરે કલાક્ષેત્રમાં પોતાનું એક અનોખું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. કાષ્ઠકોતરકળા–વૂડએન્ગ્રેવિંગ અને લિથોગ્રાફીમાં જ બહુધા એણે કામ કર્યું હોઈ એ નિઃશંક એક ઉત્તમ ગ્રાફિસ્ટ હતો. એક જ આકારને એકસાથે વિધવિધ દૃષ્ટિકોણથી રજૂ કરવાની એની આગવી રીતને અનુસરીને પોસ્ટરોથી માંડી વિજ્ઞાનવિષયક સામયિકો સુધી એના જેવા અખતરા થવા માંડેલા, અને જે કૃતિઓ એણે એકસમયે માત્ર થોડા ડૉલરમાં વેચેલી તેની હજારો ડૉલરમાં માગ થવા લાગે એટલી એને પ્રસિદ્ધિ પણ પાછળથી મળેલી. આજે આટલાંટિક સાગરની બંને બાજુએ અનેક સ્થળોએ એની લગભગ ૨૭૦ જેટલી કૃતિઓ સંઘરાએલી છે.


ઈ. ૧૮૯૮ની ૧૭મી જૂને લ્યૂવર્ડેન મુકામે એનો જન્મ થયો. આર્નહેમમાં કલાના પ્રાથમિક પાઠો સાથે એણે લાઇનોલિયમની કટાઈ (લીનો-કટ)ની તાલીમ લીધી. ઈ. ૧૯૧૯થી '૨૨ હાર્લેમમાં 'સ્કૂલ ઑવ આર્કિટેક્ચર ઍન્ડ ઑર્નામેન્ટલ ડિઝાઈન'માં એણે ગ્રાફિક ટેક્નિકનું વધુ શિક્ષણ મેળવ્યું અને ૧૯૨૨માં ઈટાલી જઈ '૨૪થી રોમમાં સ્થિર થયો. દસેક વર્ષના ત્યાંના વસવાટ દરમિયાન એણે આસપાસના મુલકોના અભ્યાસ-પ્રવાસો ખેડ્યા ને પછી ઈટાલી છોડી બે વર્ષ સ્વિટ્ઝર્લૅન્ડમાં અને પાંચેક વર્ષ બ્રસેલ્સમાં ગાળી અંતે બાર્ન (હૉલૅન્ડ)માં નિવાસ કર્યો.

કારકિર્દીના આરંભના ત્રણેક દાયકા સુધી એ 'મૉડર્ન'ની પ્રવર્તમાન હવામાં લગભગ



જાણે કે પોતાની દુનિયાના કેન્દ્રસ્થાને એ પોતે જ છે એમ સૂચવતા એસ્ચરના આ ચિત્રમાં, ડાબા હાથમાં પકડેલા કાચના ગોળામાં દેખાતા પ્રતિબિંબમાં પોતાનું મસ્તક કેન્દ્રમાં જ રહે એ રીતે રજૂ કરવા સાથે એણે અહીં પોતાનો ખંડ એવી ચાતુરીથી આલેખ્યો છે કે જેમાં એની ચારે દીવાલો, છત તથા ભીંત બધું જ દેખાય!


ઉપેક્ષિત જ રહ્યો. તેનું કારણ કદાચ તેણે અપનાવેલી રૂઢિગત શૈલી પણ હોઈ શકે. એની કૃતિઓનું રંગવિધાન ફિક્કું અને આલેખન પણ ક્યાંક તો અણઘડ લાગે. પણ ચિત્રાલેખનમાં ઇન્દ્રિયગમ્ય રજૂઆતના નિયમોને જાણે થોડી વાર માટે ઉલ્લંઘીને, તદ્દન સરળ દેખાવા છતાં એક અજબ છટકા પેઠે નજરને છેતરીને અશક્યને યે પ્રત્યક્ષ કરાવતા વૈજ્ઞાનિક ઉદાહરણ સમી એની કૃતિઓની આલેખનચાતુરી લગભગ બિનહરીફ છે. એમાં પશ્ચાદ્ભૂ કે અગ્રભૂ જેવું કંઈ પકડવું મુશ્કેલ છે. એક આકારની હદ બીજા આકારને જન્મ આપતી કંઈ એવી અજબ રીતે લયવિલય પામતી જણાય (જુઓ 'આકાશ અને પાણી') કે તેમાં કોયડો પોતે જ એક નિરુત્તર પ્રશ્ન બની જતો લાગે. એસ્ચર પોતે જ પૂછે છે કે છેક આરંભથી માંડી આજ



હવા અને પાણી એસ્ચરની કેટલીક કૃતિઓ પુનરાવર્તનના કોયડા સમી છે. આ વૂડકટ કૃતિ એ પ્રકારનું કલ્પનોત્થ નિરૂપણ છે. એમાં હવાના પ્રતીક રૂપ હંસોની કાળી આકૃતિઓ જ અત્યંત ખૂબીથી પાણીના પ્રતીક રૂપ સફેદ માછલીઓની વચ્ચેના કાળા ખાલી ગાળા બની જાય છે. એકનો અંત અને બીજીનો આરંભ ક્યાંથી થાય છે તે જણાવા દીધા વિના સમગ્ર ચિત્ર હવા અને પાણીની જેમ એક પ્રવાહી ને લયબદ્ધ સંગીત સમું સોહે છે.

ચતુષ્ફલક લઘુગ્રહ (આ અંકના પૂઠા પરનું ચિત્ર) માનવ-વસવાટવાળા કોઈ સ્વતંત્ર નાનકડા ગ્રહના વિહંગ દૃશ્ય સમું એસ્ચરનું આ ચિત્ર એક-બીજાને પૂરક એવા બે મુખ્ય ભાગમાં વહેંચાએલું હોવા છતાં એને ગમે તે બાજુથી એકસરખું માણી શકાય છે. મકાનો, વૃક્ષો ને માણસો દર્શાવતી એમાંની બધી જ ઊભી રેખા એ લઘુગ્રહના ગુરુત્વમધ્યબિંદુ ભણી જાય છે, તો બધી જ આડી રેખાઓ એ ઘન ગોળાકારના વિવિધ સ્તરના ખંડ રૂપ છે. ભૂમિતિના નિયમોમાં રહેલી લયબદ્ધતામાંથી પ્રેરણા લઈ ગણિતી રીતે કર્યાં હોય એવાં એનાં ચિત્રો વૈજ્ઞાનિક માનસવાળાંને વધુ સ્પર્શે છે. એસ્ચરની કૃતિઓને જે વિવિધ પ્રકારમાં વહેંચી શકાય તેમાંનો આ પણ એક છે.

સુધી માણસ, સમથળ સપાટી પર પરિમાણની કલ્પના કરતી વખતે કેમ ભૂલી જાય છે કે એ માત્ર એક દૃષ્ટિભ્રમ જ છે?' રેખાચાતુરી વડે એસ્ચરે તો એ દૃષ્ટિભ્રમને એક અજબ સ્તર પર મૂકી બતાવ્યો છે અને એની એ શક્તિએ જ એને આગવું-અનોખું સ્થાન અપાવ્યું છે. □



અન્ય જગત: બધી બાજુથી ખુલ્લા કોઈ વિશાળ ઝરૂખામાંથી દેખાતાં દશ્યોના ચિત્ર જેવી આ (વૂડ-એન્ગ્રેવિંગ) કૃતિમાં જોનારની નજરને ચિત્રના મધ્ય ભાગ પ્રતિ ખેંચી જઈને એસ્ચરે પોતાની આલેખનચાતુરીથી એક સુંદર ભ્રમજાળ રચી છે. એમાં મથાળે જમણી તરફથી જોતાં આપણે નીચે જોતા હોઈએ તેવું લાગે છે, વચ્ચે નજર માંડતાં સામેનું ક્ષિતિજ દેખાય છે, તો નીચે આંખ ફેરવતાં અધ્ધર આકાશ જોતા હોવાનો ભ્રમ થાય છે! એકબીજાથી ભિન્ન એવાં ત્રણ દૃષ્ટિબિંદુઓને આમ એક જ ચિત્રમાં ગૂંથી લેવાની રીત એસ્ચરની આગવી જ કળા છે. ધ્યાનપૂર્વક જોતાં એસ્ચરે એ માટે અજમાવેલી આલેખનયુક્તિ સ્પષ્ટ થતી જણાશે.



શિલ્પરત્ન ખંડિત થયુ

ઈ. સ. ૧૫૦૦માં પોપ ઍલેક્ઝાંડર છઠ્ઠાના સમયમાં જગવિખ્યાત શિલ્પી માઇકેલ ઍન્જેલોએ ૨૪ વર્ષની વયે સંગેમરમરમાં સર્જેલું, પોપ-નગરી વૅટિકનમાંનું આ શિલ્પ 'પાએટા' એની ઉત્કૃષ્ટ કલાને કારણે દુનિયાભરમાં પ્રસિદ્ધ છે. આ શિલ્પસર્જનનું એને પોતાને યે ગૌરવ હતું ને એથી એણે આ એક જ કૃતિ ઉપર કર્તા તરીકે પોતાનું નામ કોર્યું હતું. જગતનાં શ્રેષ્ઠતમ કલારત્નોમાં એની ગણના થતી રહી છે. વધસ્તંભ પરથી ઉતારેલા ઈસુ ખ્રિસ્તને પોતાના ખોળામાં લઈ બેઠેલી ચિરયુવા માતા મેરીનું એમાં જે સુંદર શિલ્પાંકન છે તે સદીઓ પછી આજે યે અદ્વિતીય ગણાતું રહ્યું છે. અને એટલે તો, ન્યૂ યૉર્કના વિશ્વમેળા પ્રસંગે એને અમેરિકા મોકલવામાં આવ્યું ત્યારે એક કરોડ ડૉલરના વીમા સાથે એની સલામતી માટે અતિશય તકેદારી રાખવામાં આવી હતી. પણ એ અમૂલ્ય કલારત્નને કંઈ પણ નુકસાન ન થાય એ સારુ ત્યાર પછી એને કદી પણ વૅટિકન બહાર નહિ કાઢવાની પોપ પૉલ છઠ્ઠાએ આજ્ઞા આપી હતી.

પરંતુ સદીઓથી સચવાતા રહેલા એ રત્નને હમણાં એક વિકૃત માનસના આદમીએ ખંડિત કર્યું છે : માતા મેરીનો ડાબો હાથ, એનાં નાક અને આંખ, તથા મસ્તકના પાછળના ભાગને તોડીને એણે જગતની એક મહામૂલી કલાકૃતિને હાનિ પહોંચાડી છે. સીડની-ઑસ્ટ્રેલિયામાં વસેલા એ હંગેરિયન પાગલને તો તુરત પકડવામાં આવ્યો છે, પણ પોતાની જાતને જિસસ ક્રાઈસ્ટ તરીકે ઓળખાવતો એ પાગલ આ બદલ પોતાને મોતની સજા મળે તો યે સ્વર્ગમાં જવાનો દાવો કરે છે!

લાસ્ઝિયો ટૉથ નામના ૩૪ વર્ષના આ માણસને ઇટાલીની પોલીસ ઓળખે છે. એની વિચિત્ર વર્તણૂકો તથા પોપને ખાનગીમાં મળવાની વારંવારની એની બેહૂદી માગણીઓને કારણે પંદર વર્ષ પર એને ઇટાલી છોડી જવાનું ફરમાવાએલું. વૅટિકનના નિષ્ણાત મરામતકારોનું કહેવું છે કે આ નુકસાન પછી ખાસ કરીને માતા મેરીનાં ભમ્મર અને નાકની મરામત બહુ કઠિન છે. હવે પછી આ શિલ્પના રક્ષણ માટે તેને અત્યંત મજબૂત કાચના કબાટમાં રાખવામાં આવશે.

કલાકાર કનુ નાયક

આ અંકના આરંભમાં જેમનું રંગીન ચિત્ર 'કન્યાવિદાય' આપ્યું છે, તેના ચિત્રકાર શ્રી કનુ નાયકે કલાસાધના સાથે કલાશિક્ષણ, લેખન અને અન્ય ક્ષેત્રે પણ સક્રિય રસ દાખવ્યો છે.

મુંબાઈની કળાશાળામાંથી ઈ. ૧૯૫૬માં આર્ટ માસ્ટર થયા પછી શિલ્પકામ કરવા સાથે ૧૯૫૭માં એમણે ખાસ વિષય તરીકે નેતરની ગૂંથણીનો અભ્યાસ કરી, તેની પરીક્ષામાં પ્રથમ આવી હસ્તકળાનો ડિપ્લોમા મેળવ્યો. તે દરમિયાન ૧૯૫૧માં હિંદી અને ઉર્દૂ માધ્યમમાં 'કાબિલ'ની તથા બીજે વર્ષે હિંદી શિક્ષક સનદની પરીક્ષાઓ પાસ કરી લઈને એમણે કારકિર્દીનો આરંભ કરેલો.

એ આરંભથી તેર વર્ષ સુધી એમણે મુંબાઈની જાણીતી 'ન્યૂ ઈરા' તથા 'ફેલોશિપ' હાઈસ્કૂલોમાં કલાશિક્ષક રહ્યા બાદ માનવમંદિરના 'આલ્પના'માં જોડાઈને ચિત્રકળાના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને તૈયાર કરવા સાથે બાલ-ચિત્રકળા અંગે કેટલાક સફળ પ્રયોગો પણ કરેલા. ૧૯૬૩થી બાટિકના ક્ષેત્રમાં પણ કામ આરંભ્યું.

મુંબાઈ અને ગુજરાત રાજ્યની બાલચિત્રકળાની હરીફાઈઓમાં એક નિર્ણાયક તરીકે પણ એમની અનેકવાર વરણી થએલી છે. 'એક હતી રૂપા', 'પત્તાનગર', 'ચૉકલેટપુરના ચક્રમાદિત્ય', 'અડધિયો રાક્ષસ' વગેરે બાળનાટકોની એમણે કરેલી રંગભૂમિ અને વેશભૂષાની રચનાઓએ પણ એમને સારી ખ્યાતિ અપાવી



અર્જુન પરીક્ષા










કનુ નાયક અને એમની ત્રણ કૃતિઓ. ઉપર: 'શિયાળાની રાત.' જમણી બાજુ મથાળે 'બંસીના સૂર' અને નીચે 'પાંચિકાની રમત'.

હતી. આજે તેઓ 'આભા' નામે કલાવર્ગો ચલાવવા સાથે મુંબાઈમાં વસંતકુમાર સોમાણી પોલિટેકનિકમાં વ્યાખ્યાતા તરીકે કામ કરે છે.

ઈ. ૧૯૫૫માં એમણે સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટસમાં પહેલી વાર પોતાની કૃતિઓ રજૂ કરી તે પછી બારિકનાં ચિત્રોનાં પણ ચારેક પ્રદર્શનો કર્યાં છે. પ્રથમ મુંબઈ રાજ્ય કલા-પ્રદર્શનમાં કલાશિક્ષકોના વિભાગમાં એમણે રૌપ્યચંદ્રક અને ૧૯૫૮માં નાઈરોબી સેવાદળ-આફ્રિકાનો પણ એક ખાસ ઍવૉર્ડ મેળવેલો.

કલા ને સામાજિક વિષયો પર તેઓ અવાર-નવાર વિવિધ સામયિકોમાં લેખો પણ લખતા રહ્યા છે; અને 'કલામાધુર્ય' (ગુજરાતી તેમજ મરાઠી ભાષામાં), 'ચિત્રત્રિવેણી' (ગુજ૦), 'અભિનવ ડિઝાઈન' (ગુજ. અને મ.) તથા 'કલારચના' (છપાય છે) વગેરે પુસ્તકો પણ લખ્યાં છે. કાવ્યલેખન અને ગાન પણ એમના અન્ય પ્રિય વિષયો છે. **જયંત સિદ્ધપુરા**







ટિકિટ સંગ્રહ

આ વર્ષે-૧૯૭૨માં આવતી ત્રણ જયંતી નિમિત્તે બ્રિટને બહાર પાડેલી બહુરંગી ખાસ ટિકિટો. પહેલી ટિકિટ પુરાતત્ત્વ સંશોધનના ઇતિહાસમાં એક વિશિષ્ટ પ્રકરણ સમી તુતનખામનની કબરની શોધને ૫૦ વર્ષ થયાં તેની છે. તેના આલેખનમાં પશ્ચાદ્ભૂ પર મીસરની પ્રાચીન ચિત્રલિપિ તથા આગળ આ શોધ દરમિયાન મળેલું એક સુવર્ણરંગી શિલ્પ છે. બીજી ટિકિટ 'હર મેજેસ્ટીઝ કોસ્ટગાર્ડ્સ'ની સ્થાપનાની દોઢ-સોમી જયંતી નિમિત્તની અને ત્રીજી સંગીતકાર રાલ્ફ વૉન વિલિયમ્સની જન્મ-શતાબ્દી નિમિત્તની એની છબિ સાથેની છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી લંડન).





તાજેતરમાં ભારતની પણ બે ખાસ ટિકિટો બહાર પડી. પહેલી તા. ૨૯-મી મેએ 'ઇંડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટયૂટ'ની સ્થાપનાની રજતજયંતી નિમિત્તની છે. તેના પર પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશના સંજ્ઞાત્મક (?) પાંચ આકારો અને ચોકસાઈના સૂચન રૂપ ઓળિંભાનું આલેખન છે. સાથે આ સંસ્થાની આ જયંતી નિમિત્તની સંજ્ઞાનો પણ જમણી બાજુ નીચે સમાવેશ છે. બીજી ટિકિટ 'આંતરરાષ્ટ્રીય રેલવે સંઘ'ની સુવર્ણ જયંતી નિમિત્તે આ ૮મી જૂને બહાર પડી. તેના પર સ્ટેશન યાર્ડમાં વિદ્યુતીકરણ કરેલા રેલમાર્ગો-ના નકશા સાથે તેની કંટ્રોલ ઑફિસનું સૂચક ચિત્ર છે.

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

૫ ઍંગ્લો-સૅક્સન ગદ્ય

ઓડસરની પૂર્વે કેટલાં યે વર્ષો અગાઉથી ઍંગ્લો-સૅક્સન કવિઓએ કાવ્યોના જે વિવિધ પ્રકારો ખેડ્યા છે તેની ચર્ચા આપણે કરી. એ સમગ્ર કવિતાના પ્રવાહને તપાસી-મૂલવીને ભાષા-સાહિત્યના કેટલાક વિદ્વાનોએ એ કવિતામાં પ્રગટ થતી ભાષાની કેટલીક લાક્ષણિકતાઓ તારવી છે. અહીં એની આછીપાતળી વિચારણા પ્રસ્તુત ગણાશે.

ઍંગ્લો-સૅક્સન પ્રજાની આ જર્મન મૂળની ભાષાની ખાસ વિશેષતા એ છે કે તેમાં શ્રુતિભાર પ્રબળપણે અને વ્યંજનોનું આધિક્ય છે. એમના અનુપ્રાસયુક્ત કાવ્યછંદના નિયમો આ બે વિશેષતાઓને મુખ્યત્વે વશવર્તીને રચાયા છે. વળી કાવ્યની પંક્તિઓમાં શ્રુતિસંખ્યા (syllables) નિશ્ચિત નથી. દરેક પંક્તિ બે ભાગે વહેંચાય છે. દરેક અર્ધ ભાગમાં બે સ્થાને શ્રુતિભાર હોય છે. પંક્તિના પૂર્વાર્ધમાં લગભગ બે શબ્દો સાથે ઉત્તરાર્ધનો પહેલો શબ્દ અનુપ્રાસ સાધી આપતો હોય છે—એટલે કે એક જ પ્રકારના વ્યંજનથી વા વ્યંજનસમૂહથી પંક્તિનો આરંભ થાય છે. એક ઉદાહરણથી આ વિશેષતા લક્ષમાં આવશે:

Saet Secy monig Sorgum gebunden
(Many a man sat bound in sorrows)

આ પંક્તિમાં પૂર્વાર્ધમાં બે ભારશ્રુતિ (stress) છે. પંક્તિના ઉત્તરાર્ધમાં પહેલામાં ભારશ્રુતિ છે અને તે પૂર્વાર્ધના પદ સાથે અનુપ્રાસ સાધે છે.

શ્રુતિભાર અને અનુપ્રાસાદિથી બંધાએલો ઍંગ્લો-સૅક્સનકવિ વિપુલ પ્રત્યયો અને વિભક્તિઓવાળી એની ભાષા સાથે ઘણી બધી છૂટ લેતો જણાય છે. ક્રિયાપદને એ નામ તરીકે પ્રયોજે છે; નામનો વિશેષણ તરીકે તે ઉપયોગ કરતો હોય એવું વલણ પણ વ્યાપક છે. તદુપરાંત સમાસનો વિપુલ ઉપયોગ એ પણ તેની નોંધપાત્ર વિશેષતા છે. કાવ્યબાની પર આ વલણની પ્રબળ અસર પડી જણાય છે. એ કવિઓ જરૂરિયાત માટે જ સમાસ પ્રયોજે છે એમ નથી; કોઈ સાદો પર્યાય તેમને ન મળવાથી તેઓ સમાસ યોજતા હોય એમ પણ દેખાતું નથી; પણ શણગાર માટે, કોઈ પદાર્થની ગુણવત્તા ભારપૂર્વક ઠસાવવા માટે કે નિશ્ચિત અસર ઉત્પન્ન કરવા માટે, અથવા કેવળ અનુપ્રાસ સાધવા માટે પણ તેઓ સમાસ યોજતા હોય છે. 'પૂર' જેવો સાદો શબ્દ તેમને સંતોષ આપે તેમ નથી. 'તરંગ-યાત્રા'થી જ એમનો પરિતોષ. 'આંખ'નહિ, 'મસ્તકનાં મોતી'; 'અંધકાર'-ને બદલે 'રાત્રિનું બખ્તર'; આવા અલંકાર શોખ ને વાગ્મિતા વિપુલપણે ઍંગ્લો-સૅક્સન કવિતામાં મળે જ. ને એમની આવી રીતિની એકતાનતા કઠે પણ ખરી. ઍંગ્લો-સૅક્સનોએ ભાષા સાથે આચરેલો આ સ્વચ્છંદ આજના અંગ્રેજને પરેશાન કરી મૂકે તો આશ્ચર્ય નહિ.

ઍંગ્લો-સૅક્સન ગદ્ય

બ્રિટન પર આક્રમણ કરનારી ઍંગ્લો-સૅક્સન પ્રજા તેનો કવિતાનો વારસો બ્રિટનમાં લાવી હતી, પરંતુ ગદ્યની કોઈ પ્રાચીન પરંપરા એની પાસે હોવાનો કશો પુરાવો મળતો નથી. ગદ્યનો ઉદ્ભવ અને વિકાસ તો ઇંગ્લૅન્ડની પ્રજાના ધર્માન્તરને પરિણામે ઇંગ્લૅન્ડમાં જ થયો જણાય છે.

આલ્ફ્રેડ: ગદ્યનો પિતા

ઍંગ્લો-સૅક્સન ગદ્યનો પિતા તો રાજા આલ્ફ્રેડ જ (૮૪૯થી ૮૯૯). ચાંચિયાઓ-વાઈકિંગ્ઝ-તરીકે ઓળખાતા ડેઇન લોકોના હુમલાને મારી હઠાવી તેમને તેણે અંકુશમાં આણ્યા અને ઇંગ્લૅન્ડની પ્રજાને શાંતિ-સલામતીનો સ્વાદ ચખાડ્યો એ તેની મહાન રાજકીય સિદ્ધિ છે. શરીરે સાવ અશક્ત, લગભગ પંગુ જેવો; એક પણ દિવસ પીડા વિના વીતે નહિ; છતાં પોતાના મનોબળે જ એ જીવ્યો ને જીત્યો. તેણે જુદીજુદી ઍંગ્લો-સૅક્સન ઠકરાતોની પ્રજામાં અંગ્રેજ પ્રજા તરીકેની રાજકીય અસ્મિતા પ્રકટાવી. પણ શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે તો તેનું પ્રદાન અપૂર્વ છે. એ બંને ક્ષેત્રોમાં નવું ચેતન આણનાર આલ્ફ્રેડ.

તે ખ્રિસ્તી હતો, અને એક વાતની તેને બરાબર ગડ બેસી ગઈ હતી કે ખ્રિસ્તી સંસ્કારનાં મૂળ હિબ્રૂ, ગ્રીક અને લૅટિન ભાષાસાહિત્ય-માં રહેલાં છે. એ ગ્રંથોની સમૃદ્ધિ જો માતૃભાષામાં સુલભ થાય તો જ અંગ્રેજ પ્રજાના જ્ઞાન-સંસ્કારનો જયવારો છે. એટલે એણે લૅટિન ભાષાને સ્થાને માતૃભાષાને શિક્ષણ અને સાહિત્યનું માધ્યમ બનાવવાનો સીધો પણ ક્રાંતિકારી વિચાર અમલમાં મૂક્યો. પરિસ્થિતિ તો એવી વિષમ કે અંગ્રેજી ભાષામાં કોઈ પાઠ્યપુસ્તક નહિ, સંદર્ભગ્રંથની તો વાત જ શી? આ મોટી ખાઈ પૂરવાના ભગીરથ કાર્યમાં આલ્ફ્રેડ લાગી ગયો. ડેઇન લોકોએ ઇંગ્લૅન્ડ પર આક્રમણ કર્યું ત્યારે તેમણે લૂટફાટ અને ખૂનામરકી તો સ્વાભાવિકરીતે જ કરેલી; પરંતુ વિદ્યાસંસ્થાઓ અને ગ્રંથાલયોનો પણ તેમણે વીણીવીણીને વિનાશ કરેલો. પ્રજાનું સમસ્ત ચૈતન્ય ઝાંખું પડી ગયું હતું. ધર્મગુરુ પણ હતાશ, નૂર વિનાના ને અજ્ઞાનમાં સબડતા હતા.

આલ્ફ્રેડ પોતાની વિચક્ષણ દૃષ્ટિથી આ પરિસ્થિતિ પામી ગયો. તેણે ધર્મગુરુઓને તથા શિક્ષકોને તાલીમ આપવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. તેને પોતાને પણ લૅટિન આવડતું નહિ, છતાં પાકે ઘડે તેણે કાંઠા ચડાવ્યા. પોતાની આસપાસ વિદ્વદ્‌મંડળ ભેગું કરી તે લૅટિન ગ્રંથોની સામગ્રી માતૃ-ભાષામાં અવતારવાના પ્રચંડ કાર્યમાં ખૂંપી ગયો, ને તેનો આરંભ રાષ્ટ્રીય ઇતિહાસનાં પુસ્તકો લૅટિનમાંથી માતૃભાષામાં લાવવાની પ્રવૃત્તિથી કર્યો. અલબત્ત, એણે પોતે તે કાર્યમાં પ્રત્યક્ષ કેવો-કેટલો ફાળો આપ્યો તે વિષે કશું પણ કહેવું શક્ય નથી. ભલે આલ્ફ્રેડે પોતે, કે એના સાથીદાર અનુવાદકોએ, કે સૌએ સંયુક્તરીતે, પણ આ પ્રકારનાં પુસ્તકો માતૃ-ભાષામાં સુલભ કર્યાં એ જ મોટી વાત છે.

આ પ્રકારના સાહિત્યમાં ખાસ કરીને અહેવાલો–Chronicles, અને લૅટિન ધર્મગુરુ બેડે Bedeનો ઍંગલ પ્રજાનો ધાર્મિક ઇતિહાસ–Ecclesiastical History of Angles–ખાસ ધ્યાનપાત્ર છે. એમાં જુલિયસ સીઝરના બ્રિટન પરના આક્રમણથી માંડી પાંચમી સદી સુધીના ઇતિહાસની રૂપરેખા છે, અને પછી પણ તેનો ત્રુટક અહેવાલ ૧૧૫૪ની સાલ સુધી આગળ ચાલે છે. આલ્ફ્રેડની પ્રેરણાથી અથવા તેના પ્રયત્નથી શરૂ થએલાં આ 'ક્રૉનિકલ્સ' તત્કાલીન અંગ્રેજી સાહિત્ય, સમાજ, ધર્મ, રાજકારણ વગેરેને સમજવા માટે તો ઉપયોગી છે જ, પણ તેમાં ગદ્યના કેટલાક સમર્થ નમૂના પણ મળે છે; તદુપરાંત પ્રાચીન અંગ્રેજી (ઍંગ્લો-સૅક્સન)થી મધ્યકાલીન અંગ્રેજી સુધીના ગદ્યનું સાતત્ય જાળવતા એમાંના લેખોમાં ભાષાના અભ્યાસી માટે પણ ભાષાનું સ્વરૂપ સમજવા માટે સારી એવી સામગ્રી મળે તેમ છે.

આ પુસ્તકો ઉપરાંત આલ્ફ્રેડનું જેમાં ઓછુંવધતું કર્તૃત્વ હોય તેવા ખાસ મહત્ત્વના ગ્રંથોમાં પોપ ગ્રેગરી (Gregory the Great) કૃત 'Pastoral Rule', ઓરોસિયસ (Orosius) રચિત 'Universal History', અને બોયેથિયસ (Boethius)ના 'The Consolation of Philosophy'નો સમાવેશ થાય છે.

આલ્ફ્રેડ સાહિત્યકાર નહોતો; સર્જક થવાનો એને અભરખો પણ નહોતો. તેણે તો પ્રજાકલ્યાણની ભાવનાથી જ, પોતાના ભારે વહીવટી-

કાર્યમાંથી સમય ફાજલ પાડીને:આ શૈક્ષણિક કાર્ય શરૂ કર્યું. તેનું પોતાનું લૅટિન કાચુંપાકું હતું, એટલે તેના અનૂદિત ગ્રંથોમાં ક્યારેક શબ્દશઃ તો અવારનવાર ભાવાનુવાદ મળે છે. તેના શબ્દશઃ અનુવાદે અંગ્રેજી ગદ્યના વિકાસમાં ફાળો આપ્યો હોવા છતાં વિદ્વાનોને તો તેનો મુક્ત અનુવાદ જ આસ્વાદ્ય લાગ્યો છે. એ મુક્ત અનુવાદમાં આલ્ફ્રેડની ઘણી કચાશો વિવેચકોએ નિહાળી છે; ક્યારેક એ મૂળ લેખકને અન્યાય પણ કરી બેસે છે, પોતાના અનુવાદમાં એ મૂળના બિનજરૂરી અંશો નિરાંતે પડતા મેલે છે, કદીકદી પોતાનું ઉમેરણ પણ તે કરે છે. એનું પ્રયોજન શબ્દશઃ અનુવાદનું છે જ નહિ. એની અભિલાષા પ્રાચીન અનુભવખચિત ગ્રંથોને સરળ રોચક ભાષામાં પ્રજા સમક્ષ રજૂ કરવાની છે. એટલે જ એ શિક્ષકની હેસિયતથી હેયોપાદેયનો વિવેક કરે છે. ઓરેસિયસે રચેલા 'યુનિવર્સલ હિસ્ટરી'ના અનુવાદમાં ભૌગોલિક ખંડમાં તેણે સારું એવું ઉમેરણ કર્યું છે—એક સજ્જન (Ohthere)ની સ્કૅન્ડીનેવિયાના કિનારા સુધીની યાત્રાની સળંગ કથા તેણે ઉમેરી છે. એ કથાની લખાવટ વિવેચકોના અભિપ્રાયે એવી તો સરળ ને પ્રાથમિક કક્ષાની છે કે તેના શબ્દો અર્વાચીન અંગ્રેજીથી જરાક જ જુદા પડતા લાગે છે. તાત્પર્ય એ કે અંગ્રેજી ભાષાનું મૂળ તેણે બરાબર રોપી દીધું.

આલ્ફ્રેડે અનુવાદ કરતી વેળાએ પુસ્તકોની પસંદગીમાં પણ બરાબર દૃષ્ટિ દાખવી છે. પોતાની પ્રજાને ઇતિહાસ-ભૂગોળ-તત્ત્વજ્ઞાનનો લાભ મળે, પ્રાચીન વિદ્વાનોની અનુભવવાણી સુલભ થાય એ વાત તેણે સતત લક્ષમાં રાખી છે. આવા પ્રયોજનપૂર્વક તેણે પાંચમી-છઠ્ઠી સદીમાં થઈ ગએલા રોમન તત્ત્વજ્ઞ બોયેથિયસના 'ધી કૉન્સોલેશન ઑવ ફિલૉસૉફી' ગ્રંથનો પ્રજાને સુખદ પરિચય કરાવ્યો. આ ગ્રંથમાં બોયેથિયસે અમૂર્ત ભાવનાઓને મૂર્ત રૂપે કલ્પીને મઝાનું રૂપક સર્જ્યું છે, અને નાટ્યાત્મક પરિસ્થિતિ નિરૂપી છે. ફિલસૂફી પોતે કેદખાનામાં પડેલા લેખકની મુલાકાતે જાય છે અને ત્યાં લેખકને મિથ્યા સંભાષણની જાળમાં ફસાવનારી કલાઓ (Muses)ને તે હાંકી કાઢે છે. સમગ્ર પુસ્તકમાં સાચા અને કાચા સુખ વિષેની, અનિષ્ટના અસ્તિત્વની, માનવના બુદ્ધિસ્વાતંત્ર્યની, ઈશ્વરી શાસનની એમ અનેક ઊંચા સ્તરે થએલી ચર્ચાઓ આહ્લાદક છે. સૉક્રેટિસ કેદખાનામાં પડેલો, તેના મિત્રોએ તેના નાસી છૂટવા માટે પ્રબંધ-પ્રપંચ ગોઠવ્યો, ત્યારે ઍથેન્સ નગરીના સર્વ કાયદા મૂર્તરૂપે સૉક્રેટિસની મુલાકાતે આવ્યા, એ પ્રસંગ અહીં સંભારવા જેવો ખરો. આલ્ફ્રેડે આ ગ્રંથના અનુવાદમાં, વિવેચકોના અભિપ્રાયે, ઘણી ક્ષતિ કરી છે; અર્થની બાબતમાં ગેરસમજ તો તેણે કરેલી છે જ, પરંતુ અર્થચ્છાયા પણ ઉચિત રીતે તે પ્રગટ કરી શક્યો નથી. તેમ છતાં ઊર્મિનું સ્તર જાળવવામાં મહદંશે તે મૂળ લેખકની લગોલગ પહોંચી શક્યો છે. આ ગ્રંથને આલ્ફ્રેડ પછી ચૉસરે પણ અંગ્રેજીમાં ઉતારેલો.

આલ્ફ્રેડની છેલ્લી મનાતી અનૂદિત કૃતિ–સંત ઑગસ્ટાઈનની સ્વગતોક્તિઓ પરથી રચાએલી 'Blossoms' નામની છે. તેમાં તેણે મુક્તપણે પોતાનું દૃષ્ટિબિંદુ ઉમેર્યું છે. એ ગ્રંથમાં ઈશ્વર અને આત્મા વિષેની તત્ત્વવિચારણા છે. તેમાં આલ્ફ્રેડે અમરત્વની ચર્ચા સ્વતંત્ર રીતે દાખલ કરેલી છે. દા. ત. તારી પોતાની બુદ્ધિને પ્રમાણ, ઈશ્વરના સુપુત્ર ઈસુમાં શ્રદ્ધા રાખ, અને તેની સર્વ બાબતમાં સાક્ષીરૂપ સંતોમાં શ્રદ્ધા રાખ. તારા પોતાના આત્માને પણ પ્રમાણ–જે સદૈવ પ્રજ્ઞા દ્વારા તારામાં પોતાનું અસ્તિત્વ જાહેર કરે છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં આલ્ફ્રેડ સાહિત્યપ્રવૃત્તિને અલવિદા કરતો હોય તે રીતે પોતાના કાર્યનું ક્ષેત્ર સમજાવતાં પોતાની જાતને ઈમારત બાંધવા માટેની વિવિધ પ્રકારની મબલખ સામગ્રીવાળા કોઈ વિશાળ જંગલમાં થોડીક કાઠી ભેગી કરી શકનારા કઠિયારા તરીકે ઓળખાવે છે: I gathered me poles and props and bars and handles for each of the tools which I could handle, and bough-timbers and bolt timbers for each of the tasks which I was capable of undertaking, the fairest wood as far as I could bear it away. I came not home with a great burden, since it pleased me not to bring all the wood home, even if I could have carried it. On each tree I saw something which I needed at home. Therefore, I advise every man who is able and has many waggons, that he direct himself to the same wood where I cut the props, and that he procure for himself more, and load his waggons with fair beams, that he may construct many a fair wall, and many a beautiful house, and many a town and dwell there merrily and peacefully, both winter and summer, as I have not done.

કાયદાના ક્ષેત્રે પણ આલ્ફ્રેડે મહત્ત્વની સેવા બજાવી છે, પરંતુ એ વાત અહીં અપ્રસ્તુત છે. તેને પોતે સમસ્ત દેશના વિકાસ માટે વિવિધ ક્ષેત્રમાં ભગીરથ કાર્ય આરંભ્યું તેનો સંતોષ છે. એની સાત્ત્વિક ભાવનાનો પડઘો તેના નીચેના ઉદ્ગારોમાં પડે છે: 'હું જીવું ત્યાં સુધી માનપૂર્વક જીવવાની અને મારા મૃત્યુ પછીની પેઢીમાં મારાં સત્કાર્યોની સ્મૃતિ રહે તેવી અભિલાષા ધરાવું છું.'

આલ્ફ્રેડની સિદ્ધિ જ્વલંત છે. એણે માતૃભાષાનું મહત્ત્વ સમજીને તેનો મહિમા કર્યો અને અંગ્રેજી સાહિત્યને વિકસાવવાની તક પૂરી પાડી. તેની પાસે સર્જક પ્રતિભા નહિ, એટલે પોતાની મર્યાદા સમજીને એણે અનુવાદનો માર્ગ સ્વીકાર્યો, પરંતુ એણે ગ્રંથોના જે નમૂના પસંદ કર્યા તેથી ઍંગ્લો-સૅક્સન ગદ્યની લખાવટમાં વિપુલપણે લૅટિન તત્ત્વ દાખલ થયું. એણે કરેલા અનુવાદોમાં એનું કેટલુંક ઉમેરણ ગદ્યના સારા નમૂના પૂરા પાડે છે. અંગ્રેજી ગદ્યના ખેડાણમાં તેણે પાયાનું કામ કર્યું. એ એના યુગની માત્ર બુદ્ધિમત્તાનો જ નહિ, આધ્યાત્મિકતાનો પણ પ્રતિનિધિ હતો. અનુવાદ માટેના ગ્રંથોની પસંદગીમાં અને એના લખાણમાં સત્યની ખોજ માટેની એની એષણા પ્રગટ થાય છે. એની કબર પરનો શિલાલેખ બોલે છે: 'He found learning dead, and he restored it; education neglected, and he revived it.'

આલ્ફ્રેડ પછીના અનુવાદકો

આલ્ફ્રેડ પછી બીજા કેટલાક ઍંગ્લો-સૅક્સન લેખકો–અનુવાદકોએ તેનું કાર્ય ચાલુ રાખ્યું. એમાં ગણનાપાત્ર નામ પાદરી એલ્ફ્રિક (Aelfric) અને વુલ્ફસ્ટન (Wulfstan)નાં છે. એલ્ફ્રિકે આલ્ફ્રેડને લખાણની બાબતમાં નમુના તરીકે રાખીને કેટલાંક પુસ્તકો રચ્યાં. તેમાં ધર્મ વિષેનાં વ્યાખ્યાનો (Homilies) અને લૅટિન સંવાદોનો સંગ્રહ (Colloquy) રસપ્રદ છે. શૈલીની બાબતમાં આલ્ફ્રેડથી તે ઘણે ઊંચે જાય છે અને તેનું ગદ્ય કાવ્યના રણકાવાળું છે. Colloquyમાં પાદરીના અલ્પશિક્ષિત જનો સાથેના રોજિંદા વહેવાર અંગેના વાર્તાલાપો છે. આ ઉપરાંત તેણે સંતોનાં જીવન (The Lives of the Saints), વ્યાકરણ, લૅટિન-અંગ્રેજી કોશ વગેરે પુસ્તકો પણ રચ્યાં છે. એ દસમા સૈકામાં થઈ ગયો. એ સદીના મધ્ય અને અંત ભાગમાં ધાર્મિક શિક્ષણના પુનરુત્થાનની જે હિલચાલ થઈ તેમાં એલ્ફ્રિક, વુલ્ફસ્ટન ઇત્યાદિનો મહત્ત્વનો ફાળો ગણાય. વુલ્ફસ્ટને પણ અગિયારમા સૈકામાં ધર્મોપદેશ(Homilies)ના કેટલાક ઉત્તમ નમૂના પૂરા પાડ્યા છે. એલ્ફ્રિકના કરતાં તેનાં લખાણ ઊર્મિલ છે. એ બુદ્ધિને નહિ, લાગણીને સ્પર્શે છે અને ઉપદેશમાં ઉચિત નક્કર ઉદાહરણો આપવામાં તેની કુશળતા છે. (અનુસંધાન પૃ. ૨૩૪)

આપનાર અને મેળવનાર બંનેને જેનું આશ્ચર્ય હતું એવો એક ગેબી સંદેશ

દસ્વીસન ૧૮૨૮ની વાત છે. જહાજ 'એસ. એસ. વેસ્ટ્રિસ' સેન્ટ જ્હૉનથી ન્યૂ બ્રુન્સવિક જઈ રહ્યું હતું. તૂતક પર કપ્તાન અને ફર્સ્ટ ઑફિસર બ્રુસ સૂર્યના આધારે કેટલાંક નિરીક્ષણો કરી રહ્યા હતા. કામ પૂરું કરી બંને નીચે ઊતર્યા.

કરેલાં નિરીક્ષણોની નોંધ પરથી બ્રુસે પોતાની કૅબિનમાં જઈ ગણતરીઓ માંડી, પણ ન જાણે કેમ આજે એનો કંઈ તાળો મળતો જ નહોતો. તેણે બહુ મહેનત કરી પરંતુ આંકડા બેઠા જ નહિ. અકળામણથી પરસેવે રેબઝેબ થઈ અંતે એ કૅપ્ટન પાસે ગયો, અને કૅબિનનું બારણું ખોલતાં બોલ્યો: 'સાહેબ, કંઈ સમજાતું નથી; પણ આનો કંઈ મેળ બેસતો જ નથી.'

પણ કૅપ્ટનની ખુરશી પર નજર પડતાં જ એ ચમકી ગયો! વહાણ પરના સૌને તો એ ઓળખતો હતો. પણ આ તો કોઈ અજાણ્યો માણસ લાગતો હતો! બ્રુસનો અવાજ સાંભળી પેલા માણસે પાછું વાળી જોયું ત્યારે તો બ્રુસ છળી જ પડ્યો! બૂમ પાડવા પહોળા થઈ ગએલા એના મોંમાંથી અવાજ સુદ્ધાં નીકળી શક્યો નહિ! કૅબિન છોડી એ તૂતક તરફ નાઠો. વચમાં જ એને કૅપ્ટનનો ભેટો થઈ ગયો.

બ્રુસને આમ બેબાકળો બની ગએલો જોઈ કૅપ્ટને પૂછ્યું: 'શું થયું? બી ગએલા બાળકની પેઠે આમ થથરે છે કેમ?'

હાંફતાંહાંફતાં બ્રુસે કહ્યું: 'સાહેબ, આપની કૅબિનમાં કોઈ અજાણ્યો આદમી બેઠો છે. એની બિહામણી આંખો જોઈ હું બી ગયો!'

કૅપ્ટન આ સાંભળી હસી પડ્યો. બ્રુસની પીઠ પર હાથ પસવારતાં એણે કહ્યું: 'અરે, કૅબિન સાફ કરવા કોઈ સ્ટૂઅર્ડ આવ્યો હશે.'

'ના સાહેબ, આ માણસ તો આપની ખુરશીમાં બેસી આપના જ કાગળો પર કંઈ લખતો હતો.' બ્રુસના ચહેરા પરથી હજી યે ભયનો પરસેવો ઝરતો હતો.

હવે કૅપ્ટનને પણ કંઈક ગંભીર હોવાનું લાગ્યું. બંને જણ કૅબિન પર આવ્યા, પણ ત્યારે ત્યાં કોઈ નહોતું.

'જરૂર તને કંઈક ભ્રમ થયો લાગે છે.' કૅપ્ટને કહ્યું અને પછી ઉમેર્યું: 'કંઈ નહિ. એની ચિંતા કરીશ નહિ. જે હશે તે ઠીક થઈ રહેશે.'

'નહિ સાહેબ;' બ્રુસે ભારપૂર્વક કહ્યું: 'મેં ચોક્કસ એને અહીં જોયો છે. મારા મનનો કે નજરનો એ ભ્રમ નથી જ.'

'તેં મને કહેલું ને, કે–' કૅપ્ટનને યાદ આવ્યું 'એ અહીં બેસીને કંઈક લખતો હતો? તો ચાલો આપણે જોઇએ કે મારા કાગળ પર શું લખેલું છે.'

અને જેવું તેઓએ ટેબલ પર જોયું એવા જ બંને અવાક્ બની ગયા! ખરેખર ત્યાં એક કાગળ પર લખેલું હતું: 'વાયવ્ય દિશામાં હંકારો.' બહુ સ્પષ્ટપણે એ શબ્દો વંચાતા હતા.

કૅપ્ટને હવે ખરેખર ગંભીર થઈ બ્રુસને પૂછ્યું: 'કોઇએ આપણી મશ્કરી તો નહિ કરી હોય?' પણ વળી કૅપ્ટનને પોતાને જ એ વિચાર બેહૂદો લાગ્યો. 'તો તો—' બ્રુસે કહ્યું: 'ચાલો આપણે એકેએક જણના હસ્તાક્ષરો મેળવી જોઇએ' અને વહાણ પરના દરેક જણે પેલા શબ્દો લખી બતાવ્યા; પણ કોઇના અક્ષરો એની સાથે મળતા નહોતા. છેવટ કૅપ્ટને નિર્ણય લઈ લીધો.

'હું તો દૈવી શક્તિમાં માનનારો માણસ છું.' એણે કહ્યું: 'આ સંદેશાની પાછળ કંઈ ગેબી રહસ્ય હોવું જોઇએ. કોઈ દૈવી બળ તેમાં કામ કરતું હશે. આપણે વાયવ્ય દિશામાં વહાણ લઈ જઇએ. જોઇએ, શું થાય છે.'

અને જહાજ એ દિશામાં ઊપડ્યું. જહાજ પરના સૌની આંખો એ દિશામાં વિશાળ જળરાશિ પર ખોડાઈ રહી. કેટલુંક અંતર કાપ્યા પછી દૂર એક આઈસબર્ગ–બરફનો તરતો પહાડ–નજરે પડ્યો. થોડી વારે એ બરફખંડ પર ભાંગીને તેમાં જકડાઈ ગએલું એક વહાણ દેખાયું. વધુ નજીક પહોંચતાં તેમણે જોયું કે પાણીનો માર ખાઇને એનું તૂતક તદ્દન ધોવાઈ ગયું હતું. એ ભયંકર અકસ્માતમાંથી બચી ગએલા થોડા માણસો નજીક આવતા 'વેસ્ટ્રિસ' સામે ઉગારની આશાએ તાકી રહ્યા હતા.

એ સૌને 'વેસ્ટ્રિસ' પર ચડાવવા માંડ્યા ત્યારે એમાંના એક જણ પર નજર પડતાં જ બ્રુસ ફરી કમકમી ગયો! જે માણસને એણે પોતાના કૅપ્ટનની ખુરશીમાં જોએલો એ જ એ લાગતો હતો!

બચાવનું કાર્ય પૂરું થતાં જ બ્રુસે કૅપ્ટનને જઇને કહ્યું: 'સાહેબ, જુઓ; પેલા જ માણસને મેં આપની કૅબિનમાં લખતાં જોએલો!'

કૅપ્ટને ભાંગી ગએલા વહાણના કપ્તાનને આ ભેદી વાત કરી ત્યારે એણે આશ્ચર્ય વ્યક્ત કર્યા વિના જવાબ આપ્યો: 'હા, આપના કહેવાનો મતલબ હું સમજી શકું છું. એ માણસે અમને પણ કહેલું કે બરાબર આજે જ અમારો ઉગાર થઈ જશે!'

'વેસ્ટ્રિસ'ના કૅપ્ટને પેલા માણસને પોતાની કૅબિનમાં બોલાવ્યો અને આ ભેદી બનાવ વિષે પૂછ્યું. વાત સાંભળીને એ પોતે પણ આશ્ચર્ય પામ્યો, પણ પછી કહ્યું કે 'વેસ્ટ્રિસ' એમને બચાવવા આવી પહોંચ્યું એ અગાઉ થોડા કલાકો પહેલાં એના મનમાં સ્વપ્ન જેવો એક તરંગ ઊઠેલો કે પોતે કોઈ બીજા વહાણ પર એના કપ્તાનની કૅબિનમાં બેસીને એ જહાજને વાયવ્ય દિશામાં હંકારવા માટે લખ્યું હતું!

'વેસ્ટ્રિસ'ના કૅપ્ટને એને કાગળ-પેન આપ્યાં અને એ સંદેશો ફરી લખવા સૂચવ્યું. એણે એ જ શબ્દો ફરી લખ્યા.

અને એના અક્ષરો બરાબર પેલા સંદેશાના અક્ષરને મળતા જ હતા!

('મિરર'માં આવેલી એક રહસ્યકથા પરથી)

હરિ: ૐ આશ્રમ તરફનું
એ અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'બર્ટ્રાન્ડ રસેલ'ના લેખક
શ્રી ધીરુભાઈ પરીખને આપવામાં આવ્યું છે.

ગુજરાતી રંગભૂમિના ઘડવૈયાઓ: જીવન તથા કાર્યને લગતું પરિચયપુસ્તક

ગુજરાતી રંગભૂમિની વિકાસકથા અને ઉત્કર્ષકથા એટલે તેના અનેક વિદ્યમાન નિર્માતાઓ, લેખકો, દિગ્દર્શકો અને કલાકારોની ફિદાગીરી અને મહામૂલા પ્રદાનનો ઇતિહાસ. આ વિચારથી 'ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા' એ નામે એક પુસ્તક તૈયાર કરું છું. એ કાર્યમાં જ્યાંજ્યાં ગુજરાતી નાટયસંસ્થાઓ સક્રિય હોય તે સહભાગી બને અને નિર્માતાઓ, લેખકો, દિગ્દર્શકો તથા કલાકારોના સંક્ષિપ્ત અધિકૃત જીવનપરિચય (જન્મસ્થળ, તારીખ, અભ્યાસ, વ્યવસાય વગેરે), તેમની તસવીર તથા પૂરા સરનામા સહિત તા. ૩૦-૬-૭૨ પહેલાં મને નીચેને સરનામે પાઠવી આપે એવી વિનતિ છે. ચંદુલાલ એમ. શાહ, ૨૨૦ ફીકા સ્ટ્રીટ, મુંબઈ-૨.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

જૂન ૧૯૪૭ · અંક ૨૮૨

ભારતીય કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક વિખ્યાત કલાવિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીની લેખમાળા 'શિલ્પ પરિચય'માં આ વખતે સ્થાપત્ય અથવા વાસ્તુશિલ્પનાં મૂળ તત્ત્વોની વિશદ છણાવટ કરી હતી. તેનો રસમય ભાગ :


ગુરુત્વાકર્ષણની શક્તિ પૃથ્વી પરની સપાટી પરથી અધ્ધર થવાનો પ્રયત્ન કરે તો તેને ગુરુત્વાકર્ષણની શક્તિની સામે યુદ્ધ કરવું પડે છે. ઈમારતની છતને કે છાપરાને એવી રીતે ભૂગર્ભ તરફ ખેંચાઈને નીચે પડતી અટકાવવાનો પ્રયત્ન ભીંતો કરે છે. (ચિત્ર નં. ૧) કોઈ પણ બાંધેલું મકાન જોવાથી સમજાશે કે તે સ્થિર થઇને ઊભું છે, તે 'સ્થાપિત' થયું છે. આ સ્થિર ભાવ તે 'સ્થાપત્ય'નો ભાવ.

જેના આવરણ વડે પાણી, વાયુ અને ગરમીના આક્રમણથી માણસ આત્મરક્ષા કરી શકે તેને ગૃહ, આવાસ કે આલય કહે છે. પરંતુ ગૃહ કે આવાસ માત્ર સ્થાપત્ય ન કહેવાય. જે ગૃહનું બહારનું રૂપ જોતાં તેના સ્તંભો, કમાનો, સળિયા દ્વારા સુંદર રીતે સંપાદિત થતું હોય તે ભારવહનનું કાર્ય જ 'સ્થાપત્ય' કહેવાય. 'સ્થાપના'નું કાર્ય સુસિદ્ધ થવા ઉપરાંત સાથેસાથે તે સુસિદ્ધિનો ભાવ પણ તેની બાહ્ય આકૃતિમાં, તેના ચહેરામાં તેમજ અવયવોમાં જ્યારે સ્ફૂટ થાય ત્યારે જ તેનો સમાવેશ શિલ્પકળામાં થાય છે, અન્યથા નહિ.


ભારતની જૂનામાં જૂની આદિનિવાસી જંગલી ટોડા જાતિ વાંસ અને ઝાડનાં પાંદડાંનાં સાધનો વડે વાવાઝોડાં તેમજ વરસાદનો આઘાત સહન કરી શકે એવાં ગૃહનિર્માણ કરતી. એ ઘરનો આકાર ઢાળવાળા છાપરા સહિતના ત્રિકોણ જેવો હોય છે. (ચિત્ર નં. ૨) આ ત્રિભુજ ઢાળવાળા છાપરા પરથી પાણી સહેલાઇથી ઢળી જઈ શકે એવી રચના તેના ત્રિકોણ રૂપમાં સહજ રૂપે જ સ્ફૂટ થાય છે; એટલે સ્થાપત્યકળામાં એ ટોડાના ઘાસના ઝૂંપડાએ સન્માનનું સ્થાન મેળવ્યું છે, એ તે ઉપરથી વિકસેલાં સ્થાપત્યો દર્શાવે છે. (ચિત્ર નં. ૩)

ગોળ પાંદડાં વડે રચેલી આઠ છતની રચનાના છાપરાવાળું બંગાળનું 'આઠચાલા' નામનું ઝૂંપડું પણ સ્થાપત્યની શિલ્પકળામાં ગણાય છે (ચિત્ર નં. ૪), કેમ કે તેનું બહારનું રૂપ જોતાં જ વાવાઝોડાં, વરસાદ ને તાપનિવારણની તેની શક્તિ સ્પષ્ટ વ્યક્ત થાય છે. પછી એ ઢબ બંગાળનાં ઢાળવાળાં ગ્રામ-ઘરોમાં ઊતરી (ચિત્ર ૫); અને તે આદર્શ ઉપર બંગાળનાં મંદિરોનું વિશિષ્ટ સ્થાપત્યરૂપ સર્જાયું. (ચિત્ર ૬)


વાંસ અને ઝાડનાં પાંદડાંનાં સાધન છોડીને જ્યારે ભારે પથ્થરનાં ઘરો બાંધવાની જરૂર ઊભી થઈ, ત્યારે એ જ ઢાળવાળા છાપરાની રચના બીજી કુશળતાથી કરવી પડી. પથ્થરના નાનાનાના ટુકડાઓને એક ઉપર એક, પરસ્પરની સામે રચાતા આવે એ રીતે ગોઠવીને, ઉપરનો અવકાશ ધીમેધીમે ઓછો કરતા જઈ તદ્દન ઓછો અવકાશ રહેતાં ત્યાં એક છેવટ-



ચિત્ર ૧




ચિત્ર ૨




ચિત્ર ૩

ચિત્ર ૪




ચિત્ર ૫




ચિત્ર ૬




ચિત્ર ૭-ક




ચિત્ર ૭



ચિત્ર ૮






ચિત્ર ૯

નો કટકો મૂકી દીધો, અને આમ ઢાળવાળા છાપરાની પથ્થર વડે રચના કરવામાં આવી (ચિત્ર નં. ૭). આ પદ્ધતિનું છતનિર્માણ ઓરિસ્સાનાં ઘણાં પ્રાચીન મંદિરોમાં જોવામાં આવે છે. આ અવસ્થા તે આપણી આજની કમાનોની રચના પહેલાંની અવસ્થા.

તાપ અને વરસાદના નિવારણનો હેતુ પાર પાડ્યા પછી વાસ્તુશિલ્પમાં બીજો પ્રશ્ન આવે તે હવા અને પ્રકાશ લાવવા માટેની બારીઓ તેમજ પ્રવેશ માટેનાં દ્વારની વ્યવસ્થાનો. આ દ્વાર તથા ગવાક્ષ (ઝરૂખા-બારીઓ) માટે મકાનની ભીંતોમાં વિવિધ પ્રકારનાં બાકોરાં પાડવાની જરૂર હોય છે (ચિત્ર નં. ૭-ક). પરંતુ આવાં બાકોરાં જો દીવાલમાં એમ ને એમ ખાલી જ પાડવામાં આવે તો, ગુરુત્વાકર્ષણને લીધે ઈમારતના ઉપલા ભાગનો ભાર એ બાકોરાંઓ ઉપર વજન કરે, ને પરિણામે ભીંત પડી જવાનો ભય રહે (ચિત્ર નં. ૮). આ વિપત્તિમાંથી બચવા માટે કોઈ કોઈ બારી કે બારણાના મથાળાના ભાગમાં પથ્થરનું એક અવલંબન મૂકી ઉપરના ભારને બે ભાગમાં વહેંચી નાખીને એ પતનની ગતિ રોકવાની વ્યવસ્થા કરવામાં આવે છે (ચિત્ર નં. ૯). એ અવલંબનને ઓતરંગ અથવા સિરદલ (અંગ્રેજીમાં લિન્ટલ) કહે છે. કોઈ કોઈ કિસ્સામાં કમાનની રેખાને મથાળે જોડાજોડ ઊભી ઈંટોને જરા ત્રાંસ પડતી ગોઠવીને ઉપરના ભારના કેન્દ્રને એ જુદીજુદી ઈંટોમાં વિભક્ત કરી નાખવામાં આવે છે (ચિત્ર નં ૧૦). આ રીત વિકાસ પામીને કમાનની ઉત્પત્તિ થઈ (ચિત્ર નં. ૧૧). ઘણાનું ધારવું છે કે કમાનની આ રચનાનો ઉદ્ભવ પશ્ચિમ દેશના શિલ્પીઓએ કર્યો હતો. પરંતુ ભારતમાં અને પૂર્વ તરફના દેશોનાં કોઇકોઇ સ્થાનોમાં કમાનનો પ્રયોગ યુરોપમાં તે પ્રચાર પામી તેની યે ઘણા કાળ પહેલાંનો જોવામાં આવે છે.


વાસ્તુશિલ્પમાં ભીંત અથવા દીવાલ ઉપરાંત પણ ભારવહન માટે બીજો એક ઉપાય છે: તે સ્તંભ અથવા થાંભલો. મકાનમાં ખુલ્લી પડાળી અથવા વરંડો રાખવો હોય તો ત્યાંની છતને ટેકાવવા માટે થાંભલાનો જ આશ્રય લેવો પડે. આ થાંભલા તેના શિર ઉપર રહેલા ભારના વહનના પ્રમાણમાં પહોળા હોવા જરૂરી છે (ચિત્ર નં. ૧૧-ક). છતાં તેની લંબાઈ પહોળાઈમાં એક પ્રકારનું દૃષ્ટિમધુર પ્રમાણ તો હોવું જ જોઇએ. એ લંબાઈ તથા પહોળાઈ એવા માપનાં હોવાં જોઇએ કે જેવાથી આપણને આપમેળે જ સ્ફુર થાય કે એ થાંભલા કોઈ પણ જાતના આયાસ વિના સાહજિકરીતે પોતાના ભારનું વહન કરી રહ્યા છે, અને ઉપલી ઈમારતને પડી જવાનો બિલકુલ ભય નથી. આવો 'સ્વ-સ્તિ'નો ભાવ તેની લંબાઈ અને પહોળાઈનાં સાપેક્ષિક પરિમાપમાંથી આપમેળે ઊઠવો જોઇએ (ચિત્ર નં ૧૧-ખ). આવી દૃઢતાનો જેમાં અભાવ હોય તે હીન પ્રકારનું વાસ્તુ-શિલ્પ ગણાય (ચિત્ર નં ૧૧-ગ).

સ્તંભની સમુચિત લંબાઈ અને પહોળાઈ ઉપરાંત બીજી પણ એક બાબત વિચારવાની હોય છે, અને તે બે થાંભલાની વચ્ચેની યથાયોગ્ય ખાલી જગ્યા અથવા વ્યવધાન (ચિત્ર ૧૧-ઘ). આ વ્યવધાન અને વાસ્તુનાં જુદાંજુદાં અંગોનાં યથાયોગ્ય પરિમાપ ઉપર જ સ્થાપત્યરૂપની સુંદરતાનો આધાર રહેલો છે.





ચિત્ર ૧૦

ચિત્ર ૧૧




ચિત્ર ૧૧-ઘ






ચિત્ર ૧૧-ખ



ચિત્ર ૧૧-ક

ચિત્ર ૧૧-ગ



મીઠા વિષે

એ જ અંકમાં 'રોજિંદા જીવનમાં વિજ્ઞાન' નામક ચાલુ લેખમાળાના હપતામાં થોડી જાણવાજોગ માહિતી અમે આપેલી. તેમાંથી ઉપયોગી ભાગની તારવણી

આદિકાળથી મનુષ્ય મીઠાનો ઉપયોગ કરતો આવ્યો છે. આપણા રોજિંદા ભોજનમાં મીઠાનું સ્થાન બહુ અગત્યનું છે. મીઠા વગરનું ભોજન આપણને મીઠું લાગતું નથી. વળી મીઠાની સાથે ઘણી સંજ્ઞાઓ પણ સંલગ્ન છે. મિત્રત્વનું તે જૂનું ચિહ્ન લેખાય છે. હિંદમાં મીઠું શુકનની ચીજ ગણાય છે. અરબ દેશોમાં તેમજ આપણે ત્યાં પણ જેનું લૂણ 'ખાધું' હોય તેને છેવટ સુધી વફાદાર રહેવાનું નૈતિક બંધન છે.

ખોરાક ઉપરાંત મીઠાનો ઉપયોગ માંસ-મચ્છી વગેરે લાંબો સમય સંઘરી રાખવા માટે, જાનવરોનાં ચામડાં કમાવવામાં, જંતુઘ્ન દવા (insecticide) તરીકે, તથા ખાતર તરીકે પણ થાય છે. મીઠાના પાણીના કોગળા આરોગ્યકારક છે એ તો જાણીતી વાત છે.


પણ મીઠાને કારણે ઘણાં યુદ્ધો થયાં છે અને તેના અભાવને લીધે યુદ્ધો હારવાના પણ ઘણા દાખલા બન્યા છે એ જાણીને નવાઈ લાગશે. મીઠાના એક ઝરણાની માલિકીને માટે ચેટ્ટી અને હેમાન્ડુઓનું લોહી રેડાયું હતું. ઘણા ઇતિહાસકારોનું માનવું છે કે મીઠાની અછતને કારણે જ નેપોલિયનને મૉસ્કોમાંથી પીછેહઠ કરવી પડી હતી; કેમ કે ખોરાકમાં મીઠાને અભાવે સૈનિકોના ઘા જલદી સારા ન થતા. વકરી (septic થઈ) જતા હતા. અરે તાજેતરની જ વાત કરીએ, તો છેલ્લા મહાયુદ્ધમાં સેનાપતિ વિન્ગેટની બ્રહ્મદેશ ઉપરની ચડાઈ વેળા તેના સૈનિકોને જંગલમાં ખૂબ પરસેવો થતો અને પરસેવા મારફતે તેમના શરીરમાંથી મીઠું બહાર જતું રહેવાથી તેમનાં શરીર જલદી ભાંગી પડતાં અને મોટી સંખ્યામાં મૃત્યુ પામતા. વિન્ગેટે આ બાબતમાં નિષ્ણાતોની સલાહ લેતાં તેમણે જણાવ્યું કે ઉષ્ણ કટિબંધની આબોહવામાં મીઠું એ એક શામક (cooling agent) તરીકે અત્યત જરૂરી હોવાથી દરેક માણસને રોજના બે ચમચા મીઠું ફરજિયાત આપવું જોઈએ. વિન્ગેટે એ પ્રમાણે કરતાં તેના માણસો બચી ગયા.

પશુઓને પણ મીઠાની આવશ્યકતા હોય છે. તેઓ જે ઝાડપાન ખાતાં હોય છે એમાંથી જો મીઠાનું પ્રમાણ જોઈએ તેટલું ન મળે તો મીઠું મેળવવા માટે તેઓ જાતજાતની યુક્તિઓ કરે છે. આપણે ઘણી વખત વાંદરાંઓને એકબીજાની પીઠ ઉપરથી જૂ શોધીને ખાતાં જોયાં છે, પણ ખરું જોતાં તેઓ જૂ ખાતાં નથી હોતાં. એક પ્રખ્યાત વૈજ્ઞાનિકે આ વિષે સંશોધન કરીને સાબિત કર્યું છે કે તેઓ જૂ નહિ પણ તેમના શરીર પર થતી મીઠાના મિશ્રણવાળી ગ્રંથિઓ ફોલી ખાતાં હોય છે. તેમના રોજના ખોરાકમાં જ્યારે મીઠાનું પ્રમાણ ઓછું થાય છે ત્યારે જ તેઓ આ પ્રવૃત્તિ કરતાં હોય છે.

આ ઉપરથી એવો પ્રશ્ન ઊઠશે કે મનુષ્યને રોજના ખોરાકમાં મીઠું જરૂરી ખરું કે નહિ? તેનો જવાબ એ છે કે માત્ર બાફેલા કે ફફાળેલા પદાર્થો ભોજનમાં ખાનાર માટે તો મીઠું લેવું ખાસ જરૂરી છે; કારણ કે બાફેલા પદાર્થોનું પાણી ઘણું ખરું ફેંકી દેવામાં આવતું હોવાથી શાકભાજી તથા ઈતર પદાર્થોમાંનો ક્ષારનો અંશ એ રીતે જતો રહે છે. પણ જો તાજાં ફળો તથા બાફ્યા વગરનાં શાકભાજી કચુંબર રૂપે લેવામાં આવે તો મીઠાની બહુ જરૂર ન રહે; કારણ કે તે ખોરાકમાં કુદરતી રીતે જ આવશ્યક મીઠું મળી રહે છે. એક ડૉક્ટર ૧૦ વર્ષ સુધી આવા ખોરાક પર રહી શક્યો હતો.

ઉષ્ણ કટિબંધમાં-ગરમ દેશોમાં રહેતાં માણસોને તથા ખાણ અને કારખાનાંઓમાં કામ કરતા મજૂરોને તો ખોરાકમાં મીઠું લેવું ઘણું જ આવશ્યક છે કારણ કે તેમને પરસેવો ખૂબ થતો હોવાથી તેની મારફત શરીરમાંથી વહી જતા ક્ષારની ખોટ ભરપાઈ કરવા તેમના ખોરાકમાં મીઠાનું સ્થાન હોવું અત્યંત જરૂરી છે. □

મીઠાનો ઉપયોગ તથા તેમાંથી બનતી ચીજો



સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

શબ્દકથા : કહેવત · કહેણી · કથાનક · ઉખાણું

ગુજરાતી 'કહેવત' અને હિન્દી 'કહાવત'ના મૂળમાં સંસ્કૃત 'કથાવાર્તા' શબ્દ હોવાની અટકળ કેટલાક વિદ્વાનોએ કરી છે. પ્રાકૃતમાં 'કહાવત્તા' અને અપભ્રંશમાં 'કહવત્ત' એવું રૂપ થાય.

પણ 'કહેવત'નો સંબંધ 'કહેવું'ની સાથે હોય એ ઘણું વધુ સંભવિત છે. હિન્દીમાં જૂનું રૂપ 'કહાઉતિ' છે, અને આપણા પ્રાંતીય ઉચ્ચારણમાં 'કૅવત્ય' એવું રૂપ મળે છે. એ ઉપરથી શબ્દને અંતે મૂળમાં ઈકાર હોવાનું સમજાય છે. આ હકીકત 'કથાવાર્તા' એવા મૂળની વિરુદ્ધ જાય છે.

વળી 'કહેવત' ઉપરાંત ગુજરાતીમાં લોકબોલીઓમાં 'કહેણી' અને 'કહેતી' એવા શબ્દો પણ એ જ અર્થમાં પ્રચલિત છે. 'બનાવ તો બની ગયો પણ એની કહેણી લોકમાં રહી ગઈ'—એવા પ્રયોગો થાય છે. આ ઉપરથી પણ 'કહેવત'ના મૂળમાં 'કહેવું' હોવાનું માનવું પડે. જે કહેવાય છે, લોકોને મોઢેથી વારંવાર કહેવાય છે, જે લોકોની ઉક્તિ કે લોકોક્તિ છે તે 'કહેવત' કે 'કહેતી'.

'કહેણી' એ હિન્દી 'કહાણી'ને મળતું ગુજરાતી શબ્દરૂપ છે. તેનો મૂળ અર્થ 'વાર્તા', 'કથા', 'લઘુકથા'. સંસ્કૃતમાં 'કથાનક' અને 'કથાનિકા' જેવા પાછળના સમયમાં પ્રચલિત થએલા શબ્દો છે. હકીકતે એ શબ્દો પ્રાકૃત 'કહાણય', 'કહાણિયા' ઉપરથી ઘડી કાઢેલા છે. જેમ 'આખ્યા' એટલે 'વૃત્તાંત કહેવો' અને તેના ઉપરથી 'આખ્યાનક', પ્રાકૃત 'અક્ખાણય', તેમ 'કથ્' એટલે પણ 'કથા કહેવી', અને તેના ઉપરથી, પ્રાકૃત 'અક્ખાણય'ના સાદૃશ્યથી 'કહાણય'. 'કહાણય'નું લઘુતાવાચક રૂપ 'કહાણિયા', અને તેના ઉપરથી 'કહાણી', 'કહેણી'.

વાત કે વક્તવ્યના સમર્થનમાં દૃષ્ટાંત રૂપે કોઈ ટુચકો કે લઘુકથા કહેવાય, અને એ ટુચકાનું કોઈ ચાવીરૂપ માર્મિક વાક્ય પ્રચલિત થઈ જાય, રૂઢ બની જાય—એ રીતે 'કહેણી'ના, ટુચકો કે દૃષ્ટાંતકથા એવા અર્થમાંથી, 'કહેવત' એવો અર્થ વિકસ્યો. મધ્યકાળમાં આવી જ રીતે 'કહેવત' માટે બીજો એક શબ્દ પ્રચલિત થએલો હતો. 'ભણ્' એટલે 'ભણવું', 'કહેવું'—એ ધાતુ ઉપરથી થએલા 'આભાણક' શબ્દનો અર્થ પણ 'કહેવત, કથાનક' થતો. તેના ઉપરથી થએલો 'આહાણઉ', 'અહાણઉ' શબ્દ અપભ્રંશ અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઘણો પ્રચલિત હતો.

ત્રીજો શબ્દ આપણી ભાષાઓને 'ઉપાખ્યાનક' ઉપરથી મળેલો છે. પંજાબી 'પખાણ' અને આપણો 'ઉખાણું' તેના ઉપરથી થએલા છે. મરાઠી 'મ્હણી'નો સંબંધ સંસ્કૃત 'ભણ્'ની સાથે છે.

આમ, મૂળ ટુચકા કે લૌકિક દૃષ્ટાંતકથાના વાચક શબ્દો ઉપર કહેવતવાચક શબ્દો થએલા છે, ને તે કહેવતો ને કહેવતકથાનકો વચ્ચે ગાઢ સંબંધ હોવાનું ચીંધે છે. **હરિવલ્લભ ભાયાણી**

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

મહાત્મા ગાંધી · પૂર્ણાહુતિ: શ્રી પ્યારેલાલના 'મહાત્મા ગાંધી–ધ લાસ્ટ ફેઇઝ'ના ભાષાંતરનું આ ચોથું અને છેલ્લું પુસ્તક છે. 'આત્મકથા'માં ગાંધીજીની બહુધા ઘડતરકથા મળ્યા પછી એના અનુસંધાનમાં ગણી શકાય તેવી પ્રવૃત્તિકથા મૂળ ગ્રંથશ્રેણીમાં સચોટતાથી વ્યક્ત થઈ છે અને શ્રી મણિભાઈ ભ. દેસાઈના આ ભાષાંતરમાં સરસ રીતે ઊતરી આવી છે. ભારતે સ્વતંત્રતા મેળવ્યા પછી બાપુના પ્રાણપ્રિય સિદ્ધાંતો સત્ય અને અહિંસાની આકરી કસોટીનો કાળ આવીને ઊભો રહ્યો. એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ જે પ્રેમ અને શ્રદ્ધાથી ગાંધીજીએ કામ કર્યું, સ્વતંત્રતાને પોતે સેવેલાં સ્વપ્નો પ્રમાણે નવો આકાર આપવા જે પુરુષાર્થ કર્યો, હિંદની પ્રગતિને માટે પોતાના મનમાં ચાલી રહેલી યોજનાઓને અમલી બનાવવા જે પ્રારંભ કર્યો તેના રસિક ઝાંખી આ ગ્રંથ કરાવે છે. બે ભાગમાં વહેંચાએલો આ ગ્રંથ ગાંધીજીના અંતિમ કાળની સુયોગ્ય છબિ આપે છે. (પાકું પૂંઠું; પૃ. ૫૬૧; રૂ. ૧૨)

ગાંધીજીનું સાહિત્ય: A Hero is a hero at every point એ સૂત્રાનુસાર મહાત્મા ગાંધી એક વિશિષ્ટ સાહિત્યકાર પણ હતા. ખપ પડતાં એમણે સાહિત્યનું ખેડાણ કર્યે રાખ્યું અને અનેક તપ સુધી તપે એવું પ્રભાવોત્પાદક સુફળ એઓ મૂકતા ગયા. આવા મહાપુરુષના સાહિત્યિક વ્યક્તિત્વને મૂલવવાનો આ સન્નિષ્ઠ પ્રયાસ છે.

આ મહાનિબંધનાં દસ પ્રકરણોમાં ગાંધીજીના આગમન પૂર્વેના સાહિત્યની આછી ઝાંખીથી શરૂ કરી એમનાં વાચન ને એ વાચનનો એમના પર પ્રભાવ, દક્ષિણ આફ્રિકામાં લેખનનો આરંભ, સાહિત્યિક ઘડતર, એમનાં લખાણો, એમણે ખેડેલા સાહિત્યપ્રકારો, એમના પત્રો, એમનું પત્રકારત્વ અને છેવટે ગુજરાતી સાહિત્યમાં એક નવું પ્રસ્થાન કરાવવામાં એમની સર્જનશૈલીનો ફાળો આદિ મહત્ત્વના વિષયોની છણાવટ કરી છે, ગાંધીજીના પ્રગટ-અપ્રગટ સાહિત્યને આધારે અહીં ડૉ. રમણ મોદીએ ગાંધીજીનો સાહિત્યકાર તરીકેનો સમ્યક્ સળંગ-સૂત્ર ચિતાર આપ્યો હોઈ ગાંધી સાહિત્યના અધ્યયનમાં આ ગ્રંથ મહત્ત્વનો બની રહે છે. (કાચું પૂંઠું; પૃ. ૪૦૦; રૂ. ૧૨).

ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય
ફુવારા સામે · ગાંધી રસ્તો · અમદાવાદ-૧

રસસુધા: આજે પ્રત્યેક ક્ષેત્રમાં કલાત્મકતાએ પ્રવેશ કર્યો છે ત્યારે રસોડું પણ બાકાત કેમ રહી શકે? ૬૧૨ પૃષ્ઠના આ દળદાર ગ્રંથમાં અગિયાર વિભાગો દ્વારા લેખિકાઓ સુધાબેન મુનશી અને દેવી મુનશીએ પાકશાસ્ત્રનું પોતાનું પ્રાવીણ્ય પ્રકટ કર્યું છે. વાનગી સ્વાદિષ્ટ થાય તેની સાથેસાથે પૌષ્ટિક પણ કેમ બને તેનું ધ્યાન રાખીને અહીં પ્રાંતીય તેમજ પરપ્રાંતીય વિવિધ વાનગીઓનું નિરૂપણ કરવા સાથે આ મોંઘવારીમાં કરકસરપૂર્વક વાનગીઓ કેમ તૈયાર કરી શકાય તે પણ દર્શાવ્યું છે. આ ઉપરાંત, તૈયાર થએલી વાનગીને સુઘડ અને સુરેખ ભાત રીતે મૂકવાની કલાદૃષ્ટિ પણ ગૃહિણીઓમાં ખીલે એ વાતનું પણ ધ્યાન રાખ્યું છે. 'અનુભવને ઉંબરેથી' પ્રકરણમાં લેખિકાઓએ રસોઈકલા વિષયક પોતાના વિવિધ અનુભવોનું જે નિરૂપણ કર્યું છે તે મંગલ સંસારયાત્રામાં પગલી ભરતી નવગૃહિણીઓને દિશાસૂચન આપી રહેશે. અનુભવસિદ્ધ વાનગીઓની આ 'રસસુધા' બીજી આવૃત્તિ પામે છે એ જ એની ઉપયોગિતા પુરવાર કરવા પૂરતું છે. ગૃહિણીઓ ને ગૃહવિજ્ઞાનની વિદ્યાર્થિનીઓને આ પુસ્તક ખૂબ જ ઉપયોગી થઈ પડશે. પાકું પૂંઠું; રૂ. ૧૫.

પ્રેમસખી પ્રેમાનંદ: પ્રા. હરિપ્રસાદ ઠક્કરે પોતાની પીએચ.ડી. પદવી માટે તૈયાર કરેલો મહાનિબંધ આમ પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય છે ત્યારે ગુજરાતી સાહિત્યના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓ સૌને સ્વામીનારાયણ સંપ્રદાયના એક મહત્ત્વના કવિ પ્રેમસખી પ્રેમાનંદના જીવન અને કવન વિષે શ્રદ્ધેય સામગ્રી મળી રહે છે. શોધપ્રબંધની પ્રણાલી પ્રમાણે પ્રકરણોનું આયોજન થયું છે તે સ્વાભાવિક છે. મહાનિબંધ કુલ ૧૪ પ્રકરણોમાં વહેંચાએલો છે. પ્રેમસખીની કાવ્યધારાને સમ્યક રીતે સમજવા ઉપયોગી થાય તેવી માહિતી પહેલાં બે પ્રકરણમાં આપી છે. ત્રીજા પ્રકરણમાં કવિના જીવન વિષેની લેખકને પ્રાપ્ત વિગતો છે. ચોથામાં પ્રેમસખીની કવિતામાં

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ઘનશ્યામભાઈ ઓઝા

પોતાના સરળ અને નિરાડંબરી સ્વભાવને લીધે સર્વત્ર સમાન આદરને પાત્ર, ગુજરાત રાજ્યના નવા મુખ્ય પ્રધાન. ઈ. ૧૯૧૧ની ૨૫મી ઑક્ટોબરે (ભાવનગર પાસે) ઉમરાળામાં જન્મ. માતા કવિ નાનાલાલનાં ભત્રીજી. પિતા છોટાલાલભાઈ સૌરાષ્ટ્રના એક જાણીતા વકીલ અને પ્રજાતંત્રની લડતના એક અગ્રણી. પૂનાથી એલએલ. બી. થઈ વકાલત શરૂ કરી. હરિજનો અને કામદારોના પ્રશ્નો તથા શિક્ષણ અને સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં એક ધારો રસ લેવા સાથે એમણે સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અન આંતરરાષ્ટ્રીય એમ વિવિધ સ્તરે અનેક ક્ષેત્રોમાં વિસ્તૃત કાર્ય કર્યું છે. ઈ. ૧૯૪૮થી આજ સુધી, વચ્ચેનો થેડો ગાળો બદ કરતાં સંસદીય કાર્યોમાં જોડાએલા રહ્યા છે. સ્વાતંત્ર્ય પછી પણ રાષ્ટ્રના વિકાસ કાર્યમાં એમણે મૂક પણ સતત સક્રિય ભાગ લીધો છે. ૧૯૭૧માં કેન્દ્રમાં રાજ્યકક્ષાના ઔદ્યોગિક વિકાસમંત્રી નિમાયા હતા.

૧ ગુજરાતનું આર્થિક તંત્ર કઈ રીતે વધુ સુધરે?

ઉ. ખેતીના ક્ષેત્રે. રોકડિયા પાકોમાં હજી વધારો કરીને; ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતની સાહસિક વૃત્તિ અને વેપારી સૂઝ સાથે રાજ્ય તરફથી પાયાની સગવડોનો સમન્વય કરીને.

૨ અન્ય રાજ્યોના વિકાસની સરખામણીમાં ગુજરાતનું સ્થાન?

ઉ. ઘણું ઊંચું છે. હજુ પણ ઊંચું જઈ શકે તેમ હું માનું છું.

૩ પ્રત્યેક ગુજરાતી પાસેથી કયા ગુણોની અપેક્ષા રાખો છો?

ઉ. ગુજરાતમાં સાહસિક વૃત્તિ તથા હૈયાસૂઝ સાથે પાયાનું ડહાપણ અને ઉચ્ચ સંસ્કારોની મૂડી છે. ગાંધીજી ને સરદારે ગુજરાતને રાષ્ટ્રીય પ્રવાહથી અલગ નહોતું રાખ્યું. 'પહેલાં ભારતીય અને પછી ગુજરાતી' એ સૂત્ર સદા નજરમાં રાખી પ્રત્યેક ગુજરાતી રાષ્ટ્રવિકાસમાં ફાળો આપવા તત્પર રહે.

૪ અનેક મહાન વ્યક્તિઓના આપ અંગત સંસર્ગમાં આવ્યા છો. કોની કયા પ્રકારની વિશિષ્ટતા આપને સવિશેષ ગમી?

ઉ. પંડિતજીની ઉદારતા ને ઉચ્ચ સંસ્કાર, શાસ્ત્રીજીની નમ્રતા અને દેશપ્રેમ, ઇંદિરાજીનું મનોબળ અને નિર્ણયાત્મક શક્તિ.

૫ આપના જીવનનો આદર્શ?

ઉ. એકાંગી થયા વિના કુદરતે બક્ષેલી તમામ શક્તિઓ વિકસાવવા અને જીવનને વધુ હેતુપૂર્વક બનાવવાની કોશિશ.

૬ સૌરાષ્ટ્ર, કચ્છ ને ગુજરાતના ભૂતકાળના અનેક નામાંકિત અમાત્યોમાંથી આપને કોણ વધુ ગમ્યા?

ઉ. પ્રથમ શ્રી લલ્લુભાઈ સામળદાસ. ભાવનગરનું દીવાનપદું છોડવું પડ્યું તેથી જરા પણ નિરાશ થયા વિના મોટા ક્ષેત્રે જઈ વધુ સાર્થક તથા હેતુપૂર્ણ જીવન જીવ્યા અને રાષ્ટ્રને વૈકુંઠભાઈ અને ગગનભાઈ જેવા સુપુત્રો પણ આપ્યા.

૭ આપનો ખાસ શોખ? ઉ. સાહિત્ય અને સંગીત

૮ આપનો પ્રિય લેખક, કવિ, પુસ્તક, તથા કથાસાહિત્યનું પાત્ર?

ઉ. પ્રિય લેખક ટૉમસ હાર્ડી અને કવિ શેલી. ગુજરાતીમાં ઉમાશંકર જોશી. કેદારનાથજીનું 'વિવેક અને સાધના' મારું પ્રિય પુસ્તક. મુનશીજીનાં પૌરાણિક નાટકોનાં પાત્રોએ યુવાનીમાં મારી કલ્પનાને ખૂબ ઉત્તેજિત કરી છે.

૯ ગુજરાતની સેવા કરવાની જે તક સાંપડી છે તેના દ્વારા ગુજરાત કાજે શું શું કરવાના મનોરથ છે?

ઉ. જનતાભિમુખ વહીવટ આપી, સામાજિક ન્યાય સાથે ઝડપી આર્થિક પ્રગતિ થાય તેમ કરવાની મારી નમ્ર નેમ છે.

૧૦ આપને મન જિંદગી એટલે?

ઉ. હેતુપૂર્ણ જીવન. ભૌતિક સંપત્તિનો બહુ મોહ થયો નથી.

૧૧ ધર્મ સંબંધી આપની અંગત માન્યતા શી છે?

ઉ. ધર્મ સંબંધી સ્વ. કિશોરલાલ મશરૂવાળા અને શ્રી કેદારનાથજીના વિચારોએ મારા મન ઉપર ઊંડી અસર કરી છે. ધર્મ આચરવામાં ન આવે તો તે માત્ર આત્મવંચના છે.

૧૨ જિંદગીમાં તમે તાજગી ને પ્રેરણા શામાંથી મેળવો છો?

ઉ. સંગીત ને વાચનથી. સદ્ભાગ્યે એવા પરમ મિત્રો મળ્યા છે, જેમનાં સ્મરણ અને સહવાસ પણ પ્રેરણા આપે છે.

થએલું ધર્મનું સૈદ્ધાંતિક નિરૂપણ સદૃષ્ટાંત ને સવિવેક રજૂ થયું છે અને પાંચમા પ્રકરણમાં કવિની પદમાળાઓનો વિગતપૂર્ણ અભ્યાસ કરાવીને ઉદાહરણો દ્વારા એમાં રહેલી આત્મલક્ષી ઊર્મિકવિતાનાં દર્શન કરાવ્યાં છે. સાહિત્યના અભ્યાસીઓને માટે, આથી જ, આ પ્રકરણ સવિશેષ મહત્ત્વનું બની રહે છે. છઠ્ઠા પ્રકરણમાં કવિનો વિરહભાવ પ્રકટ કરતી ચર્ચા કરી છે. જીવનું શિવથી અળગા પડી જવું એ કવિનો વિરહભાવ દર્શાવતી કવિની ઉત્કટ ઊર્મિઓનું ગાન સાંપ્રદાયિકતામાં રહીને પણ સુપેરે પ્રકટ થયું છે તે અહીં જોઈ શકાશે. સાતમા પ્રકરણમાં કવિનાં ઉત્સવગીતોની પેટા વિભાગો પાડીને ચર્ચા કરી છે. કવિની રસિકતા આવાં ગાતોમાં પ્રકટ થઈ છે એની પ્રતીતિ આ પ્રકરણ કરાવી આપે છે; તો આઠમા પ્રકરણમાં વૃંદાવનીય ભક્તિનો મહિમા તેમજ નવમા પ્રકરણમાં સ્વામીનારાયણ ભક્તિનો મહિમા ઊંડાણથી આલેખ્યો છે. આ પ્રકરણોને થોડાં ટૂંકાં બનાવી શકાયાં હોત. દસમા અને અગિયારમા પ્રકરણમાં અનુક્રમે 'વૃંદાવનીય લીલાસંકીર્તન' અને 'સ્વામીનારાયણીય લીલાસંકીર્તન'ની છણાવટ કરવામાં આવી છે, તો બારમા પ્રકરણમાં પ્રેમસખી પ્રેમાનંદની સમગ્ર કવિપ્રતિભાને મૂલવવાનો સારો પ્રયાસ થયો છે. તેરમું 'પ્રકીર્ણ' અને ચૌદમું 'ઉપસંહાર' પ્રકરણ પૂર્તિરૂપ જ ગણી શકાય. એકંદરે આ પુસ્તક લેખકની અભ્યાસલગન અને વિવેચનસૂઝની સુંદર છાપ ઊભી કરી રહે છે. આ ગ્રંથથી ગુજરાતી અભ્યાસ-વિવેચનામાં મહત્ત્વનો ઉમેરો થાય છે. (પાકું પૂઠું; પૃ. ૬૪૦; રૂ. ૧૫).

ધૂમકેતુની ઉત્તરયાત્રા: ગુજરાતીભાષાના અગ્રગણ્ય સાહિત્યકાર સ્વ. ધૂમકેતુએ પોતાની આત્મકથાનાં બે પુસ્તકો—'જીવનપંથ' ને 'જીવનરંગ'—આપ્યા પછી ત્રીજું અને ચોથું પુસ્તક આપવા ધારેલું. પરંતુ સ્વહસ્તે અને સ્વહયાતીમાં ન આરંભાએલું એ કાર્ય પુત્ર હસ્તે, નિધનોત્તર સમયમાં આરંભાયું. સ્વ. ધૂમકેતુના જ્યેષ્ઠ પુત્ર દક્ષિણકુમાર જોશીએ 'નવચેતન' માસિકમાં ઈ. ૧૯૬૫થી '૬૮ સુધી પિતાવિષયક સંસ્મરણો આલેખ્યાં તે થોડાક ફેરફારો સાથે અહીં પુસ્તકાકારે પ્રગટ થાય છે ત્યારે ધૂમકેતુની આત્મકથાનો જાણે આગળનો ભાગ જ મળી રહે છે. સરળ શૈલીમાં આલેખાએલાં આ સ્મૃતિચિત્રો ધૂમકેતુના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓને હૂબહૂ વ્યક્ત કરે છે. સાહિત્યકાર તરીકેની એમની છબિ અહીં સર્વાંગી સ્વરૂપે રજૂ થઈ છે. 'તણખા'ના પ્રકાશન (ઈ. ૧૯૨૬)થી એમના મૃત્યુ સુધીનાં આ સ્મરણોમાં સાહિત્યકાર ધૂમકેતુની સાથેસાથે કુટુંબ-

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૪૩] —— કરાવનાર · જલન માતરી



કપિલરાય ઠક્કર
'મજનૂ'

જેમણે લખેલું 'ગોખલે જયન્તી' (૧૯૧૯) કાવ્ય સાંભળીને સ્વ. નરસિંહરાવ દિવેટિયા જેવા ઝૂમી ઊઠયા હતા, ૧૯૪૩માં જેમણે લખેલા સાડા ચૌદસો પંક્તિના લાંબા કાવ્ય 'Hitler's Tears'-થી એ વખતના બ્રિટનના વડા પ્રધાન ચર્ચિલ પ્રભાવિત થતાં એમણે ખાસ પત્ર લખીને દાદ આપેલી, જેમણે લખેલાં 'આગમન' અને 'મહેમાનદારી' એ બે કાવ્યો તો એક કાળે ગુજરાતભરમાં થીઓસૉફીની દરેક સભામાં પ્રાર્થના રૂપે ગવાઈ લોકજીભે ચડેલાં, જેઓ સુખી, સંતોષી ને ઓછાબોલા સંસારી સંત સમા હતા ને અંગત જીવનમાં સૌજન્યમૂર્તિ સમા મનાતા અને ગોશાનશીન શિલ્પી (ખૂણાના સાધક) તરીકે આદર પામેલા, એ સ્વ. કપિલરાય પરમાનંદદાસ ઠક્કરને ગુજરાતનો ગઝલપ્રેમી સમાજ એમના 'મજનૂ'ના તખલ્લુસથી ઓળખે છે.

જન્મ તા. ૩-૪-૧૮૯૨. નિધન તા. ૧૯-૨-૧૯૫૯. સ્વ. ઠક્કર બાપાના એ સગા ભત્રીજા. ફારસી લઈને બી. એ. અને અંગ્રેજી લઈને એમ. એ. થએલા. જીવનમાં એમણે અધ્યાપનનો પવિત્ર વ્યવસાય સ્વીકારેલો. પહેલી હરિજન શાળામાં પ્રથમ શિક્ષક તરીકે એમણે સેવા આપી હતી. સ્વ. કવિ 'કાન્ત'ના અને કપિલરાયના ઘરને કૌટુમ્બિક જેવો ગાઢ સંબંધ હતો, અને સાહિત્યજગતમાં કપિલરાય અને મેઘાણીભાઈની અજોડ મૈત્રી એ ખૂબ જ જાણીતી બીના છે.

સ્વ. શયદાના સમકાલીન કપિલરાય ગઝલક્ષેત્રમાં મર્યાદિત ન રહેતાં અન્ય કાવ્યસ્વરૂપો તરફ પણ એમની કસબી કલમ ઘૂમી વળી છે. એમણે મુખમ્મસ (પંચપદી) ને મુસદ્દસ (ષટ્પદી) વધુ લખ્યા છે. અંગ્રેજ કવિ શેલી અને આપણા 'કલાપી'નાં કાવ્યો એમને સિલસિલાબંધ કંઠસ્થ હતાં. પત્રકારત્વ પણ ખેડેલું અને રંગભૂમિના સારા અદાકાર તરીકે પણ નામના મેળવેલી.

મૃત્યુ પછી ત્રણ વરસે એમનો કાવ્ય-સંગ્રહ 'સ્વપ્નમંદિર' એમના પુત્ર શ્રી ભૂપેન્દ્ર ઠક્કરે, ડૉ. ભટ્ટુકરાય પંડયા, મહેન્દ્ર 'સમીર' અને રજની જોશી પાસે સંપાદિત કરાવીને પ્રસિદ્ધ કર્યો છે.

શ્રી 'સાબિર'ની દષ્ટિએ સ્વ. 'મજનૂ'ના 'સ્વપ્નમંદિર'માં પ્રવેશતાં નરસિંહનાં મંજીરાંનો રણઝણાટ, ને સાથેસાથે મીરાંના તંબૂરાનો રણકાર સંભળાય છે. અંતમાં, સ્નેહનો પેગામ આપનાર આ શાયરના મૃત્યુ ઉપર ગુજરાતના જાણીતા ગઝલકાર શ્રી મહેન્દ્ર સમીરે લખેલી કાવ્યાંજલિ વાંચીને પાયાના ગઝલકાર સ્વ. કપિલરાયની શાયરી દ્વારા એમની યાદને તાજી કરીએ.

શ્રી 'સમીર'નું મુક્તક

સદા રહી તરબતર ખૈયામ-હાફિઝના સુરાલયમાં,
શો અંતિમ પળ લગી ગુર્જર પીનારે રંગ રાખ્યો છે!
નશામાં મસ્ત મયકશ ચાર ખાંધે લઇ ગયા ત્યારે
ભરી બાઝાર કહેતી'તી જનારે રંગ રાખ્યો છે!

અમારી સ્વપ્નસૃષ્ટિમાં રચાયું એક મંદર છે,
સનાતન સત્યના જેવું, પરમ સત્યો થકી પર છે;
અનાદિ, આશકોની આહ જેવું, તો ય અક્ષર છે,
કહો સૌંદર્યદેવી! કલ્પના પણ કીમિયાગર છે!
પધારો તો નિમંત્રણ છે, રહો તો આપનું ઘર છે!

ગહનથી સાદ આવ્યો; 'દ્વાર મંદિરનાં ઉઘાડાં કર,
કુસુમમાલા ગૂંથી લે, પાથરી દે પુષ્પ મસ્તક પર,
પ્રકટ કર ધૂપ દીપક, મસ્કદાનીમાં સુગંધી ભર,
અખંડિત નેન માંડી રાહ જોજે આજ તારે ઘર;
ચડી તોફાનની પાંખો ઉપર ઉસ્તાદ આવે છે.'

કહે સાકી! તને આવી શરાબી સાંપડી ક્યાંથી?
અને સાથે તને આવી ખુમારી આવડી ક્યાંથી?
નમેલાં અર્ધબીડયાં નેન પર સુરખી અડી ક્યાંથી?
સદા મસ્તીભરી તારી સુરાહી તેં ઘડી ક્યાંથી
સનમના પેરની મેંદી તને નજરે ચડી ક્યાંથી?

ગમે તો બોલજે સાકી! સનમના પ્યારની વાતો,
શરાબીની, મિલનની, મહેફિલોની યારની વાતો,
જુદાઈની, ખુવારીની, જિગરના ભારની વાતો,
ગમે ના તો ન બોલીશ એ દીધેલાં દ્વારની વાતો,
કહે બસ એટલું સાકી! તને દિલબર જડી ક્યાંથી?

ગુલોના ગાલમાં નજરે પડો છો,
કરો છો ગાન કોકિલના હૃદયમાં,
અમારા દર્દમાં સાથે રડો છો,
સુકોમળ કર ધરીને ઘોર ભયમાં,
ઊભી સાથે પરાજય ને વિજયમાં,
કદી પ્રકટી રહો છો મયપરસ્તો સાથ મસ્તીમાં,
કદી ઝબકી રહો છો મંદિરોની બૂત-પરસ્તીમાં.

જિગર પર ઝુલ્મ કે રહેમત ઘટે જે તે કરી જોજે,
તમારા મ્હેલના મહેમાનની સામું જરી જોજે,
કટોરા ઝેરના પીતાં જીવું છું એ વફાદારી,
કસોટી જો ગમે કરવી, બીજું પ્યાલું ધરી જોજે.

ભરી પીધાં છલોછલ જામ ને બેફામ થઈ સૂતો,
ઘડીભર આપનાં નયનો નીરખવા ભાન યાચું છું.
અમે તો ઠીક અરમાનો જિગરમાં સંઘરેલાં છે,
છતાં હું આપની તાકત મુજબનું દાન યાચું છું.

અમે નાના હશું માની તમે પણ અંગ સંકોર્યું!
અમારા અંતરે વસવા તણું એ ઠીક બ્હાનું છે.
મને સાગર બનાવી
આપ બિન્દુ કાં બન્યાં દિલબર?
તમારા બિન્દુમાં સાગર શમ્યાં,
એ પણ મજાનું છે!

તુજ રાહ પર છો સૌ અસીની ધાર છે,
ને શિશ ઉપર લટકી રહી તરવાર છે.
પામું જફા તો યે કદમબોસી કરું,
એ છે વિજય મારો અને તુજ હાર છે.
ફરમાન દે, આજે બધું બક્ષિસ કરું,
કો અન્ય ના સઘળું તને ધરનાર છે.

માનવ બન્યો'તો દુશ્મન, માનવની જાન કેરો,
કામિલ બિરાદરીનાં દીધાં નિશાન કોણે?
આ ખુશ્ક ભૂમિ ઉપર ઈમાનની તિજારત-
પૈદા કરી ચલાવ્યા આ કારવાન કોણે?
દરમાન્દગી બદનની સમજે બધા હકીમો,
આત્માની માંદગીનાં કીધાં નિદાન કોણે?
આલમ તણી જઈ ફરી રહેમત કરી વિદારી,
સંજીવની પીવાડી કીધા જવાન કોણે?

વત્સલ ધૂમકેતુ અને માનવીય ગુણોથી ભર્યાભર્યા ધૂમકેતુની સ્પષ્ટ છાપ ઊપસવા પામી છે. સ્વ. ધૂમકેતુનો અભ્યાસ કરવા માગનારને આ પુસ્તક એનાં પુરોગામી બે પુસ્તકોના અનુસંધાનમાં અવશ્ય વાંચવું પડે તેવું છે. (પાકું પૂઠું; પૃ. ૩૪૭; રૂ. ૭).

નદીઓ અને નગરો: ઈ. સ. ૧૯૫૧માં પ્રથમ વાર પ્રગટ થયા પછી આ પુસ્તકની આ બીજી આવૃત્તિ છે. વર્ષો પહેલાં 'કુમાર'માં પ્રકટ થઈ ગએલી આ લેખમાળામાં ભૂગોળ જેવા શુષ્ક ગણાતા વિષયને યશોધર મહેતાએ રસમય શૈલીમાં મનોરમ કલ્પનાઓ દ્વારા નિરૂપીને ખરેખર સજીવ બનાવ્યો છે. બીજી રીતે, એમણે જ કહ્યું છે તેમ, 'આ રજૂઆત ભૂગોળના શિક્ષણની દિશામાં પણ નવું પ્રસ્થાન બની રહે' તેમ

છે. ડાન્યૂબ, ટાઈબર, નાઈલ અને સરસ્વતી જેવી નદીઓની ભૂગોળ સંવાદો અને સુંદર શૈલી દ્વારા વાર્તારૂપ ધારણ કરે છે. છેલ્લો લેખ 'કર્માચલ પ્રદેશ' પણ લેખકની સંશોધનતૃષા ને કલ્પનાશક્તિનો પુરાવો છે. શુષ્ક હકીકતોને મધુર ભાષાશૈલીથી લેખકે અહીં સજીવ ને તાજગીભરી બનાવી છે. (કાચું પૂ.; પૃ. ૮૯; રૂ. ૨)

સાહિત્યગોષ્ઠિ: અનુભવી અધ્યાપક ડૉ. ઈશ્વરલાલ ર. દવેના 'ગુજરાત સમાચાર' તથા 'પ્રજાબંધુ'માં પ્રકટ થએલા તેમજ આકાશવાણી પરથી પ્રસારિત થએલા ૮૦ જેટલા લેખોનો આ વિવેચનસંગ્રહ એમની અભ્યાસનિષ્ઠા, સ્વતંત્ર તોલનશક્તિ અને સહૃદયતાનો દ્યોતક છે.સમગ્ર પુસ્તક ત્રણ ખંડમાં વહેંચાએલું છે. પ્રથમ ખંડ સાહિત્યિક લેખોનો, બીજો ખંડ સાહિત્યચર્ચાનો અને ત્રીજો ખંડ કવિતા, ટૂંકીવાર્તા, નિબંધ, નાટક, વિવેચન વગેરેની કૃતિઓનાં અવલોકનોનો છે. નર્મ-મર્મયુક્ત શૈલીનાં સરસ આ લખાણો સાહિત્યના અભ્યાસીને રસપ્રદ થઈ પડશે. (પાકું પૂઠું; પૃ. ૪૪૭; રૂ. ૧૦)

આત્મકથા: (ભાગ પાંચમો) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની આત્મકથાનો આ પાંચમો ભાગ ઈ. ૧૯૩૫થી '૫૬ના ગાળાની કથા છે. આયર્લૅન્ડના સંસ્કારોની અસર તળે એમણે હિંદીના પ્રચાર માટે અમદાવાદમાં હિન્દી સાહિત્ય સંઘની સ્થાપના કરી ત્યારથી આરંભીને છેલ્લે ૧૯૫૬માં મહાગુજરાતના આંદોલનમાં સક્રિય બની અમદાવાદને કર્મભૂમિ બનાવી ત્યાં અંત લેતી, ચાર ખંડમાં વહેંચાએલી આ આત્મકથામાં ગામડાંની પ્રવૃત્તિ, હિંદીનું પ્રચારકાર્ય, કિસાન સભાની સ્થાપના, તેનો મધ્યાહ્ન અને નેનપુરની પોતાની આશ્રમપ્રવૃત્તિ તેમજ સાહિત્યસાધનાની વાતો છે. અંતિમ પ્રકરણમાં આ કથા એક અંતર્મુખની આત્મકથા હોય એવી પોતાની પ્રતીતિ વાચકોને પણ કરાવવાનો એમાં પ્રયાસ થયો છે! (પાકું પૂઠું; પૃ. ૬૫૯; રૂ. ૧૬.)

વિશ્વની શ્રેષ્ઠ સાહસકથાઓ: સામાન્ય રીતે કિશોરોને સાહસકથાઓમાં ખૂબ રસ પડતો હોય છે એ વાતને નજર સમક્ષ રાખી અહીં વિશ્વની શ્રેષ્ઠ ગણાતી પાંચ વિવિધરંગી સાહસકથાઓનો રસિક સંક્ષેપ યશવંત મહેતાએ રજૂ કર્યો છે: ૧) આર. એમ. બૅલૅન્ટાઈન કૃત 'સાહસનો ટાપુ', ૨) માર્ક ટ્વેઈન કૃત 'ટૉમ સૉયરનાં પરાક્રમો', ૩) રાઈડર હૅગાર્ડકૃત 'સૉલૉમનનો ખજાનો' (૪) જુલે વર્નકૃત 'દુનિયાની સફર' (૫) એચ. જી. વેલ્સકૃત 'અદૃશ્ય માનવી.' પાંચે પુસ્તિકાઓના આરંભમાં તે તે લેખકનો ટૂંકો સચિત્ર પરિચય પણ આપ્યો છે. કિશોરોમાં સાહસિક દૃષ્ટિ ઉઘાડવાની સાથે સાથે રોમાંચક પ્રસંગો દ્વારા અદ્ભુત રસની તૃપ્તિ કરે તેવી આ વાર્તાઓથી આપણા કિશોરસાહિત્યમાં સારો ઉમેરો થાય છે. (પ્રત્યેકનું કાચું પૂઠું; પ્રત્યેકના રૂ. ૧ ૬૦.

લોકપ્રિય પ્રકાશન
૧૧૦/૧૧૨ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

આનંદભવન: શ્રી મનસુખલાલ ઝવેરીની આ નવમી નવલકથામાં શહેરી અને ગ્રામસમાજમાં જીવી રહેલાં, પણ દામ્પત્યથી અસંતુષ્ટ એવાં સુઘડ અને અણઘડ, યુવાન અને આધેડ યુગલોના જીવનધબકારને ઝીલવા સાથે જાતીય પ્રશ્નોની પરોક્ષ છણાવટ કરી છે. (પાકું પૂઠું; પૃ. ૨૩૯; રૂ. ૭.)

યશોધર્મા: છઠ્ઠી સદીના ભારતના સુવર્ણયુગ ગણાતા ગુપ્ત કાળના અસ્ત સમયની આ ઐતિહાસિક કથામાં માલવપ્રદેશના સૂબા યશોધર્માનાં પરાક્રમો અને મનના સંઘર્ષોનું આલેખન છે. ઐતિહાસિક પાત્રો અને સ્થળોને પડછે લેખકે કલ્પનાનો આશ્રય લઈ રોમાંચક કથા સર્જી છે. આ ઉપરાંત બીજી બે કથાઓ 'રાજા શ્રીવત્સચિંતાદેવી' તથા 'શર્મિષ્ઠા-દેવયાની' પૌરાણિક પ્રસિદ્ધ પ્રસંગો પર આધારિત કૃતિઓ છે. ત્રણેય વાંચવી ગમે તેવી છે. (લેખક: રઘુનાથ બ્રહ્મભટ્ટ; પાકું પૂઠું; પૃ. ૩૧૦; રૂ. ૯.)

અડાબીડ અંધારાં: સ્વપ્નોને સિદ્ધ કરવા મેદાને પડેલી આજની યુવાન પેઢી સામે અનેક વિકટ પરિસ્થિતિઓ ડોળા કાઢીને ઊભી હોય છે. પરિણામે કૃતનિશ્ચયી, મહત્ત્વાકાંક્ષી યુવાન પેઢી અને પ્રતિકૂળ પરિસ્થિતિ સામસામે આવી જાય છે, જેમાં ક્યારેક પરિસ્થિતિ વિજયી બનતી હોય તેમ લાગે તો ક્યારેક પાત્રો. આજે યંત્રસંસ્કૃતિનાં ચક્રોમાં કચડાઈ રહેલાં ગામડાં, ત્યાંનો રૂઢિચુસ્ત સમાજ, શોષણખોરી, પરતંત્રતા: આ બધું યુવાન પેઢીને સાલે છે. આમાં વળી ક્યાંક પ્રણયનાં મેઘધનુષ પણ રચાય છે.આ બધી પરિસ્થિતિઓને નિરૂપતી રસભર નવલકથા. (લેખક: પ્રીતમલાલ કવિ; પાકું પૂઠું; પૃ. ૪૩૬; રૂ. ૧૨-૫૦.)

સોનલરાણી ભાગ ૧-૨: શ્રી પ્રીતમલાલ કવિની કચ્છના વાતાવરણને તાદૃશ કરતી આ નવલકથા એમની 'કંથકોટ' ગ્રંથાવલિમાં 'પડ પાસા પોબાર'ના અનુસંધાને આગળ વધે છે. વીરરસને યથોચિત શૈલીમાં નિરૂપતી આ કથા અનેક સાહસો અને ઐતિહાસિક પ્રસંગોથી જીવંત બની છે. પ્રણયને એમાં સ્થાન હોવા છતાં ક્યાંય એનો અતિરેક વર્તાતો નથી. લેખકનું શૈલીપ્રભુત્વ, વાતાવરણ ખડું કરવાની શક્તિ તથા સચોટ પાત્રનિરૂપણ કથાના વિકાસની સાથે સાથે એનો પ્રવાહ પણ વેગવંત બનાવે છે. થોડું લાઘવ જળવાયું હોત તો કથા વધુ સુઘટ્ટ બની હોત. (બન્ને ભાગનું પાકું પૂઠું; બન્નેનાં કુલ પૃષ્ઠ ૭૬૧; બન્નેની કુલ કિંમત રૂ. ૨૨-૨૫.)

આર. આર. શેઠની કંપની
ગાંધી રોડ, અમદાવાદ-૧

ચહણુરાત્રી: શ્રી મોહમ્મદ માકડની આ નવલકથામાં, વિસ્તરતા શહેરના પંજામાં ચગદાઈ ગએલા કોઈ સ્થાનકપુરની અઢી દાયકા પહેલાંની કલ્પનાકથા છે. નંદલાલ શેઠના નોકર કિસન અને શેઠની પૌત્રી રૂપાના પ્રણયપ્રકરણની સાથોસાથ ખેલાતા દાવપેચ, વેરઝેર વગેરેને સબળ રીતે નિરૂપતી આ વાર્તા એની નર્મ-મર્મ વેર્યે જતી શૈલી અને કથાનિરૂપણની દૃષ્ટિએ મનોરમ છે. વાચકોની જિજ્ઞાસાને અથેતિ જાગ્રત રાખવાની કલા લેખકને હસ્તગત છે. માનવજીવનનાં તેજ-તિમિરને વ્યક્ત કરતી સફળ નવલકથા. (પાકું પૂઠું; પૃ. ૩૫૨; રૂ. ૯.)

પ્રેમસરોવર: બે દાયકામાં ત્રીસ જેટલી નવલકથાઓ આપનાર લોકપ્રિય નવલકથાકાર ગુલશન નંદાની એકત્રીસમી નવલકથા 'ઝીલ કે ઉસ પાર'નો ડૉ. મૂળજીભાઈ પી. શાહે આ સુભગ અનુવાદ કર્યો છે. આંખ ગુમાવી બેઠેલી નાયિકા નીલુ અને તેના પ્રીતમ સમીરની સ્નેહગાથા આલેખતાં લેખકે મનુષ્યોની અર્થેષણા અને ઔદાર્ય, વાસના અને વિશુદ્ધ પ્રીતિ, ઈર્ષ્યા અને સહાનુભૂતિનાં સનાતન દ્વંદ્વો સચોટ રીતે આલેખ્યાં છે. સહનશીલતાની મૂર્તિ સમી કથાનાયિકાનું પાત્રનિરૂપણ પણ સફળ રીતે થયું છે. એમની રંગદર્શી શૈલી વાર્તાને વધુ રોચક બનાવે છે. આ અનુવાદ દ્વારા એમની એક સરી નવી કૃતિનો ગુજરાતી નવલકથાપ્રેમીઓને લાભ મળશે. (પાકું પૂઠું; પૃ. ૨૨૪; રૂ. ૬.)

આંખ ઝરે તો સાવન: શ્રી વિઠ્ઠલ પંડ્યાની આ નવલકથા એમની અન્ય નવલકથાઓ કરતાં જુદી તાસીરની છે. કૃતિનાં આરંભનાં પ્રકરણોથી જ વાચક એક પ્રકારના ભાવનાશાળી વાતાવરણમાં જઈ પહોંચે છે. વાર્તાનાયક અવિનાશ શિક્ષણ પૂરું કર્યા વગર જ અમેરિકાથી પાછો ફરે છે, કારણ કે ત્યાં હબસીઓની ચળવળમાં એણે ભાગ લીધો અને જેલવાસ ભોગવ્યા. ને પરિણામે ત્યાંની સરકારે એને ભારત પાછો મોકલ્યો. આવો ભાવનાવાદી અને આદર્શઘેલો અવિનાશ સાબરકાંઠાના આદિવાસી વિસ્તારમાં પોતાનો સેવાયજ્ઞ આરંભે છે; અને એનો સ્નેહયજ્ઞ પણ ત્યાં જ આરંભાય છે. અંતે ધર્મપલટાની જે વટાળ પ્રવૃત્તિએ આદિવાસી સમાજને નિજી સંસ્કાર પરંપરાથી પર કરી અપર સંસ્કૃતિ તરફ વાળ્યો છે તેની સામે જેહાદ જગાવી અવિનાશ પોતાનું આદ-

શૌચિત બલિદાન આપે છે. સાબરકાંઠાના આદિવાસી સમાજનું વાતાવરણ ખડું કરવા લેખકે સારો શ્રમ લીધો છે. પાત્રોની બોલી, પહેરવેશ અને રીતરિવાજોના નિરૂપણથી આ વાતાવરણ સજીવ બન્યું છે. કથા વચ્ચે વચ્ચે સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક સ્થિતિ પર કટાક્ષો વેરતી સુપેરે આગળ વધે છે. તદ્દન હેતુશૂન્ય નવલકથાના જાળાથી આકૃતિ ઊફરી ચાલી છે એ એની વાચનક્ષમતાને વધુ રોચક બનાવે છે. (પાકું પૂઠું; પૃ. ૫૨૪; રૂ. ૧૩-૨૫.)

નિશિકુટુંબ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ: બંગાળના નામી નવલકથાકાર મનોજ બસુની આ કીર્તિદા કૃતિ સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થઈ છે એ પણ એની ગુણવત્તાનું એક સૂચક ચિહ્ન છે. બંગાળી કૃતિઓના જાણીતા અનુવાદક શ્રીકાન્ત ત્રિવેદીએ આપેલી આ કથાનો નાયક એક ક્ષણે કાલીમંદિરમાં ઉદ્‌ગાર કાઢે છે: 'મને સાવ ખરાબ બનાવી દો, મા! એકદમ નિષ્ઠુર, દયાહીન! મારા હાથે કોઈ ભલાઈનું કામ જાણે થાય જ નહિ!' તો વળી કોઈ બીજી ક્ષણે મનોમન બબડે છે: 'માણસ જાતનો જરાક છે. હજાર પ્રયત્ન કરવા છતાં માનવી બૂરો બની શકતો નથી...બુરાઈનું મ્હોરું પહેરીને ફરે એટલું જ; કારણ કે માનવી અમૃતનાં સંતાન છે. અસલ ગુણ ક્યાં જવાનો?' આ બે ક્ષણો વચ્ચેનો સંઘર્ષ એટલે જ 'નિશિકુટુંબ' નવલકથા.

કથાનાયક સાહેબ-ચોરને સમાજ ઘૃણાથી જુએ છે કારણ કે એના અંતરનાં ઊંડાણને કોઈએ તાગ્યાં નથી, એના ભીતરની કોઈને ભાળ નથી. સમાજના આવા તદ્દન તિરસ્કૃત ચોરને નાયક બનાવવામાં જ માત્ર આકર્ષણ કે સફળતા નથી; એની ખરી ખૂબી અને કલાસિદ્ધિ તો એ પાત્રનાં સંઘર્ષને સૂક્ષ્મતા તથા સચોટતાની નિરૂપવામાં છે. અધમમાં અધમ માણસમાં પણ કોઈક ખૂણે માણસાઈ રહેલી હોય એવી શ્રદ્ધા આ નવલકથાની ધ્રુવતારક છે. માણસ ગમે તેટલો બૂરો થવા માગે તો પણ એનો 'અસલ ગુણ ક્યાં જવાનો?'

ચોરની સૃષ્ટિ ને દૃષ્ટિને, એની વૃત્તિ અને પ્રવૃત્તિને, એની વ્યાવસાયિક ખૂબીઓ ને હૃદયવ્યાપારને અહીં કે અજબ કુશળતાથી આલેખ્યાં છે. શૈલી, પાત્રાલેખન, સંવાદો અને સંઘર્ષોથી વાર્તા તાજપભરી અને આકર્ષક લાગે છે. આવી સુંદર કૃતિનો સફળ અનુવાદ આપવા બદલ અનુવાદક અભિનંદનના અધિકારી છે. (પાકું પૂઠું; બન્ને ભાગના કુલ પૃ. ૯૦૭; સેટની કિ. રૂ. ૨૩.૨૫)

સામાજિક માનવશાસ્ત્ર: આજના સંક્રાંતિકાળમાં શિક્ષિત વર્ગ પરિવર્તનનાં પૂરને સમજવા મથી રહ્યો છે. દરેક ક્ષેત્રમાં માનવીની જિજ્ઞાસા જાગી છે. સામાન્ય માનવીને પણ માનવશાસ્ત્ર શું છે એનો યોગ્ય પરિચય મળી રહે તે હેતુથી 'સમાજ-વિજ્ઞાનમાળા'માં ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીરા દેસાઈના યુગલે આ પુસ્તિકાનું અધિકૃત સંપાદન કર્યું છે. છ પ્રકરણમાં વહેંચાએલી આ પુસ્તિકમાં માનવશાસ્ત્રના સ્વરૂપનો, સામાજિક માનવશાસ્ત્ર શું છે તેનો, તેની અભ્યાસ પદ્ધતિનો તથા તેની વિચારસરણીના વિકાસનો, તેમજ તેની ઉપયોગિતા ને કાર્યનો તથા ભારતમાં સામાજિક માનવશાસ્ત્રના ઇતિહાસનો સમ્યક્ અને વિશદ ખ્યાલ આપ્યો છે. એતદ્ વિષયના વિદ્યાર્થીઓ તથા એમાં રસ ધરાવનાર વાચકોને આ પુસ્તક ઉપયોગી થશે. (કાચું પૂઠું: પૃ. ૧૫૬; રૂ. ૪)

ભારતની જ્ઞાતિવ્યવસ્થા: ઉક્ત સંપાદકોએ 'સમાજ વિજ્ઞાનમાળા'ની આ પુસ્તિકામાં ભારતીય સમાજમાં વર્ષોજૂની જ્ઞાતિવ્યવસ્થાનાં મૂળ શામાં છે, શા માટે બંધારણીય માર્ગે પણ એ દૂર થઈ શકી નથી, એનાં લક્ષણો શાં છે વગેરેની વૈજ્ઞાનિક છણાવટ કરી છે. ચાર પ્રકરણમાં વહેંચાએલી આ પુસ્તિકા જ્ઞાતિ પ્રથા વિષેની આપણી જિજ્ઞાસા તૃપ્ત કરવા જરૂર સફળ થશે. (કાચું પૂઠું; પૃ. ૧૧૮; રૂ. ૩.૨૫)

એન. એમ. ત્રિપાઠી પ્રાઈવેટ લિ.

પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨

જાગે અંતર રામ: કૃતિના હાર્દને પ્રગટ કરતા શીર્ષકવાળું આ ત્રિઅંકી નાટક શ્રી પરમસુખ પંડયાની એક નવી રચના છે. માનવીના જીવનમાં 'ધરતીના છેડા' જેવું ઘર કેવું પાત્રત્વ પામે છે! એક વિચારતંતુની સાથે મનોસંઘર્ષનો બીજો તંતુ સમ્યક્ રીતે સાંકળી લેતી આ નાટ્યકૃતિ વસ્તુસંવિધાન અને ઘટના સંકલનના નાવીન્યથી તાજપવાળી લાગે છે. માનવીની કુટિલ વ્યવહારનીતિનો અંતે પરાભવ થાય છે ને વિજયી નીવડે છે એની સદ્-યુક્ત આંતરસમૃદ્ધિ, એ વિચારને ફલિત કરતી તખતાલાયક સફળ નાટ્યકૃતિ. (પાકું પૂઠું; પૃ. ૧૭૨; રૂ. ૪.)

દયારામ રસસુધા: મધ્યકાલીન ગુજરાતીની છેલ્લી કડી સમાન દયારામનાં કવનનો આ સંચય કવિની સાચી ઊર્મિસંપત્તિ પ્રગટ કરે છે. યોગ્ય પાઠાંતરો નોંધીને કાવ્યકૃતિઓ વધુ હૃદ્ય બનાવાઈ છે. દયારામને માણવામાં સહાયરૂપ થાય તેવી દીર્ઘ પ્રસ્તાવના સાથે એ કવિના રાસ, ગરબી અને ગીતો મળીને અહીં કુલ ૨૨૭ કૃતિઓ સંગૃહીત થઈ છે. દયારામના ચાહકો અને વિદ્યાર્થીઓને આ સંકલન જરૂર ગમશે. (પાકું પૂઠું; પૃ. ૩૧૪; રૂ. ૭)

સૂરદાસ: શ્રી પ્રાગજી ડોસાનું આ રેડિયો નાટક શ્રી વનલતા મહેતાના સહયોગથી રંગમંચને યોગ્ય એવી ત્રિઅંકી નાટ્યકૃતિ બની શક્યું છે. ભક્તકવિ સૂરદાસના જીવનની સાથેસાથે પુષ્ટિમાર્ગની પણ સંતપર્ક ઝાંખી આમાંથી મળી રહે છે. પાકું પૂઠું, પૃ. ૯૧, રૂ. ૩

ઇતિહાસને પાને: શાળાઓમાં સાંસ્કારિક પ્રવૃત્તિના વિકાસની સાથે નાટક પણ ભજવાવું જોઈએ એવી અનિવાર્યતામાંથી આ સંગ્રહની કૃતિઓ ઉદ્‌ભવી છે. બાળકોને પ્રેરણા, સાહસ, શ્રમ, આદર્શ વગેરેનું ભાથું નાટક દ્વારા સુપથ્ય રીતે મળી શકે છે એ દૃષ્ટિને કેન્દ્રમાં રાખી ઇતિહાસનાં પાનાંમાંથી સિદ્ધિને વરનાર વિભૂતિઓ, અને આદર્શોને આંબવાના પ્રયત્નો દ્વારા સ્વ ને પરને ઊર્ધ્વગામી બનાવનાર મહાન આત્માઓનાં જીવન પર રચાએલી ૮ નાટિકાઓ. પાકું પૂઠું; પૃ. ૧૪૨; રૂ. ૩-૭૫.

સંવેદન: શ્રી ગજાનન ભટ્ટના આ ત્રીજા કાવ્યસંગ્રહમાં ગઝલો ઈત્યાદિ ૪૦ કૃતિઓ છે, જેમાં કેટલીકમાં સમાજ, ધર્મ, રાજકારણ પરનો તીખો માર્મિક વ્યંગ છે તો કેટલીકમાં અંગત ઊર્મિરંગ પણ છે. ઊંચા કાવ્યતત્ત્વના અભાવવાળી પણ સાદી સરળ કાવ્યબાની ને ભાષાલયની સફાઈ કાવ્યોને સુવાચ્ય અને આસ્વાદ્ય બનાવે છે. (કાચું પૂઠું; પૃ. ૬૪; રૂ. ૨.૫૦)

નમૂનેદાર ગ્રંથાવલિ: બાળકોમાં સાહસ, ઉત્સાહ, જ્ઞાન, ગમ્મત વગેરે પ્રેરે તેવી બાળવાર્તાઓની આ શ્રેણીમાં 'નમૂનેદાર કીમિયાગર', 'નમૂનેદાર પાણી', 'નમૂનેદાર ટિંગુપિંગુ', 'નમૂનેદાર પતંગ', 'નમૂનેદાર કવિ', 'નમૂનેદાર ફળ', નમૂનેદાર મુન્નાજી' 'નમૂનેદાર અક્કલ', 'નમૂનેદાર શિકારી' ને 'નમૂનેદાર ચોટ કથાઓ', એમ દસ પુસ્તિકાઓ છે. ચાળીસ પાનાંની પ્રત્યેક પુસ્તિકામાં શ્રી હરીશ નાયકે બાલભોગ્ય શૈલીમાં આ વાર્તાઓ રજૂ કરી છે. (પ્રત્યેકની છૂટી કિંમત રૂ. ૧; સેટના રૂ. ૧૦.)

અન્ય પ્રકાશનો

શતાબ્દીગ્રંથ: ગાંધી શતાબ્દી નિમિત્તે, રાજકોટની જે આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ગાંધીજી ભણેલા તેનો સર્વગ્રાહી પરિચય આપતો આ ગ્રંથ એ કાળના ગાંધીજીના વિદ્યાર્થીજીવનને પણ એક વિભાગમાં નિરૂપે છે. પ્ર. આલ્ફ્રેડ હાઈસ્કૂલ શતાબ્દી ગ્રંથ સમિતિ રાજકોટ. કાચું પૂઠું, પૃ. ૨૦૮, રૂ.૫; સંસ્થાઓ માટે ખાસ રૂ. ૩.


સરદાર વલ્લભભાઇ પટેલ સંગ્રહસ્થાન: સૂરતના વિખ્યાત કલાસંગ્રહસ્થાને છેલ્લા બે દાયકામાં જે પ્રગતિ સાધી છે તેનો અહીં સચિત્ર પરિચય આપ્યો છે. નગરપાલિકાની સંસ્કારપ્રવૃત્તિનું અનુકરણીય પગલું આ પ્રકાશન સૂચવે છે. પ્ર. સૂરત મહાનગર પાલિકા; સં. કપિલરાય ઠાકુર. કાચું, પૂઠું, પૃ. ૪૦.—ધી. પ.

શતરંજનો ભારતીય પદ્ધતિનો કોયડો નં. ૧૩

આધુનિક કોયડામાં જેમ Fairy chess problems માટે વિશેષ પ્રકારનાં બોર્ડ વપરાય છે તેમ ભારતીય પદ્ધતિના કોયડામાં પણ ૧૦૦ ખાનાંવાળા (૧૦×૧૦) બોર્ડનો ઉલ્લેખ છે. વળી, જેમ Fairy કોયડામાં વધારાનાં નવાં મહોરાંઓનો ઉપયોગ થાય છે તેમ અહીં પણ વધુ મહોરાંનો ઉપયોગ થયો છે. આ વખતે આપણે આવો એક કોયડો જોઈએ.

સાધારણ રીતે આપણે બ્રિટિશ શૈલીમાં ચાલ લખીએ છીએ, પણ અહીં બોર્ડ ઉપર વધુ ખાનાં હોવાથી બીજગણિત શૈલી વાપરીશું. તે શૈલી સહેલાઈથી સમજી અને વાંચી શકાય તે માટે આકૃતિમાં પંક્તિ અને હરોળનાં નામ અને ક્રમ આપ્યાં છે. વાચકોને યાદ હશે કે સફેદ અને કાળાં મહોરાં માટે આ શૈલીમાં ખાનાંનો નંબર એક જ રહે છે.

આ કોયડો ૬ ચાલમાં પ્યાદમ્હાત કરવાનો છે. વળી, કાળું પ્યાદું મહોરું બને પછી જ મ્હાત કરવાની શરત છે. આકૃતિમાં h4 ખાના ઉપર ઊંચો વજીર છાપ્યો છે તે શાહજાદો છે. તે વજીરની તેમજ ઘોડાની એમ બે રીતની ચાલ ચાલી શકે છે. લખાણમાં તે 'Pr' વડે દર્શાવ્યો છે.



1 Prh8ch. શાહજાદો ઘોડાની જેમ પણ ચાલતો હોઈ i10 અને j9 ઉપર તેનો કાબૂ છે. 1..., Kj10; 2 Pi7, Pf3; 3 Pi8, Pf2; 4Ki3 પ્યાદું f1 ઉપર પહોંચી શાહજાદો થાય ત્યારે શેહ આવે તેથી બચવા 4.... Pf1 (=Pr); 5 Prh10ch Ri10; 6Pi9 mate.

સુરેશ મોદી

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃ. ૨૨૨થી

લૅટિન પાદરીઓનું સાહિત્ય

એંગ્લો-સૅક્સન કાળમાં લૅટિન સાહિત્ય મબલખ રચાયું હતું. એ રચનારાઓમાં મુખ્ય પાદરી હતા. તેમાં આલ્ધેમ (Aldhelm), બીડ (Bede) અને આલ્કુઈન (Alcuin)નું સાહિત્ય તત્ત્વવાળું છે.

આલ્ધેમ (૬૫૦? થી ૭૦૯) કૅન્ટરબરી મઠનો ધર્મગુરુ હતો. ઉમદા કુળમાં જન્મેલો આ સૅક્સન પાદરી, કહેવાય છે કે, માતૃભાષામાં સમર્થ કવિ હતો પરંતુ દુર્ભાગ્યે એની લૅટિનમાં રચાએલી કૃતિઓ જ પ્રાપ્ત થઈ શકી છે. સાતમા સૈકામાં વિરલ ગણાય તેવું શુદ્ધ લૅટિન તેણે લખ્યું છે, પરંતુ એના લખાણમાંનાં અલંકારશોખ, વાગ્મિતા વગેરે એની મૂળ સૅક્સન પ્રકૃતિને પ્રગટ કરી દે છે. રૂપકો વિના એને ચાલતું જ નથી. દા. ત. સદ્‌ગુણોની સુવર્ણમાળા, નિર્મળતાનાં શ્વેત મૌક્તિક, હંસશુભ્ર શ્વેત વાર્ધક્ય, મૂક મૌનનાં ઊઘડતાં દ્વાર—આ સર્વ તેની રૂપકાવલિ છે.

ધર્મગુરુ બીડે (૬૭૨-૭૩૫,ની રીતિ આલ્ધેમના સામે છેડે બેસે તેવી છે. આલ્ધેમ શૈલીનો ઉપાસક છે; બીડને મન 'મૅનર' (રીતિ) કરતાં 'મૅટર' (વસ્તુ)નું મહત્ત્વ છે. વિવિધ જ્ઞાનશાખાઓનો તે ઊંડો અભ્યાસી હતો. તેનો મહત્ત્વનો ગ્રંથ 'ઍંગ્લસનો ધાર્મિક ઇતિહાસ' (The Ecclesiastical History of Angles) છે. તેમાં જુલિયસ સીઝરના વિજયથી શરૂ કરીને તેણે ૭૩૧ની સાલ સુધીનો અધિકૃત ગણાય તેવો અંગ્રેજ પ્રજાનો ઇતિહાસ રચ્યો છે. આલ્ફ્રેડે આ પુસ્તકને અનુવાદ માટે ખાસ પસંદગી આપી હતી.

આલ્કુઈન (૭૩૦? -૮૦૪)ની કવિતામાં તેના લૅટિનની કચાશ વરતાય છે, છતાં વિવેચકોને તેમાં અંતરનો રણકો સંભળાયો છે. એની કવિતા આત્મલક્ષિતા તરફ વિશેષ ઢળે છે. તેનું ગદ્ય લખાણ સહેજે આસ્વાદ્ય બને તેવું છે. ગુરુશિષ્યના સંવાદ રૂપે તેણે જે ગદ્ય પીરસ્યું છે તેમાં તત્ત્વજ્ઞાન અને કવિતા ઝમે છે:

'દેહ શું છે?' — 'આત્માનું નિકેતન'
'કેશ શું છે?' — 'મસ્તકનું આવરણ'
'દાઢી એટલે?' — 'જાતિભેદ અને વયની નિદર્શક'.
'નેત્રનો મહિમા?'
'દેહના માર્ગદર્શક, પ્રકાશનાં વાહન, વિચારનાં દ્યોતક.'
શિષ્ય ક્યારેક પ્રકૃતિ વિષે પ્રશ્ન કરે છે: 'સૂર્ય શું છે?'
ઉત્તર: 'વિશ્વની ભવ્યતા, આકાશનું સૌન્દર્ય, પ્રકૃતિની છટા, દિનમાન, સમયનો વિભાજક.
'સમુદ્ર વિષે કહેશો?'
'સાહસનો પંથ, પૃથ્વીવલય, પ્રદેશોનો વિભાજક, સીકરસ્રોત.

એંગ્લો-સૅક્સન યુગમાં ધાર્મિક પરંપરાઓને વહેતી રાખવા માટે લૅટિન ધર્મગુરુઓએ વિવિધ ભાત પ્રગટ કરતું ગદ્યપદ્ય-સાહિત્ય પીરસ્યું છે. જો કે ચુસ્તપણે જોતાં તે અંગ્રેજી સાહિત્યનો ભાગ ગણાય નહિ. (ચાલુ)


'સ્વાતંત્ર્ય-સંગ્રામ સાહિત્યમાળા': શ્રેણી બીજી

સૂરત જિલ્લા પંચાયતની સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ જૂના સૂરત અને વલસાડ જિલ્લામાં થએલી સ્વાતંત્ર્યની તમામ ચળવળોને આવરી લેતાં પુસ્તકોની 'સ્વાતંત્ર્ય-સંગ્રામ સાહિત્યમાળા' પ્રસિદ્ધ કરી રહી છે તેનાથી સૌ સુપરિચિત છે. અત્યાર સુધીમાં તેનાં પાંચ પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. આ સાહિત્યમાળામાં લગભગ દશ બાર પુસ્તકોનો સેટ રૂ. ૧૦૦/-ની કિંમતે આપવાની પ્રથમ કલ્પના હતી. તે પ્રમાણે દરેક વિષય પરનાં પુસ્તકોનાં (કદ-પાનાં)ની કલ્પના પણ આંકવામાં આવી હતી. પણ જિલ્લાની લડતો અંગે જે સાહિત્ય સમિતિને મળ્યું તે એટલું તો મહત્ત્વનું, અપ્રાપ્ય ને કીમતી હતું, કે તેને ગ્રંથસ્થ કર્યા સિવાય ચાલે તેમ ન હતું. પરિણામે શરૂનાં પાંચ પુસ્તકો ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનાં તો થયાં જ, પણ સાથેસાથે ઠીકઠીક દળદાર પણ બન્યાં. એટલે મૂળ કલ્પના પ્રમાણેની પાનાંની મર્યાદા એટલાં પાંચ પુસ્તકોમાં જ પૂરી થઈ છે અને રૂ. ૧૦૦/-ના સેટનું ખર્ચ પણ પૂરું થયું છે. સમિતિને મળેલું લડતોના મહત્ત્વના તબક્કાઓનું સાહિત્ય હજી અપ્રકાશિત જ રહ્યું છે. આટલું મહત્ત્વનું સાહિત્ય પણ પ્રસિદ્ધ થાય અને તેનાં ઐતિહાસિક મૂલ્યો જળવાઈ રહે તે હેતુથી સૂરત જિલ્લા પંચાયતે ઠરાવ્યું છે કે: (૧) પ્રસિદ્ધ થએલાં ઉપર્યુક્ત પાંચે પુસ્તકોને 'સ્વાતંત્ર્ય-સંગ્રામ સાહિત્યમાળા'ની પ્રથમ શ્રેણીનાં પુસ્તકો તરીકે ગણવાં, જેની કુલ કિંમત રૂ. ૧૦૦ ઠરાવવી; (૨) અપ્રકાશિત સાહિત્યને બીજાં પાંચ પુસ્તકોમાં સમાવી લઈ તેની 'સ્વાતંત્ર્ય-સંગ્રામ સાહિત્યમાળા'ની બીજી શ્રેણી કરવી ને તેની કિંમત પણ રૂ. ૧૦૦ રાખવી.

પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો: સ્વાતંત્ર્ય-ઇતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, હરિયા મહેલ, સૂરત.

પ્રાગૈતિહાસિક પ્રાણીઓ-૬

સાડા ચાલીસ કરોડ વર્ષ પહેલાંથી માંડીને છએક કરોડ વર્ષો જેટલો ગાળો 'ડેવોનિયન કાળ' તરીકે ઓળખાય છે. અનેક જાતની માછલીઓ આ સમયમાં વિકસી. એનાં શરીરનાં બાહ્ય-આવરણો કઠણ હતાં. જડબાં વિનાની પણ કેટલીક જાતો હતી. શાર્ક જેવી માછલીઓ પણ આ કાળમાં વિકસી, જેમાંના એક જૂથમાંથી ત્રણેક ફૂટ લાંબાં 'ઈક્થ્યોસ્ટેજિડ્સ'નો વિકાસ થયો. એમની ખોપરી, કરોડ અને પૂંછડી માછલી જેવી હોવા સાથે ખભા, પાંસળીઓ ને કમ્મર ભૂચર પ્રાણીઓ જેવાં હતાં. આ પ્રાણીઓ આદિ જલ-સ્થલચર પ્રાણીઓ હતાં. કરોડવાળાં પ્રાણીઓનું એ પ્રથમ દર્શન હતું. ગ્રીનલૅન્ડના હૂંફાળા ભેજવાળા ઉચ્ચપ્રદેશોમાંથી એમના અશ્મીલ અવશેષો મળ્યા છે.



ડેવોનિયન કાળની માછલી તથા વનસ્પતિ

પ્રાચીનતમ કરોળિયા, કાનખજૂરા ને કેટલીક જાતનાં જીવડાં પણ આ કાળમાં પેદા થએલાં. એ સાથે મીઠા પાણીની છીપ પણ. પરવાળાંની પણ કેટલીક નવી જાતો પેદા થઈ.

પરંતુ એક નવો ઉદ્ભવ તો આ કાળમાં ભૂમિ પરની વનસ્પતિનો થયો. પ્રારંભિક કાળના એ છોડ તદ્દન સાદી રચનાવાળા હોઈ એમને ખરા અર્થમાં પાન કે મૂળિયાં જેવાં અંગ નહોતાં. પરંતુ આગળ જતાં તેમાંથી અટપટી અંગરચના વિકસી અને પુષ્પો વિનાનાં પણ બીજવાળાં ફર્ન વૃક્ષોનાં જંગલોનો ઠીકઠીક ફેલાવો થએલો. આ જ કાળમાં અનેક સ્થળે લાલ રેતી ને કાદવના થર પણ બંધાયા.



માધુકરી

તમારાં અર્થશાસ્ત્રો ને દર્શનો વગેરે બધું ભલે અથેતિ તમે જાણો;
પણ આમ મેળવેલા જ્ઞાને વળશે ન કશું કહું છું સાચું જ એ પ્રમાણો,
છૂટકો ન કારખાને કે દુકાને જવા માટે જરૂરી હિંમત હૈયે આણો;
અને ટોચે જવા માટે નીચેથી જ શરૂ કરો સીડીનાં પગથિયાં પલાણો.

—પૂજાલાલ

પૃથ્વીરાજ કપુર

લગભગ અર્ધી સદી જેટલી સુદીર્ઘ કારકિર્દી ધરાવનાર પૃથ્વીરાજ કપુરનું ગઈ ૨૯મી મેએ ગળાના કૅન્સરથી અવસાન થતાં હિંદી ફિલ્મજગતમાં પોતાના પ્રવેશથી માંડી આજ સુધી એકધારી અને એકસરખી લોકચાહના પામનાર જે ગણીગાંઠી વ્યક્તિઓ છે તેમાં એક જલ્દી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.


ઈ. ૧૯૦૬ની ૩જી નવેમ્બરે પેશાવરમાં એમનો જન્મ. મૂળ નામ પૃથ્વીનાથ. બચપણમાં જ માતાની છાયા ગુમાવવાથી અને પિતા વિશ્વેશ્વરનાથ પોલીસખાતામાં હોઈ વારંવાર થતી બદલીઓને કારણે એમનો ઉછેર દાદા દીવાનસા'બ કેશોમલ કપુરની પાસે થયો. ૧૭ વર્ષની વયે પહેલા વર્ગમાં ઈન્ટરમીડિયેટ પાસ કરી ત્યારે તો એમનું લગ્ન પણ થઈ ગએલું. એ પછી પેશાવરની એડવર્ડ કૉલેજમાં ગયા જ્યાં પ્રો. જયસવાલના પ્રોત્સાહનથી અભ્યાસની સાથે કૉલેજનાં નાટકોમાં પણ ઊતરવા લાગ્યા અને ૧૯૨૭માં બી.એ. થઈ લાહોરની કૉલેજમાં વકાલતનો અભ્યાસ આરંભ્યો ત્યાં સુધીમાં તો અદાકારીની એમને એવી લગની લાગી ચૂકી કે અંતે એ અભ્યાસ છોડી દઈને પત્ની અને પુત્ર (રાજકપુર)ને લઈ તેઓ અભિનયના ક્ષેત્રમાં કામ મેળવવા ઘર છોડી ચાલી નીકળ્યા.

પણ એ કામ કાંઈ રસ્તામાં પડ્યું હોય છે? એક પછી એક નિષ્ફળતાને અંતે છેવટે મુંબાઈમાં 'ઇમ્પિરીઅલ ફિલ્મ કંપની'ના ત્યારે તૈયાર થતા 'ચૅલેન્જ' નામના એક મૂક ચિત્રમાં દાઢીવાળા આરબની ભૂમિકા કરવા વિનાવેતન તેઓ તૈયાર થયા. ત્યાં એ ચિત્રના દિગ્દર્શક બી. પી. મિશ્રા આ યુવાનના ઊંચા, ગૌર, પ્રભાવશાળી દેહ તથા આંખની ચમક અને અદાકારીથી પ્રભાવિત થયા અને તેને માસિક ૭૫ રૂપિયાના પગારે પોતાના આગામી ચિત્ર 'સિનેમા ગર્લ'માં તે સમયની જાણીતી અભિનેત્રી અર્મેલાઈન સામે નાયક તરીકે રોકી લીધા. હીરોના પાત્રમાં એ એમની પહેલી ફિલ્મ.



પછી તો એમનો સિતારો ચમક્યો. સાતેક મૂગી ફિલ્મોમાં એમણે કામ કર્યું તે દરમિયાન બોલતી ફિલ્મનું આગમન થયું, અને સંવાદો તથા ગાયનો માટે સારા અવાજની ખોટના કારણે મૂક ફિલ્મોના અનેક અદાકારો જ્યારે ખડી ગયા ત્યારે 'પૃથ્વીરાજ બી.એ.' (એ એમનું ત્યારનું એકટર તરીકેનું નામ.) આગળ આવી ગયા. પ્રથમ હિન્દી બોલપટ 'આલમઆરા'માં એમનો પણ અભિનય હતો. આ જ અરસામાં એમણે જેમ્સ ગ્રાંટ ઍન્ડરસનના શેક્સપીઅરનાં નાટકોમાં પણ ભૂમિકાઓ ભજવી અને એ નિમિત્તે દેશનાં ઘણાં શહેરોમાં ફર્યા.

કલકત્તાના વિખ્યાત 'ન્યૂ થીએટર્સ'માં પણ એમણે છએક વર્ષ રહી 'સીતા', 'વિદ્યાપતિ', 'અભાગિન' વગેરે બારેક ફિલ્મોમાં અભિનય



'સિનેમા ગર્લ' (૧૯૨૯)માં પૃથ્વીરાજ કપુર અને અર્મેલાઈન

આપ્યો. ઈ. ૧૯૩૯માં તેઓ ફરી મુંબાઈ આવ્યા ને ત્યારથી ત્યાં જ સ્થિર થયા. રાજરાણી મીરા, ઇન્ડિયા ટુડે, પાગલ, મંઝિલ, ઉજાલા, ભલાઈ, આંખકી શર્મ, ઈશારા, પૃથ્વીરાજ-સંયુક્તા, મહારથી કર્ણ, જિંદગી, રાજ-નર્તકી, બલરામ-શ્રીકૃષ્ણ, સોહરાબ-રુસ્તમ, વિષકન્યા, વાલ્મિકી, દેવ-દાસી, અહેસાન, સેનાપતિ, એક રાત, સિકંદરે આઝમ, તીન બહુરાનિયાં, હરિશ્ચંદ્ર-તારામતી, વગેરે સંખ્યાબંધ ફિલ્મોમાં એમનું કામ પથરાએલું છે. આમાં 'સિકંદર'માં સિકંદર, 'વિક્રમાદિત્ય'માં રાજા વિક્રમ, 'દહેજ' અને 'આવારા'માં પિતા, 'મુગલે આઝમ'માં સમ્રાટ અકબર વગેરેની એમની ભૂમિકાઓ યાદગાર રહી છે. છેલ્લે 'કલ, આજ ઔર કલ'માં પોતે, પુત્ર રાજ અને પૌત્ર રણધીર એમ કપુર કુટુંબની ત્રણે પેઢી એક સાથે રજૂ થઈ હતી. એ એમનું છેલ્લું ચિત્ર હતું. પણ હવે ગળાના-અવાજની એમને તકલીફ પડવા લાગી હતી જે કૅન્સર રૂપે અંતે જીવલેણ નીવડી.

પરંતુ ફિલ્મ કરતાં પણ તખ્તા તરફ એમને વધુ પક્ષપાત હતો. પોતાનાં એ અરમાન સંતોષવા એમણે ૧૯૪૪માં 'પૃથ્વી થીએટર્સ' નામે પોતાની નાટ્યસંસ્થા સ્થાપી જેનાં શકુંતલા, પૈસા, કિસાન, પઠાણ, દીવાર, ગદ્દાર, આહુતિ, કલાકાર વગેરે નાટકો સારી ખ્યાતિ પામ્યા છતાં આર્થિક રીતે એમનું એ સાહસ બહુ સફળ ન થયું. પરંતુ એના દ્વારા એમણે કોમી એકતા, દેશપ્રેમ અને તત્કાલીન સમાજના પ્રશ્નોની રજૂઆત વડે ફિલ્મી અદાકારી ઉપરાંતની પોતાની શક્તિ અને ભાવનાઓનો અચ્છો પરિચય આપ્યો હતો. રાજકપુર, સજ્જન, શંકરજયકિશન, રામ-ગાંગુલી, શૈલેન્દ્ર, હસરત જયપુરી, ઈન્દ્રરાજ આનંદ, ત્રિલોક કપુર વગેરે ફિલ્મક્ષેત્રની કેટલીક નામી વ્યક્તિઓનું ઘડતર એમના 'પૃથ્વી થીએટર્સ'-માં જ થએલું. એ દિવસોમાં પોતાનાં નાટકોના દરેક ખેલને અંતે દ્વાર પર ઝોળી લઈને ઊભા રહી એમણે રાષ્ટ્ર માટે મોટા ફાળા ઉઘરાવીને પોતાના રાષ્ટ્રપ્રેમની પ્રતીતિ આપી હતી. જરૂરિયાતવાળાં અનેક કુટુંબોને પણ તેઓ બનતી સહાય પહોંચાડતા રહેતા. આજે લાખો રૂપિયા કમાતા અન્ય 'કલાકારો'માં આ ભાવના જવલ્લે જ જોવા મળે છે.

એમના નાટક-પ્રેમની અસર એમની અદાકારીમાં પણ દેખાતી, પણ એમની એ નાટકીય છટાનો એક મોટો ચાહકવર્ગ હતો. 'આસમાન મહલ' નામની ખ્વાજા અહમદ અબ્બાસની એક ફિલ્મમાંની અદા-કારીને ૧૯૬૬માં ચેકોસ્લોવાકિયાની રાષ્ટ્રીય સંગીત-નાટક અકાદમીનો ઍવૉર્ડ પણ મળેલો. સ્વતંત્ર ભારતની સંગીત નાટક અકાદમીના

'કુમાર'નું કનકપર્વ

હવે તો સૌને જાણ છે કે આગામી ઈ. ૧૯૭૩નું વર્ષ એ 'કુમાર'નું ૫૦મું વર્ષ હશે. તેનો ડિસેમ્બર અંક એ ૬૦૦મો અંક હોઈ બેવડા મહત્ત્વનો હશે. એ સુવર્ણ અંક સવિશેષ રૂપે વિશિષ્ટ—એટલે કે ૬૦૦ પાનાંનો અને આ અરધી સદી દરમિયાન 'કુમાર'માં આવી ગએલાં પૈકી ૫૦ શ્રેષ્ઠ પૂર્ણરંગી તથા એકરંગી ચિત્રો, ૫૦ શ્રેષ્ઠ કાવ્યો, તેમજ શ્રેષ્ઠ ચરિત્રો, વાર્તાઓ, નાટકો, લેખો વગેરે ઉપરાંત આજ સુધીમાં આવેલા પ્રત્યેક વિભાગની વાનગીથી ખચેલો હોય એવું અમારું સ્વપ્ન છે. પણ 'કુમાર'ની આજની આર્થિક સ્થિતિ જોતાં એ એક સાહસ છે. એને માટેનું ભંડોળ ઊભું કરવા-ના બે માર્ગ છે:

૧) આજીવન ગ્રાહકો

એકસામટા રૂ. ૩૦૦ (વિદેશ માટે રૂ. ૪૭૫)ના લવાજમથી આજીવન ગ્રાહકો નોંધાશે. એ માટે શરત એટલી રહેશે કે એવા ગ્રાહક અઢાર વર્ષ કે તે કરતાં ઉપરની વયના હોવા જોઈશે અને તે એજન્ટ મારફત નહિ પણ અમારે ત્યાં સીધા જ નોંધાશે. અમારી વિનતિ છે કે જેમનો પણ હાથ પહોંચી શકે ને સૌ આજીવન ગ્રાહક થાય. જેમને એવી અનુકૂળતા ન હોય તેઓ એવી સાનુકૂળતાવાળા પોતાના સ્નેહીઓ–મિત્રોમાંથી મેળવી આપે.

૨) જાહેરખબરો

'કુમાર'ના આજ સુધીના ખાસ અંકો અને દિવાળી અંકોમાં અમને જાહેરખબરો દ્વારા સહાનુભૂતિની હૂંફ આપતા રહેલા સૌ જાહેરાત આપનારાઓ પોતાની આ સંસ્કારસંસ્થાના આવા મંગલ પર્વમાં અમને ટેકો આપવા અમારે પડખે ઊભા રહેશે ને અમે સંપર્ક સાધતાં પોતાની જાહેરખબર મોકલી આપશે એવી અમને શ્રદ્ધા છે.

ખાસ અંકનો લાભ કોને મળશે?

૧) જેઓ ઈ. ૧૯૭૨થી યા તે અગાઉથી 'કુમાર'ના ગ્રાહક હશે તેમને; યા તો ૨) ઈ. ૧૯૭૩થી બે વર્ષનું સામટું લવાજમ અમને મોકલી ગ્રાહક થનારને; અથવા ૩) આજીવન ગ્રાહક થનારને એ ભેટ મળશે. માત્ર ૧૯૭૩ પૂરતા જ નવા ગ્રાહક અમે નોંધીશું નહિ.

આપ સૌનો પ્રતિભાવ જાણવા અમે આતુર રહીશું, કેમ કે એ પ્રતિભાવના પ્રમાણ ઉપર જ એ અંકનું કદ અને સ્વરૂપ નિર્ભર રહેશે.

પ્રથમ સભ્યોમાં તથા રાજ્યસભામાં સ્થાન આપવા સાથે ભારત સરકારે ૧૯૬૯માં એમને 'પદ્મભૂષણ' બનાવી એમનું બહુમાન પણ કરેલું. વિદેશ જતાં સાંસ્કૃતિક મંડળોમાં ફિલ્મક્ષેત્રના પ્રતિનિધિ તરીકે પણ તેઓ અનેક વાર સ્થાન પામેલા. છેલ્લે ૧૯૭૨નો દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ પણ એમને આપવાની જાહેરાત એમના મૃત્યુદિને જ થઈ છે.

અભિનય ઉપરાંત અનેક પ્રવૃત્તિઓમાં રત રહેવા છતાં સિતારવાદન, નાટકોનું વાચન કે વિવિધ ભાષાઓ શીખવા પાછળ પણ તેઓ ઓછો-વત્તો સમય કાઢતા રહી, એમના જ શબ્દોમાં કહીએ તો, 'ઝૂંક ઝૂંક એકઠું કરીને' એમણે પોતાનું ઘડતર કર્યું હતું. આમ, આપબળે ફિલ્મી જગતમાં કપુર પરિવારની એક અનોખી પ્રતિષ્ઠા સ્થાપનાર એમના જેવી વ્યક્તિ એ ક્ષેત્રમાં હવે તુરતમાં સાંપડવી તો મુશ્કેલ જ છે.

ભડલી વાક્ય

રેડિયો તો હમણાં થયો. પહેલાં વરસાદ વગેરેની આગાહી 'ભડલી' નામના એક લોકકવિએ અનુભવે કરી રાખેલા કાયમી વર્તારાને આધારે લોકો જાણી લેતા. એને મોઢે કરી લેતા. વાદળી, વીજળી, વાયુ, તાપ, મેઘધનુષ વગેરે જોઈને ચાર-છ માસ અગાઉથી વરસાદની આગાહી, પાકની આગાહી વગેરે એમાં જાણવા મળે છે. જૂની પેઢીના તો ઘણા-ખરાને એ હજી યાદ હશે. એ રીતે ભડલી વાક્યો એ ગામગામની જ નહિ, પણ 'ઘરઘરની વેધશાળા' જેવાં છે. થોડા નમૂના:

કાર્તક સુદ બારસે દેખ, માગશર સુદ દશમી તું દેખ,
પોષ સુદ પાંચમ વિચાર, માઘ સુદિ સાતમ નિરધાર,
તે દિન જો મેઘો ગાજંત, માસ ચાર અંબર વરસંત.

કારતક સુદ બારસે, માગસર સુદ દશમે, પોષ સુદ પાંચમે અને મહા સુદ સાતમે જો મેઘ ગાજે તો માનવું કે ચોમાસે ભારે વરસાદ થાય.

વૈશાખી પડવા દિને વાદળ વીજ કરેહ,
દાણા વેચી ઘર કરો, પૂરી શાખ ભરેહ.
અખાત્રીજ તિથિને દિને ગુરુ રોહણી સંયુક્ત,
સહદેવ પણ એમ જાણે, નીપજે અન્ન બહુ જુક્ત.
કૃત્તિકા કરવરુ કરે, રોહણી કરે સુકાલ,
નખેદ માગશર હોય તો, નક્કી થાય દુકાળ.

વૈશાખ મહિનાના પડવાને દિવસે વાદળ હોય અને આકાશમાં વીજળી થાય તો ખેડૂતે દાણા વેચીને ઘર બનાવવું; મતલબ કે એ વરસે સારો વરસાદ થઈ ખૂબ અનાજ પાકશે. એ જ પ્રમાણે અખાત્રીજ (વૈશાખ સુદ ત્રીજ)ને દિવસે ગુરુવાર ને સાથે રોહિણી નક્ષત્ર હોય તો બહુ અનાજ પાકે. પણ જો અખાત્રીજની સવારે કૃત્તિકા નક્ષત્ર હોય તો વર્ષ ખૂબ કાઠું-કઠણ આવે. વળી અખાત્રીજની સવારે રોહિણી નક્ષત્ર હોય તો સુકાળ થાય અને જો મૃગશીર્ષ નક્ષત્ર હોય તો દુકાળ પડે.

અષાડ સુદિ પંચમી જો ઝબૂકે વીજ,
દાણા વેચી ઘર કરો, રાખો બળદ ને બીજ.
સુદિ અષાડી પંચમી ગાજત ઘન ઘનઘોર,
ભડલી કહે તો જાણજો, મધુરો મેઘાસોર.
ઘોરી અષાડી પંચમી વાદળ હોય ન વીજ,
વેચો હળ બળદને, નીપજે કાંઈ ન ચીજ.

અષાડ સુદ પાંચમના દિવસે વીજળી થાય તો વરસ સારું પડે ને વરસાદ સારો થાય. તે જ પ્રમાણે અષાડી પાંચમે આકાશમાં ઘનઘોર વાદળાં ગાજે તો, ભડલી કહે છે કે સારો વરસાદ થાય. પણ જો પાંચમે વાદળ ન હોય અને વીજળી પણ ન થાય તો કંઈ ચીજ ન પાકે.

અષાડ માસે દો દિન સારા, આઠમ પૂનમ ઘોર અંધારા,
ભડલી કહે મેં પાયા છેહ, જિતના બાદલ ઈતના મેહ.

અષાડી આઠમે ને પૂનમે જો ખૂબ વાદળ છવાયાં હોય તો તે સારાં. ભડલી કહે છે કે જેટલાં વાદળાં તેટલો જ વરસાદ સમજી લેવો.

શ્રાવણ પહેલી ચોથમાં, જો મેઘો વરસાય;
ભડલી ભાસે મુજને, સાખ સવાઈ થાય.
શ્રાવણ સુદિની પંચમી, પવન ચાલતો થાય;
ભડલી કહે દેશે ભલું, રાને પક્ષી વસાય.

શ્રાવણ મહિનાની પહેલી ચોથને દિવસે જો વરસાદ વરસે તો સવાઈ ઊપજ થાય એમ જાણવું. શ્રાવણ મહિનાની સુદ પાંચમે જો ખૂબ પવન ફૂંકાય તો જંગલનાં પક્ષી જેવું દુઃખમય જીવન વીતે.

જળચર જળ ઉપર ભમે, ગો નભ ભણી જોવંત;
ભડલી તો એમ જ ભણે, જળધર જલ મેલંત.
હોય પાણી કળશે ગરમ, ચલ્લી ધૂળે ન્હાય,
ઈંડાંળી કીડીઓ દીસે, તો વરષા બહુ થાય.

જળચર પક્ષીઓ પાણી પર ભમવા માંડે ને ગાયો આકાશ ભણી મોં કરીને તાકે ત્યારે તુરતમાં વરસાદ પડે. લોટામાંનું પાણી ગરમ થઈ જાય, ચકલીઓ ધૂળમાં આળોટે-નહાય અને ઇંડાંવાળી કીડીઓ દેખાય તો તે ભારે વરસાદનાં ચિહ્‌ન જાણવાં. (જીવનદીપ)



જગતભરનું પ્રથમ પુસ્તક: ચીનમાં છપાએલું હીરકસૂત્ર

છાપખાનાનાં બીબાંનો આદિ શોધક

મુદ્રણની સરળતા માટે દરેક મૂળાક્ષરના અલગ અલગ બીબાનો વિચાર એક ક્રાંતિકારી ખયાલ પુરવાર થયો છે, ને જર્મનીના ગટનબર્ગને એની શોધનું માન અપાય છે. પણ ગટનબર્ગના જન્મ પહેલાં સદીઓ અગાઉ ચીનમાં એની શોધ થઈ હતી. એ જ રીતે કાગળ પણ પ્રથમ ચીનમાં બનેલા. ઈ. ૧૦૫માં સાઈ લૂન નામના એક ચીનાએ સૌપ્રથમ કાગળની શોધ કરેલી, અને તે યુરોપમાં પહોંચ્યા તે પહેલાં તો હજાર વર્ષથી એ ચીનમાં વપરાતા થયા હતા. દુનિયાની પ્રાચીનતમ છાપેલી ચોપડી ઈ. ૮૬૮માં વાંગ ચેહ નામના એક ચીનાએ છાપેલી. એ રીતે દુનિયાનો તે પહેલો જ્ઞાત પ્રિન્ટર કહી શકાય. અલબત્ત, એણે છાપેલા એ બૌદ્ધ ← 'હીરક સૂત્ર'ની નકલ આખે આખા પાનાનાં લાકડામાં કોરેલાં બીબાં વડે છાપેલી છે. તે પછી સો વર્ષમાં તો ઈસ્વી સનની ૧૦મી સદીમાં સુંગ રાજવંશ દરમિયાન ચીનનું મુદ્રણ ઉચ્ચ કોટિએ પહોંચ્યું હતું. જેમાં

પશ્ચિમના ગટનબર્ગની પેઠે ફેંગ તાઓનું નામ વિખ્યાત લેખાતું હતું. આખા પાનાનાં કાષ્ઠ બીબાં વડે તે જમાનામાં યે દિવસમાં સેંકડો નકલો છાપી શકાતી હતી. પશ્ચિમની લિપિના ત્રીસથી યે ઓછા મૂળાક્ષરોની સરખામણીમાં ચીની લિપિના હજારો ચિત્રાક્ષરો માટે છૂટા છૂટા અક્ષરો કોરવાને બદલે આખા પાનાનાં બીબાંની છપાઈ વધુ સરળ હોઈએ જ પ્રકારની છપાઈ લાંબો સમય ચાલતી રહી હતી.

પણ ઈ.સ. ૧૦૪૫માં પાઈ શૅંગ નામે એક ચીની મુદ્રકે સૌ પ્રથમ છૂટા ચિત્રાક્ષરોનાં પણ પાકી માટીનાં અલગ અલગ બીબાં બનાવ્યાં. ત્યાર બાદ થોડા જ સમયમાં માટીને સ્થાને ટિન, લાકડું, કાંસું અને અન્ય ધાતુનો ઉપયોગ થવા લાગ્યો. કોરિયા અને જાપાને આવાં બીબાંનો બહોળો ઉપયોગ કર્યો. ઈ. ૧૪૦૩માં તો કોરિયાના રાજા તઆઈ ત્સુંગે વધુ સંખ્યામાં ગ્રંથો છાપી શકાય એ માટે કાંસાનાં બીબાં ઢાળવાનું ફરમાન પણ કાઢેલું ને પશ્ચિમમાં ઈ. ૧૪૪૫માં ગટનબર્ગે શોધેલાં છૂટાં બીબાં વડે છાપકામની શરૂઆત થઈ તે દરમિયાન કોરિયાના રાજાએ સ્થાપેલી ફાઉન્ડ્રીમાં ત્રણ ફૉન્ટ તો બની ચૂક્યા હતા.

ઈ. ૮૬૮માં વાંગ ચેહે છાપેલું આ બૌદ્ધ 'હીરક સૂત્ર' ઈ.સ. ૧૯૦૭માં મળી આવ્યું એ પહેલાં લગભગ ૯૦૦ વર્ષ સુધી તે તુન હ્‌આંગની ગુફાઓમાં એક ગુપ્ત સ્થળે ચણતરની પાછળ છુપાવેલું પડ્યું હતું. એ સૂત્રની સાથે તો (અન્ય હસ્તલિખિત કૃતિઓ સુધ્ધાં) મોટા ઢગમાં પંદર હજાર જેટલા છાપેલા ગ્રંથો પણ હતા. આજે એ સમગ્ર સંગ્રહ તુન હ્‌આંગ ગ્રંથાલય રૂપે જળવાઈ રહ્યો છે. આ 'હીરક સૂત્ર' ૧ ફૂટ પહોળા અને ૧૬ ફૂટ લાંબા ટીપણાના રૂપમાં છે. છ લાંબા ને એક નાના મળી કાગળના કુલ સાત ટુકડા જોડીને બનાવેલા આ સૂત્રમાં લખાણની સાથે એક ચિત્ર પણ છાપેલું છે. લાંબા અનુભવ અને મુદ્રણક્ષેત્રના વિકાસ વિના આ શક્ય નથી જ.

(યુનેસ્કો કુરીઅર)

આ માસ (જૂન) ઇતિહાસમાં

હાલની વર્ષ-ગણનામાં છઠ્ઠો અને ૩૦ દિવસનો આ જૂન મહિનો, જુલિયસ સીઝરે રોમન કૅલેન્ડરમાં ફેરફાર કર્યો તે પહેલાં ૨૯ દિવસનો હતો. સીઝરે તેમાં એક દિવસ ઉમેર્યો. સમસ્ત સ્ત્રીજાતિની અધિષ્ઠાત્રી રોમન દેવી જૂનોના નામ પરથી તેનું નામ પડ્યું છે.



૨ (૧૯૫૩) ઇંગ્લૅન્ડનાં રાણી ઇલિઝાબેથ બીજાંનો રાજ્યાભિષેક. અન્ય બધી રીતે જેનું બંધારણ પ્રજાસત્તાક રાજ્યના જેવું છે એ ઇંગ્લૅન્ડમાં હજી યે રાજાશાહી ટકી રહી છે, એટલું જ નહિ, પણ ત્યાંની પ્રજા પોતાનો વહીવટ જાતે ચલાવતી હોવા છતાં તેના અધ્યક્ષસ્થાને રાજવીને રાખીને એના પ્રત્યે જે અનન્ય પ્રેમ અને ભક્તિ દાખવી તેનો સમાદર કરે છે એ વિરોધાભાસી લાગે. પણ એ પ્રજાએ પોતાના હકની વિરુદ્ધ રાજસત્તાને કદી બહેકવા દીધી નથી. રાજા જ્હૉન પાસેથી લખાવી લીધેલો મૅગ્નાચાર્ટા (એ ખરીતા પર પણ ઈ. ૧૨૧૫માં આ જૂન માસની જ ૧૫મી તારીખે સહી થઈ હતી.), ચાર્લ્સ પહેલાનો શિરચ્છેદ, રાજા જેમ્સનો અને આઠમા એડવર્ડનો ગાદીત્યાગ વગેરે એનાં દૃષ્ટાંતો છે. બીજી બાજુ, પ્રજાને માટે જ જીવતા ને તરતા તથા પ્રભુ અને માનવીની વચ્ચેના પ્રતિનિધિ બની રહેવાના પ્રાચીન આદર્શને ફલીભૂત કરવા તત્પર એવા રાજવી પર અંગ્રેજ પ્રજા ન્યોચ્છાવર થતી રહી છે. આ જ માસના અન્ય જોગાનુજોગ છે: ઇ. ૧૮૩૦માં રાણી વિક્ટોરિયા પણ આ જ માસમાં ગાદીએ આવેલાં અને જેને કારણે આજનાં રાણીના પિતા જ્યૉર્જ છઠ્ઠાને ગાદી મળી ને તેનો ઉત્તરાધિકાર આ રાણીને મળ્યો તે આઠમા એડવર્ડ (ડ્યૂક ઑવ વિંડસર)ના ગાદીત્યાગના કારણરૂપ મિસિસ વૉલેસ સિમ્પસન સાથેનું એમનું લગ્ન પણ ઇ. ૧૯૩૭માં આ જ માસમાં થએલું.

૩ (૧૯૧૬) સ્ત્રીઓની પ્રથમ વિદ્યાપીઠના બીજરૂપ કર્વે મહિલા વિદ્યાપીઠની સ્થાપના. ૧૯૧૭માં આફ્રિકાવાસી વિઠ્ઠલ રાધોબાએ રૂા ૪૦,૦૦૦-નું ટ્રસ્ટ ફંડ આ સંસ્થાને આપ્યું. ૧૯૨૦માં જૂન માસમાં સર વિઠ્ઠલદાસ ઠાકરસીની ૧૫ લાખ રૂપિયાની સખાવત મળતાં એના પાયા દૃઢ થયા અને આજે તો એ વટવૃક્ષોની વડવાઈ ઓ દેશ ભરમાં ફેલાઈ ચૂકી છે.

૪ (૫૯૦) હૂણોના આક્રમણોને પાછા વાળનાર અને ભારતના સર્વોચ્ચ સાંસ્કૃતિક વિકાસના સુવર્ણયુગ 'ગુપ્તકાળ'ના સમ્રાટ હર્ષવર્ધનનો જન્મ.


૮ (૧૮૪૯) પશ્ચિમના દેશો સાથે ભારતને જોડતી અને કેવળ હિન્દી વિમાનીઓ વડે ચાલતી પહેલી ભારતીય આંતરરાષ્ટ્રીય વિમાન-સર્વિસનો આરંભ થયો. ઉત્તરોત્તર વિકાસ સાધી આજે તો દુનિયાની એક સારામાં સારી એરલાઇન્સ તરીકે તેની પ્રતિષ્ઠા બંધાઈ છે અને છેલ્લામાં છેલ્લી જાતનાં જમ્બો જેટ વિમાનોથી એ સુસજ્જ બની રહી છે.

૧૨ (૧૭૮૧) અમેરિકાએ પોતાનું સ્વતંત્ર રાજ્યબંધારણ ઘડ્યું.

૧૮ (૧૮૧૫) નેપોલિયનનો સિતારો અસ્ત કરનાર વૉટર્લૂનું ઇતિહાસ પ્રસિદ્ધ યુદ્ધ. બે વર્ષ વછી આ જ તારીખે એ યાદમાં લંડનમાં ટેઈમ્સ નદી પર 'વૉટરૂલ્ બ્રિજ' નામે એક વિશાળ પુલ ખુલ્લો મુકાયો.

૨૦ (૧૭૧૨) રાજા દાહિરનો વધ. અને ભારતમાં મુસ્લિમ સત્તાસ્થાપનાનો આરંભ. સિંધ પર બ્રાહ્મણ કુળના આ રાજાનો અમલ ચાલતો હતો. ત્યારે ત્યાંના ધીકતા બંદર દેવળ (મીરપુર સાકરા) પાસેના બેટો પર દરિયાઈ ચાંચિયાઓનો ઉપદ્રવ વધી પડેલો. એમાં દેવળ બંદરેથી પસાર થતા આરબોને લૂટીને કેદ કરેલા. બગદાદના ખલીફાએ દાહિર પાસે એ મુસ્લિમોની માગણી કરી. પણ ચાંચિયાઓ પર પોતાનું વર્ચસ્વ ન હોવાથી તે અંગે અશક્તિ દર્શાવતા ખલીફે મીરકાસિમ નામના સરદારને મોટા સૈન્ય સાથે મોકલ્યો. મીર કાસિમે આરબોને તો છોડાવ્યા, પણ પછી દાહિર પર પણ આક્રમણ કર્યું. અમુક દેશદ્રોહીઓને કારણે દાહિર હાર્યો ને પકડાઈ ગયો. મીર કાસિમે તેનો વધ કરાવ્યો. હિંદ પર એ પહેલું મુસ્લિમ આક્રમણ હતું અને ત્યારથી અહીં મુસ્લિમ સત્તાસ્થાપનાનો આરંભ થયો.

૨૫ (૧૯૩૯) 'બાળકોની મૂછાળી મા' તરીકે લાડમાં ઓળખાએલા ગુજરાતમાં મૉન્ટેસોરી પદ્ધતિની બાળકેળવણીનાં બીજ રોપી તેનો પૂર્ણ વિકાસ સાધનાર ગિજુભાઈ ભગવાનજી બધેકાનું અવસાન. કાઠિયાવાડમાં વળા (આજના વલભીપુર) માં ઈ. ૧૮૮૫ની ૧૫મી નવેમ્બરે



એમનો જન્મ. વઢવાણ કૅમ્પ(સુરેન્દ્રનગર)માં વકાલત કરતાં કરતાં મૉન્ટેસોરી પદ્ધતિ અંગે વાંચતાં ને પોતાના પુત્ર માટે તેના અખતરા કરતાં એમને બાળકેળવણીનો એવો નાદ લાગ્યો કે વકાલત છોડી તેઓ ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના આજીવન સભ્ય બન્યા અને ૧૯૨૦માં ત્યાં બાલમંદિર સ્થાપ્યું. ઉત્તરોત્તર તેનો વિકાસ સાધી ૧૯૨૩માં ત્યાં આ પદ્ધતિના શિક્ષકો તૈયાર કરવા 'બાલ અધ્યાપન મંદિર' પણ સ્થાપ્યું. ૧૯૩૦માં એમણે પ્રૌઢ શિક્ષણ માટે 'અક્ષરજ્ઞાન યોજના' પ્રકટ કરી અને એ જ વર્ષે સત્યાગ્રહની લડતમાં ઝંપલાવીને સૂરતમાં તેમણે 'વાનર' અને 'માંજાર' સેનાઓ પણ ઊભી કરી. ૧૯૨૮માં અમદાવાદમાં બીજા મૉન્ટેસોરી સંમેલનમાં તેઓ અધ્યક્ષ હતા. અને ૧૯૨૯માં બાલસાહિત્યની એમની સેવાઓ માટે એમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અપાયો હતો. ૧૯૩૭માં દક્ષિણામૂર્તિ ભવનમાંથી નિવૃત્ત થયા ત્યારે સમસ્ત ગુજરાતે એમને ૧૧૦૦૦ રૂપિયા ભેટ આપ્યા તે તેમણે બાળકોના અભ્યુદય માટે આપી દીધેલા. ૧૯૩૯માં પક્ષાઘાતને કારણે મુંબાઈમાં એમનું અવસાન થયું. એમણે અક્ષરજ્ઞાન યોજનાનાં ૫, શિક્ષણશાસ્ત્રનાં ૩૦ અને બાળ તથા કિશોરસાહિત્યનાં ૧૪૦ પુસ્તકો લખ્યાં છે. લોકજીભે રમતા જૂના બાલસાહિત્યનું પણ એમણે ઘણું સંશોધન-સંસ્થાપન કરેલું.


૨૮ (૧૮૭૯) હિંદમાં એક પૈસાવાળાં પોસ્ટકાર્ડ શરૂ થયાં.

મળ્યું છે તો માણો, જીવન કચવાટે શીદ વહો?
જીવો આયુ એવું ક્ષણ મહીં ભરો કોટિક યુગો.

યહૂદીઓના પોતાના રાજ્ય ઈઝરાયેલનું સ્વપ્ન સાકાર કરનાર ડૉ. વાઈઝમાનનું અવસાન થતાં તેમના ખાલી પડેલા અધ્યક્ષપદે મહાન(યહૂદી)વિજ્ઞાની આઈન્સ્ટાઈનને નીમવાનું ઠરાવી એ સરકારે તેમને તે સ્વીકારવા વિનતિ કરી. ઉત્તરમાં આઈનસ્ટાઈને લખ્યું: 'મને મારા વિજ્ઞાનમાં જ રસ છે; કોઈ સ્થાન માટે મને ઇચ્છા કે ઉત્સુકતા નથી. વળી એ સ્થાન સંભાળવા જેટલો હું કુશળ પણ નથી; હું એક અદના વિજ્ઞાની તરીકે જ જીવીશ ને મરીશ.'

ગણિત-ગમ્મત : કોઈ પણ પૂર્ણાંક સંખ્યાનો વર્ગ કરવો હોય તો તેની આજુબાજુની નજીકની સંખ્યાઓનો ગુણાકાર કરીને તેમાં ૧ ઉમેરવો, એટલે તે સંખ્યાનો વર્ગ આવી રહેશે. દાખલા તરીકે '૫'નો વર્ગ કરવો હોય તો ૫ની આજુબાજુની નજીકની સંખ્યા '૪' ને ૬. તેમનો ગુણાકાર ૪×૬=૨૪; તેમાં ૧ ઉમેરતાં ૨૫—એટલે કે ૨૫=૫². તે જ રીતે ૧૨નો વર્ગ કરવો હોય તો ૧૧×૧૩=૧૪૩+૧=૧૪૪ ૧=૧૨². તે જ રીતે ૧૯નો વર્ગ: ૧૮ ×૨૦= ૩૬૦+૧=૩૬૧=૧૯² —મ. ના. ખત્રી

અનેકાર્થી શબ્દ: ફરફર= ઝીણો આછો વરસાદ; પાણીની તેવી છાંટ; આમતેમ ફરવું તે; લાકડાં ચોડવાનો મસાલો; ચોખાના લોટ કે સાબુચોખાની હલકી પોચી વાનગી.



નવી દિલ્હીમાં સ્વ૦ પં. નેહરુના સમાધિસ્થાન 'શાંતિવનમાં'એમની ૮મી સંવત્સરીએ શ્રીમતી ઇંદિરા ગાંધીના હસ્તે, હજાર વર્ષે યે આંચ ન આવે એવાં આવરણોવાળી એક 'ટાઇમ કૅપ્સ્યુલ' જમીનમાં ઊંડે ઉતારવામાં આવી છે. પંડિતજીના જીવનના મુખ્ય મુખ્ય પ્રસંગોને આવરી લેતી ફિલ્મ, એમના મહત્ત્વના ઉદ્‌ગારો તથા એમના અવસાન પછીના મહત્ત્વના બનાવોની નોંધ વગેરે સાથે અન્ય મહત્ત્વપૂર્ણ દસ્તાવેજી સામગ્રી એમાં મૂકવામાં આવી છે. ગાંધી જન્મશતાબ્દી વખતે આવું કોઈ આયોજન થયું હોય તો તેની જાણ નથી.

સમાજદર્શી કાવ્ય-કથન

પૂરું લઈને ઓછું આપે એ જાતનો ફડિયો,
સોનું ચોરી લાખ ઝાપટે એ જાતનો જડિયો;
લૂગડું ચોરી પૈસા માગે, એ જાતનો દરજી,
(એ) ચોરને ઘેર ક્યારે જઈએ
(કે) પૂરા હોઈએ ગરજી.




સીરિયાનું પાટનગર દમાસ્કસ(એશ્શામ) દુનિયાનું જૂનમાં જૂનું શહેર છે. લગભગ ૪૦૦૦ વર્ષથી એ વસેલું છે અને આજે યે વેપારઉદ્યોગક્ષેત્રે એ પોતાનું સ્થાન ટકાવી રહ્યું છે.

'યુનેસ્કો'ની એક મોજણી અનુસાર દુનિયાભરમાં સ્વીડનના લોકોમાં વધુમાં વધુ અખબાર વંચાતાં હોવાનો આંક છે; જ્યારે એશિયામાં વધુમાં વધુ જાપાનમાં. ત્યાં દર હજાર માણસે વર્તમાનપત્રની ૫૦૩ નકલો પ્રકટ થાય છે.

રાત્રે દીવાના પ્રકાશમાં સીવવાના સંચાની સોય પરોવવી ન ફાવતી હોય તો સોયની નીચે નાનકડો અરીસો રાખજો; અરીસા વડે પરાવર્તન પામેલો પ્રકાશ બરોબર સોય ઉપર પડશે, અને તરત પરોવાઈ જશે.

સાઈકલના પૈડાની લોખંડી કિનારો પર ચોમાસામાં ચડેલો કાટ સાફ કરવા માટે એકના ડટ્ટા પર એમરી પેપર કે કાચકાગળ વીંટાળીને એક હાથી રાખી પૈડું ફેરવતા જજો. સરળતાથી સાફ થઈ જશે.



ઉપરનાં ત્રણ નાનાં વર્તુલો ઉપર દોરેલાં ત્રણે તીર નિશાન એકબીજાથી સરખે જ અંતરે છે; પણ વર્તુલોથી થતા દૃષ્ટિભ્રમને લીધે બીજા-ત્રીજા નિશાન વચ્ચેનું અંતર મોટું લાગે છે.

વિચારોનો મેળો

લોકમિલાપ ટ્રસ્ટ તરફથી 'મિલાપ' માસિક પ્રગટ થાય છે. અનેક સામયિકોમાં પથરાયેલાં પાર વગરનાં લખાણોમાંથી ઉત્તમ વાચન વીણીને ગુજરાત પાસે દર મહિને મૂકતા રહેવાનું કામ 'મિલાપ' ૧૯૫૦થી કરતું આવ્યું છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનાં (દેશનાં તથા પરદેશનાં) સામયિકો–અખબારો તથા નવાં નવાં પુસ્તકોમાંથી તારવેલી ને ટૂંકાવેલી કે અનુવાદિત સામગ્રી પોતાના વિચારવંત ને વ્યવસાયી વાચકો માટે સુલભ કરી આપતું 'મિલાપ' એ, અમેરિકન 'રીડર્સ ડાઇજેસ્ટ'ની ઢબનું, ગુજરાતનું અજોડ માસિક છે. ગુજરાતના કેટલાક સન્માનિત અગ્રણીઓના 'મિલાપ' વિશેના અભિપ્રાયો નીચે રજૂ થયા છે:

આજનો જમાનો જ એવો છે કે સાહિત્યની નિર્મિતિ વધી છે, નવા નવા રસો જાગ્યા છે; જ્યારે વાચકોને પહેલાં જેટલો વખત મળતો નથી. આવા વાચકવર્ગની મહેનત બચાવી 'મિલાપ' એમને પૌષ્ટિક ખોરાક પૂરો પાડે છે, એ નાનીસૂની સેવા નથી.

—કાકા કાલેલકર

*

'મિલાપ' સાંભળું છું ત્યારે મન ઉપર છાપ એવી પડે છે કે જાણે વિચારોના એક મેળામાં વિચરતા હોઈએ.

—પંડિત સુખલાલજી

*

ઉત્તમ સામગ્રી વીણી લાવી આપતા રહેવાની તેની મહેનત માટે 'મિલાપ'ને ખરેખર ધન્યવાદ ઘટે છે.

—જુગતરામ દવે

*

સુરુચિને પોષક અને દેશ તથા દુનિયામાં વહી રહેલા પ્રવાહો સાથે પરિચિત રાખે એવી વાચનસામગ્રી 'મિલાપ'માં રજૂ થાય છે. દરેક શિક્ષણસંસ્થાએ આ માસિક મંગાવવા જેવું છે, કારણ કે ભણેલા દરેક ગુજરાતીએ એ વાંચવા જેવું છે.

—બબલભાઈ મહેતા

*

'મિલાપ' શહેર તેમ જ નાના ગામડાના દરેક વાચનાલયમાં હોવું જોઈએ.

—વિનોદિની નીલકંઠ

*

નવી ઊઘડેલી વાચનભૂખને પોષવાના વ્યર્થ ઉધામાનાં ઢગલાબંધ પરિણામો આપણી રુચિને સંતાપતાં રહ્યાં છે ત્યારે કાળજી અને વિવેકથી, સુરુચિ અને કલ્યાણભાવથી પથ્ય અને સ્વાદુ વાચન સુલભ કરી આપવાનો પુરુષાર્થ 'મિલાપ' કરી રહ્યું છે.

—યશવન્ત શુક્લ

*

'મિલાપ' ચારિત્ર્યઘડતરની દૃષ્ટિએ ઊછરતી પ્રજાને માટે, તેમ જ જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતા સમાજસેવકો માટે સુધ્ધાં, ઉત્તમ ભાથું બની શકે એમ છે.

—જ્યોત્સ્ના શુક્લ

*

'મિલાપ'માં લેખોની પસંદગી કેવળ સાહિત્યની દૃષ્ટિએ જ નહિ પણ વિશાળ જીવનમાં ઉપયોગિતાની દૃષ્ટિએ થતી હોઈ ખૂબ વૈવિધ્યભરી હોય છે. સમગ્રરૂપે જોતાં, માસિકરૂપે ઘેર ઘેર પહોંચતી એ એક લોકશાળા જ છે.

—નગીનદાસ પારેખ

*

'મિલાપ'નું વાચન સામાન્યજનથી માંડીને વિદ્વાનો સુધી સૌને માટે રુચિકર ને ગુણકારી જ છે. તેથી સંસ્કારી કુટુંબો ઉપરાંત, ખાસ કરીને જ્યાં જ્યાં સમૂહજીવન ચાલે છે એવાં શાળા–છાત્રાલયો -સંસ્થાઓ અને પુસ્તકાલયોમાં 'મિલાપ'નું કાયમી સ્થાન અનેક રીતે લાભદાયી જ નીવડવાનું છે.

—વજુભાઈ શાહ

*

લોકોના ઘડતરની દૃષ્ટિ નજર સમક્ષ રાખીને, ખૂબ કાળજી અને જતનપૂર્વક શ્રેષ્ઠ વાચનસામગ્રી પસંદ કરી લોકો પાસે રજૂ કરીને 'મિલાપ' ભારે ઉપયોગી સેવા કરી રહેલું છે. એકેએક ગુજરાતી કુટુંબ, 'મિલાપ' માસિકનું ગ્રાહક બનીને, એનો પૂરો લાભ ઉઠાવશે એવી આશા છે.

—રતુભાઈ અદાણી

*

'મિલાપ' ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સાહિત્યિક અને સાંસ્કૃતિક સરવાણીઓની સુધાની 'લહાણ' કરી રહ્યું છે.

—ઝીણાભાઈ દેસાઈ

*

મધમાખી જેમ જુદી જુદી જાતનાં ફૂલોમાંથી રસ ખેંચીને મધપૂડો ભરે છે, તેવું કાર્ય 'મિલાપ' કરી રહ્યું છે. એ ઘણું તંદુરસ્ત અને ઉપયોગી ભાથું પીરસે છે.

—કલ્યાણજી વિ. મહેતા

મિલાપ

તંત્રી: મહેન્દ્ર મેઘાણી

વરસનું લવાજમ રૂ. ૧૫ [ભારતની બહાર રૂ. ૨૫]

નમૂનાની નકલ વિનામૂલ્યે

લોકમિલાપ ટ્રસ્ટ, પોસ્ટ બોક્સ ૨૩ (૧૫૬૫ સરદારનગર), ભાવનગર–૧